દૈનિક
મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 243 ■ વિક્રમ સંવત ૨૦૮૧
આશ્વિન વદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 October 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મંગળવાર, ૧૪ ઑક્ટોબર ૨૦૨૫, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સોનાચાંદીના ભાવ નવા શિખરે

ટ્રમ્પની ચીન પરની ટૅરિફની ધમકીને પગલે સ્થાનિકમાં ચાંદી ૧૦,૮૨૫ રૂપિયા ઊછળીને પોણા બે લાખની પાર, શુદ્ધ સોનાએ ૨૬૩૦ની તેજી સાથે ૧.૨૪ લાખની સપાટી કુદાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત શુક્રવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચીનથી થતી આયાત સામે અતિરિક્ત ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની ધમકી ઉચ્ચારતા ટ્રેડ વૉર વકરે તેવી ભીતિ સપાટી પર આવતા લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં સલામતી માટેની માગ ખૂલતાં ભાવ વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા.

વધુમાં અમેરિકી ગવર્મેન્ટ શટડાઉનને કારણે આર્થિક ડેટાઓની ગેરહાજરીમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધુ કાપ મૂકે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા તેજીને ઈંધણ મળ્યું હતું.

વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં ખાસ કરીને ચાંદીમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ ૧૦,૮૨૫ રૂપિયાના ઉછાળા સાથે ૧,૭૫,૩૨૫ રૂપિયાના મથાળે પહોંચ્યા હતા.

જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી જોવા મળી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક હતી.

વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ તેજીનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ ૨૬૨૦ રૂપિયા વધીને ૧,૨૩,૬૫૮ રૂપિયા અને શુદ્ધ અથવા તો ૯૯૯ ટચ સોનાના ભાવ ૨૬૩૦ રૂપિયાની તેજી સાથે ૧,૨૪,૧૫૫ રૂપિયાના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ માત્ર રોકાણલક્ષી માગ જોવા મળી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો, સ્થાનિક ડીલરો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ટ્રેડ વૉરની ચિંતા અને રેટ કટના આશાવાદ વચ્ચે આજે લંડન ખાતે બન્ને કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગને ટેકે ભાવ વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા. પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૪૦૭૯.૭૦ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ આગલા બંધ સામે ૧.૪ ટકા વધીને ૪૦૭૫.૨૪ ડૉલર આસપાસ અને ડિસેમ્બર વાયદામાં ભાવ ૨.૪ ટકા ઉછળીને ૪૦૯૪.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તે જ પ્રમાણે હાજરમાં ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૧.૭૦ ડૉલર સુધી પહોંચ્યા બાદ આગલા બંધ સામે ૧.૫૦ ટકા વધીને ઔંસદીઠ ૫૧.૦૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ચીને મહત્ત્વના ખનીજોની નિકાસ પર નિયંત્રણો લાદવાના નિર્ણય સામે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગત શુક્રવારે પહેલી નવેમ્બરથી ચીનથી થતી આયાત સામે ૧૦૦ ટકા વધારાની ટૅરિફ લાદવાની ધમકી ઉચ્ચારી હતી. જોકે, ગઈકાલે રવિવારે ટ્રમ્પે તેનાં સોશ્યલ મીડિયાના પ્લેટફોર્મ પર કહ્યું હતું કે ચીન બાબતે ચિંતા ન

(જુઓ પાનું ૨) ▸▸

ટ્રમ્પના ભારોભાર વખાણ કર્યા મોદીએ

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ઈઝરાયલના બાનની મુક્તિને આવકારી હતી અને કહ્યું હતું કે ભારત ટ્રમ્પના શાંતિ લાવવાના પ્રમાણિક પ્રયાસોને ટેકો આપે છે. બે વર્ષ કેદમાં રહેલા બધા બંધકોને છોડી મુકાયા એ ઘટનાને અમે આવકારીએ છીએ. તેમની આઝાદી તેમના કુટુંબોની બહાદુરી, પ્રમુખ ટ્રમ્પના શાંતિના અવિરત પ્રયાસ અને વડા પ્રધાન નેતન્યાહુના દૃઢ સંકલ્પને અંજલિ આપે છે. (એજન્સી) ■

શાંતિ હવે આશા નહીં, વાસ્તવિકતાઃ ટ્રમ્પ

ઈઝરાયલની સંસદને સંબોધતા અમેરિકી પ્રમુખે નેતન્યાહુને કહ્યું કે ઈઝરાયલ માટે સુવર્ણ યુગ શરૂ થશે

વાતો શાંતિનીઃ ઈઝરાયલની સંસદમાં સોમવારે ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ (એજન્સી)

તેલ અવીવ (ઈઝરાયલ): અમેરિકાએ મધ્યસ્થી કરીને હમાસ અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ કરાવ્યો ત્યાર બાદ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુને વધુ માયાળુ અને મિલનસાર બનવાની સલાહ આપી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે આ શાંતિ અને પુનર્વસવાટનો સમય છે.

ઈઝરાયલની સંસદ નેસેટમાં બોલતા ટ્રમ્પે કહ્યું હતું કે બીબી, તમે હવે યુદ્ધમાં નથી. હવે તમે વધુ માયાળુ બની શકો છો. ટ્રમ્પે નેતન્યાહુના હુલામણા નામ બીબીનો ઉપયોગ કર્યો હતો.

તેમણે ઈઝરાયલના નેતા અને અમેરિકાની શાંતિ કરાર કરવા માટે સરાહના કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸



દિવાળીની તૈયારી રૂપે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં દિવો બનાવી રહેલો કુંભાર. (એજન્સી)

ઈઝરાયલે ૧,૯૦૦ કેદીઓને, હમાસે તમામ બંધકોને છોડ્યા

દેર અલ-બરાહ (ગાઝા પટ્ટી) : હમાસે બે વર્ષથી ચાલતા યુદ્ધને રોકતા યુદ્ધવિરામના ભાગરૂપે સોમવારે ૨૦ જીવતા બાનને મુક્ત કર્યા હતા. યુદ્ધમાં હજારો પેલેસ્ટાઈનવાસીઓના મરણ થયા હતા. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાએ કરાવેલા યુદ્ધવિરામ અને ઈઝરાયલ અને હમાસની બાનની ડીલની ઉજવણી કરવા સોમવારે ઈઝરાયલ પહોંચી ગયા હતા. ટ્રમ્પે કહ્યું હતું કે શાંતિ કરારને લીધે યુદ્ધ અસરકારક રીતે અટકી ગયું છે અને મધ્ય અખાતમાં કાયમી શાંતિનો દરવાજો ખુલ્યો છે. ડીલ હેઠળ ઈઝરાયલે પેલેસ્ટાઈનના (જુઓ પાનું ૨) ▸▸

યુપીમાં લૂંટારુ લલનાઓનો આતંકઃ કરવા ચોથની લાખોની ગિફ્ટ લઈ ડઝન દુલ્હન છૂ

અલીગઢઃ કરવાચોથનું વ્રત ૧૦મી ઑક્ટોબરે દેશની લાખો દુલ્હને રાખ્યું. પતિની સુખ-સમૃદ્ધિ માટે પત્નીઓ ઉપવાસ કરે છે અને રાત્રે ચાંદ જોયા બાદ પતિના હાથે પાણી પીવે છે અને પછી વ્રત ખોલે છે. આ દિવસે પતિ પત્નીને ગિફ્ટ પણ આપે છે.

જોકે ઉત્તર પ્રદેશના અલીગઢમાં પતિઓને આ ગિફ્ટ ભારે પડી ગઈ છે. અહીં એક બે નહીં પણ એક સાથે ૧૨ દુલ્હન ભાગી ગયાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે. આ તમામ દુલ્હનો મૂળ બિહારની છે અને તેમને મળેલા પૈસા કે ઘરેણા લઈ તેઓ ભાગી છૂટી હોવાની ઘટનાએ સમગ્ર રાજ્યમાં સનસનાટી ફેલાવી છે.

નવાઈની વાત તો એ છે કે આ ઘટના બની તે પહેલા જ એક સાથે ૧૨ લગ્ન થયા હતા અને તમામ છોકરી બિહારની હતી. આ લગ્ન માટે મુકેશ ગુપ્તા નામના એક એજન્ટે બે પક્ષને મેળવ્યા હતા.

દરેક લગ્ન માટે એકથી દોઢ લાખ રૂપિયા જેટલી રકમ કમિશનપેટે પણ ચૂકવાઈ હતી. યુવતીઓને બિહારથી અલીગઢ લાવવામાં આવી અને ત્યારબાદ તેમના લગ્ન નક્કી થયા.

મોટાભાગના યુવકો અલીગઢ શહેરના સાસની ગેટ વિસ્તાર અથવા કૈલાશ નગરમાં રહેતા હતા. મોટાભાગના યુવકો ૨૫-૩૫ વર્ષના હોવાનું જાણવા મળ્યું છે. અહીંના મેયર શકુંતલા ભારતીએ આ સમગ્ર પ્રકરણને એક રેકેટ કહ્યું છે. જોકે આ પહેલી ઘટના નથી. અગાઉ મથુરા, આગ્રામાં પણ આવા કેસ નોંધાઈ ચૂક્યા છે.

મોટાભાગના લગ્ન તો નવમી ઑક્ટોબરે જ થયા હતા. અમુક કોર્ટમાં તો અમુક મંદિરમાં વિધિ સાથે લગ્ન થયા હતા.

દસમીએ કરવાચોથનું વ્રત હતું. દુલ્હનોને સાસરાપક્ષે ઘરેણા વગેરે આપ્યું હતું. કરવાચોથનું વ્રત સજીધજીએ તમામ નવવધૂઓએ રાખ્યું. રાત્રે ચાંદ દેખાતા વ્રત તોડ્યું. પતિનાં હાથે પાણી પણ પીધું. જોકે દુલ્હનોએ પહેલેથી નક્કી થયું તે પ્રમાણે ખાવાપીવામાં નશીલી દવાઓ ભેળવી દીધી અને રાત પડતા જ જે કંઈ રોકડરકમ અને ઘરેણા મળ્યા હતા, તે લઈ ગાયબ થઈ ગઈ. પરિવારોને જ્યારે હોશ આવ્યો ત્યારે દુલ્હનો દેખાઈ નહીં.

આખા ગામની વાત કરીએ તો લગભગ ૩૦ લાખ જેટલો માલ લઈને આ લૂટેરી દુલ્હનો ભાગી છે. અત્યાર સુધીમાં ચાર એફઆઈઆર થયા છે. દલાલ મુકેશ ગુપ્તાને પોલીસ ટ્રેસ કરી રહી છે. સીસીટીવી ફૂટેજની મદદ લેવાઈ રહી છે અને પોલીસે એક ટીમ બિહાર પણ રવાના કરી છે.

અલીગઢ એકલામાં આ પ્રકારના ૨૦ જેટલા મામલા તો પોલીસ ચોપડે એક જ વર્ષમાં નોંધાયા છે.

આ ઘટના દેશમાં યુવતીઓની ઓછી સંખ્યા અને લગ્ન માટે કરવા પડતા પ્રયત્નોને પણ ઉજાગર કરે છે.

આ સાથે પોલીસે યુવકના પરિવારોને એજન્ટની વાતોમાં ન આવી છોકરી કે છોકરા વિશે યોગ્ય તપાસ કરી પછીથી જ સંબંધ બાંધવા અપીલ કરી છે.

આઈઆરસીટીસી કૌભાંડ

ચૂંટણી પહેલા લાલુને ઝટકોઃ કૉર્ટે તેમની, રાબડી, તેજસ્વી સામે આરોપો ઘડાયા

નવી દિલ્હીઃ બિહારમાં વિધાનસભા ચૂંટણીને આડે એક મહિના કરતાં પણ ઓછો સમય રહ્યો છે ત્યારે દિલ્હીની એક કોર્ટે સોમવારે કથિત આઇઆરસીટીસી કૌભાંડ કેસમાં આરજેડી વડા લાલુ પ્રસાદ યાદવ, બિહારના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન રાબડી દેવી અને તેમના પુત્ર અને વિપક્ષી નેતા તેજસ્વી યાદવ વિરુદ્ધ આરોપો ઘડ્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે બિહારમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી ૬ અને ૧૧ નવેમ્બરના રોજ યોજાવાની છે. લાલુ પ્રસાદ યાદવના નેતૃત્વ હેઠળનું રાષ્ટ્રીય જનતા દળ(આરજેડી) રાજ્યના મુખ્ય (જુઓ પાનું ૨) ▸▸

યુદ્ધ રોકો નહીં તો યુક્રેનને લાંબા અંતરના મિસાઈલ આપીશઃ ટ્રમ્પે રશિયાને ધમકાવ્યું

એર ફોર્સ વન વિમાનમાંથીઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે રવિવારે રશિયાને ચેતવણી આપી હતી કે જો મોસ્કો યુક્રેન સાથેનું યુદ્ધ તત્કાળ નહીં અટકાવે તો હું યુક્રેનને ટોમહોક મિસાઈલ આપીશ. ટ્રમ્પે આમ કહીને સૂચવ્યું હતું કે તેઓ ચાવીરૂપ વેપન્સ સિસ્ટમનો ઉપયોગ કરીને વ્લાદિમીર પુતિનની સરકાર પર દબાણ લાવવા માગે છે.

ઈઝરાયલ રવાના થઈ રહેલા ટ્રમ્પે વિમાનમાં પત્રકારોને માહિતી આપી હતી કે હું કદાચ એમ કહીશ કે જો મોસ્કો યુક્રેન સાથેનું યુદ્ધ તત્કાળ નહીં અટકાવે તો હું યુક્રેનને ટોમહોક મિસાઈલ આપીશ. ટોમહોક ભવ્ય હથિયાર

(જુઓ પાનું ૨) ▸▸

મોંઘવારી ઘટી, દિવાળી સુધરી

સપ્ટેમ્બરમાં ફુગાવો ઘટીને ૧.૫૪ ટકા

નવી દિલ્હીઃ દેશના આર્થિક મોરચે સારા સમાચાર પ્રકાશમાં આવ્યા છે. જેમાં સરકારે જાહેર કરેલા આંકડાઓ મુજબ સપ્ટેમ્બર મહિનામાં છૂટક ફુગાવાના દરમાં મોટો ઘટાડો નોંધાયો છે. જેમાં ગ્રાહક ભાવ સૂચકાંક પર આધારિત છૂટક ફુગાવો ઓગસ્ટમાં ૨.૦૭ ટકા હતો જે સપ્ટેમ્બરમાં ઘટીને ૧.૫૪ ટકા થયો છે. આને લીધે મોંઘવારીમાં ઘટાડો થવાનો દાવો કરવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય (ગજ્જ)એ જણાવ્યું હતું કે આ નોંધપાત્ર ઘટાડો મુખ્યત્વે અનુકૂળ આધાર અસર અને ખાદ્ય પદાર્થોમાં ભાવમાં ઘટાડાને કારણે થયો હતો. જેમાં ખાદ્ય ચીજો

(જુઓ પાનું ૨) ▸▸

કોલકતામાં મેડિકલ વિદ્યાર્થિની પર બળાત્કારની ઘટનાનો પશ્ચિમ બંગાળના દુર્ગાપૂરમાં વિરોધ કરી રહેલા એબીવીપીના કાર્યકરો. (એજન્સી)

બંગાળ ગેંગ રેપ કેસમાં પાંચની ધરપકડ

અરેસ્ટ માત્ર દેખાડો હોવાનો વિપક્ષનો દાવો

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં ૨૩ વર્ષીય તબીબી વિદ્યાર્થીની પર થયેલા ગેંગ રેપ કેસમાં સોમવારે વધુ બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે આ કેસમાં ધરપકડ કરાયેલા લોકોની કુલ સંખ્યા પાંચ થઇ છે. આ જાણકારી પોલીસે આપી હતી.

આ ઘટનાથી ચૂંટણીલક્ષી રાજ્ય પશ્ચિમ બંગાળમાં રાજકીય વિવાદ વકર્યો છે. જ્યાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ ગુના સંબંધિત પુરાવા નાશ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. અધિકારીએ ધરપકડો માત્ર દેખાડો હોવાનો દાવો કર્યો હતો.

આસનસોલ-દુર્ગાપુર પોલીસ કમિશ્નરેટના ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ(ડીસીપી) અભિષેક ગુપ્તાએ જણાવ્યું કે વધુ બે ધરપકડ કરવામાં આવી છે. આ સાથે પીડિતાની ફરિયાદના આધારે તમામ પાંચેય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

નોંધનીય છે કે ઓડિશાના બાલાસોર જિલ્લાના જલેશ્વરની રહેવાસી દુર્ગાપુરની એક ખાનગી મેડિકલ કોલેજની બીજા વર્ષની વિદ્યાર્થીની પર શુક્રવારે રાત્રે જ્યારે તે કોલેજ કેમ્પસની બહાર એક પુરુષ મિત્ર સાથે ડિનર કરવા ગઇ હતી ત્યારે ગેંગ રેપ ગુજારવામાં આવ્યો હતો.

અગાઉ ધરપકડ કરાયેલા ત્રણ આરોપીઓને રવિવારે દુર્ગાપુર સબ-ડિવિઝનલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને તેમને ૧૦ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

ગુજરાતના વિદ્યાર્થીએ કેબીસીમાં બિગ બીની સાથે ગુસાખી કરી?

નવી દિલ્હીઃલોકપ્રિય ટીવી શો 'કૌન બનેગા કરોડપતિ'ની ૧૭મી સીઝન ચાલી રહી છે. જોકે, તાજેતરના એક એપિસોડમાં કંઈક એવું બન્યું કે 'બિગ બી'ના ચાહકોનો ગુસ્સો ભડકી ઉઠ્યો હતો. હકીકતમાં, શોમાં આવેલા ગુજરાતના એક બાળક, મયંકે હોસ્ટ અમિતાભ બચ્ચન સાથે જે રીતે વાત કરી, તેનાથી દર્શકોને આશ્ચર્ય થયું હતું. જોકે, બચ્ચન સાહેબના શાંત અને ધીરજવાળા વલણે તેમના ચાહકોને ફરી એકવાર તેમના વખાણ કરવા મજબૂર કર્યા હતા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ એક 'એકસ' યુઝરે તો બાળકને સંસ્કાર શીખવવાની વાત પણ કહી દીધી હતી.

છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતો મયંક હોટ સીટ પર આવતા જ ઘણો ઉત્સાહિત દેખાઈ રહ્યો હતો. જ્યારે અમિતાભ બચ્ચને તેને પૂછ્યું કે અહીં આવીને કેવું લાગી રહ્યું છે, ત્યારે મયંકે કહ્યું, હું ખૂબ ઉત્સાહિત છું સર, પણ સીધા પોઇન્ટ પર આવીએ. મને નિયમો ખબર છે, તમે સમજાવશો નહીં. આ સાંભળીને બચ્ચન સાહેબ માત્ર સ્મિત કરીને શોની શરૂઆત કરે છે.

શરૂઆતના કેટલાક સવાલોના જવાબ મયંક ઝડપથી આપે છે, પરંતુ પાંચમા સવાલ પર તેનો ઓવરકોન્ફિડન્સ તેને ભારે પડ્યો હતો. સવાલ હતોઃ 'વાલ્મીકિ રામાયણનો પહેલો કાંડ કયો છે?' મયંકે વિચાર્યા વિના 'અયોધ્યા કાંડ' લોક કરી દીધો, જે ખોટો જવાબ હતો. સાચો જવાબ 'બાળ કાંડ' હતો.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

ગાઝાના યુદ્ધવિરામથી પાકિસ્તાનીઓ કેમ ખુશ નથી?

અંતે ઈઝરાયલ અને કટ્ટરવાદી સંગઠન હમાસ વચ્ચે યુદ્ધવિરામ થઈ ગયો. આ યુદ્ધવિરામના ભાગરૂપે ઈઝરાયલે ગાઝા પટ્ટી પરના હુમલા બંધ કરીને બોમ્બમારો અટકાવી દીધો છે. સાથે સાથે ઇઝરાયલી જેલોમાં બંધ પેલેસ્ટિનિયન કેદીઓને પણ મુક્ત કરવામાં આવ્યા છે.

આ યુદ્ધવિરામના પગલે ઇઝરાયલ અને પેલેસ્ટાઈનમાં જશ્નનો માહોલ છે કેમ કે લગભગ બે વર્ષ પછી બંને દેશનાં લોકોએ કોઈ બોમ્બમારો કે હુમલો ના થયો હોય એવો દિવસ જોયો છે. હમાસે ઓક્ટોબર ૨૦૨૩માં ઈઝરાયલમાં ઘૂસીને ૧૫૦૦ની હત્યા કરી નાખી અને લગભગ ૨૫૦ ઈઝરાયલીઓને બંદી બનાવ્યા પછી ઈઝરાયલે વળતો પ્રહાર કરીને ગાઝા પટ્ટી પર આક્રમણ કરી નાખેલું. ઈઝરાયલે બે વર્ષ સુધી સતત બોમ્બમારો કરીને ગાઝા પટ્ટીને ખેદાનમેદાન કરી નાખ્યું છે.

પેલેસ્ટાઈનમાં ગાઝા પટ્ટી પર હમાસનો કબજો છે જ્યારે વેસ્ટ બેંકમાં પેલેસ્ટાઈન લિબરેશન ઓર્ગેનાઈઝેશન (પીએલઓ)ની સરકાર છે. યુદ્ધવિરામના કારણે બંને વિસ્તારોમાં જશ્ન છે કેમ કે ઈઝરાયલે ભલે હમાસને ખતમ કરવા ગાઝા પટ્ટીને ટાર્ગેટ કરેલું પણ લીલા ભેગું સૂકું બળે એમ વેસ્ટ બેંકને પણ અસર થઈ હતી. ઈઝરાયલ વેસ્ટ બેંકને પણ ધમરોળી નાખશે એ ડરે વેસ્ટ બેંકમાં પણ લોકો ભાગવા માંડેલા તેથી વેસ્ટ બેંકમાં પણ ફફડાટનો માહોલ તો જ. હવે ઈઝરાયલે યુદ્ધવિરામ સ્વીકારીને બોમ્બમારો બંધ કરી દીધો તેથી સૌને શાંતિ છે.

મોટા ભાગના ઈઝરાયલવાસીઓ પણ ખુશ છે કેમ કે છેલ્લાં બે વર્ષથી હમાસની કેદમાં સબડી રહેલા તેમનાં સ્વજનો મુક્ત થયાં છે. ઘણા ઈઝરાયલીઓનાં સ્વજનો હમાસની કેદમાં જ ગુજરી ગયા તેથી સ્વાભાવિક રીતે જ એ લોકોને યુદ્ધવિરામથી બહુ આનંદ ના થાય પણ મોટા ભાગના ઈઝરાયલીઓ ખુશ છે. યુદ્ધવિરામના કારણે હવે હમાસ કે તેના પીઠ્ઠુઓ હુમલા નહીં કરે તેથી ઈઝરાયલમાં પણ શાંતિ રહેશે.

આ યુદ્ધવિરામથી અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પણ ખુશ છે કેમ કે ટ્રમ્પે યુદ્ધવિરામ કરાવ્યો એવું ઈઝરાયલે સત્તાવાર સ્વીકારીને તેમનો આભાર માન્યો છે. ટ્રમ્પે ભારત-પાકિસ્તાનનું યુદ્ધ અટકાવ્યું ત્યાંથી માંડીને અસ્તિત્વમાં જ નહોતું એવું અલબાનિયા અને અઝરબૈઝાનનું યુદ્ધ પોતે અટકાવ્યું હોવા સુધીનું ગપ્પાંષ્ટક ચલાવેલું. પોતે દુનિયામાં ૮ યુદ્ધ અટકાવ્યાં હોવાનો દાવો કરીને ટ્રમ્પે શાંતિ માટેનું નોબલ પ્રાઈઝ પણ માગેલું. ટ્રમ્પ નોબલ પીસ પ્રાઈઝ માટે રીતસર ભીખ માગવા પર ઊતરી આવેલા પણ પ્રાઈઝ આપનારી નોર્વેની કમિટીને ગળે ટ્રમ્પનું ગપ્પું ના ઊતર્યું તેમાં ટ્રમ્પ લટકી ગયા.

ઈઝરાયલ-હમાસના કેસમાં ઈઝરાયલની સંસદે ટ્રમ્પને નોતરીને આભાર માન્યો છે. ટ્રમ્પને ઈઝરાયલની સંસદને સંબોધવાની તક આપી અને ટ્રમ્પને ૨૦૨૬માં નોબલ પીસ પ્રાઈઝ આપવાની ભલામણ પણ કરી. આ સંબોધનમાં ટ્રમ્પે ૮ મહિનામાં ૮ યુદ્ધ અટકાવ્યાં હોવાનો દાવો કરી નાખ્યો ને આડકતરી રીતે આવતા વરસના નોબલ પીસ પ્રાઈઝ માટે પણ દાવેદારી કરી નાખી. ટ્રમ્પને ૨૦૨૬માં નોબલ પીસ પ્રાઈઝ મળશે કે નહીં એ ખબર નથી પણ આ ઘટનાક્રમથી ટ્રમ્પ ખુશ છે કેમ કે નોબલ પીસ પ્રાઈઝ ના મળે તો પણ ગાઝા પટ્ટીમાં રિસોર્ટ બનાવવાનું ટ્રમ્પનું સપનું પૂરું કરવા આડેનો સૌથી મોટો અવરોધ દૂર થયો છે.

ટ્રમ્પ ગાઝા પટ્ટીનાં લોકોને ખસેડીને ત્યાં મસ્ત મજાન રિસોર્ટ બનાવવા માગે છે. દરિયાકિનારે આવેલા આ રિસોર્ટમાં દુનિયાભરનાં માલેતુજારોને નોતરીને ડૉલરના થોકડા છાપવાની ટ્રમ્પની યોજના છે પણ ઈઝરાયલ અને હમાસનું યુદ્ધ તેમાં મોટું વિઘ્ન હતું. ટ્રમ્પની યોજના ગાઝાવાસીઓને બીજે ઠેકાણે ખસેડીને આખો વિસ્તાર કબજે કરીને નવું જ બાંધકામ ઊભું કરવાની છે. યુદ્ધ ચાલુ રહે ને શાંતિ ના સ્થપાય ત્યાં સુધી કશું ના થઈ શકે તેથી ટ્રમ્પનું પ્રમુખપદે બેઠા ત્યારથી યુદ્ધવિરામ કરાવવા ઊંચાનીચા થતા હતા પણ હમાસ મચક નહોતું આપતું તેથી ટ્રમ્પની આખી સ્કીમ ખોરંભે ચડી ગયેલી. હવે ટ્રમ્પ આ સ્કીમને આગળ ધપાવી શકશે.

એકંદરે હમાસ અને ઈઝરાયલના યુદ્ધવિરામને કારણે લોકો ખુશ છે ને બધાં ઉજવણી કરી રહ્યા છે ત્યારે રસપ્રદ વાત એ છે કે, પાકિસ્તાનમાં હોળી સળગી છે. પાકિસ્તાનની સરકારે યુદ્ધ વિરામને ટેકો આપ્યો તેમાં પાકિસ્તાનના તહરીક-એ-લબ્બૈક પાકિસ્તાન ટીએલપી નામના રાજકીય પક્ષને વાંધો પડી ગયો. આ પક્ષે યુદ્ધ વિરામનો વિરોધ કરીને ઠેર ઠેર વિરોધ કર્યો ને દેખાવોને રોકવા માટે પોલીસે ધોકાવાળી કરી તેમાં ભારે બબાલ થઈ ગઈ છે. તહરીક-એ-લબ્બૈક પાકિસ્તાનનો તો દાવો છે કે, પોલીસ ફાયરિંગમાં તેમના ૨૫૦થી વધુ કાર્યકરો અને નેતાઓ માર્યા ગયા છે, જ્યારે અને ૧,૫૦૦થી વધુ ઘાયલ થયા છે.

તહરીક-એ-લબ્બૈક પાકિસ્તાનના નેતા સાદ હુસૈન રિઝવીને પણ પોલીસે ઉડાવી દીધા હોવાનું કહેવાય છે. સાદ ગાઝાના સમર્થનમાં અને ઇઝરાયલ વિરોધી અભિયાનના ભાગરૂપે લાહોરથી ઇસ્લામાબાદ લાંબી રેલી કાઢવાના હતા પણ પોલીસ રેલી નીકળે એ પહેલાં જ રિઝવીને ઉઠાવવા તેમના ઘરે પહોંચી ગઈ તેમાં પોલીસની ગોળી વાગી જતાં રિઝવી ઉપર પહોંચી ગયાનું કહેવાય છે.

રિઝવીની પાર્ટીએ સ્વીકાર્યું છે કે, રિઝવીને પણ ત્રણ ગોળીઓ વાગી હતી. તેમને નજીકના મેડિકલ સેન્ટરમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. સાદ કટ્ટરવાદી નેતા છે તેથી એ જીવે કે મરે આપણને કોઈ ફરક પડતો નથી પણ પાકિસ્તાનની સરકાર પોતાનાં જ લોકો પર કેમ તૂટી પડી એ સમજવા જેવું છે. પાકિસ્તાન પાછું અમેરિકાનું લાડકું બનવા માટે ફાંફાં મારી રહ્યું છે. ઈઝરાયલ-હમાસ યુદ્ધવિરામ અમેરિકાએ કરાવ્યો છે તેથી ટ્રમ્પને વહાલા થવા શાહબાઝ શરીફે તહરીક-એ-લબ્બૈક પાકિસ્તાનના કાર્યકરોને ઠેકાણે પાડવા માંડ્યા છે.

શાહબાઝ શરીફની સરકાર જે કરી રહી છે એ અત્યાચાર છે પણ તેનો અફસોસ કરવા જેવો નથી. ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામના કારણે બધાંને શાંતિ છે પણ રિઝવી જેવા નમૂનાઓને પેટમાં દુઃખ્યું છે કેમ કે તેમની માનસિકતા હળાહળ ઈઝરાયલ વિરોધી છે. ઈઝરાયલ સામેના યુદ્ધમાં ગાઝાવાસીઓનો ખુરદો બોલી ગયો છતાં રિઝવી જેવા નમૂના ઈઝરાયલ સામે લડવાની પિપૂડી વગાડ્યા કરે છે. ગાઝાવાસીઓની ચિંતા કર્યા વિના તેમને લડવાના સણકા છે એ જોતાં આ નમૂના શાહબાઝના ડોઝને જ લાયક છે. ■

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર શરદઋતુ, મંગળવાર, તા. ૧૪-૧૦-૨૦૨૫,
પારસી ૩જો ખોરદાદ માસારંભ

- ભારતીય દિનાંક ૨૨, માહે આશ્વિન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન વદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૨મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર પુનર્વસુ સવારે ક. ૧૧-૫૩ સુધી, પછી પુષ્ય
- ચંદ્ર મિથુનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૮ સુધી (તા. ૧૫), પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૭-૧૮,
- ઓટઃ બપોરે ક. ૧૨-૨૫, મધ્યરાત્રે ક. ૦૦-૦૭ (તા. ૧૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - અષ્ટમી. પારસી ૩જો ખોરદાદ માસારંભ, પ્લુટો માર્ગી ૦૮-૨૫. સૂર્ય મહાનક્ષત્ર, ચિત્રામાં, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા પાઠ વાંચન, સુંદરકાંડ પાઠ વાંચન, નવા વસ્રો, આભૂષણ, મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, અદિતી પૂજન, વાંસ વાવવા, વિદ્યારંભ, પ્રયાણ, બી વાવવું, નિત્ય થતાં પશુ લેવડદેવડના કામકાજ, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- પુષ્ય નક્ષત્રમાં ચોપડા બાંધવા આપવાના મુહૂર્ત, આજે પુષ્ય નક્ષત્ર પ્રારંભ ક. ૧૧-૫૩, પુષ્ય નક્ષત્ર સમાપ્ત : બુધવાર તા. ૧૫-૧૦-૨૫, સવારે ક. ૧૧-૫૯, (૧) સવારે ક. ૧૦-૫૫ થી બપોરે ક. ૧૨-૨૩ (લાભ) (૨) બપોરે ક. ૧૨-૨૩ થી બપોરે ક. ૧૩-૪૮ (અમૃત) (૩) બપોરે ક. ૧૫-૨૦ થી ક. ૧૬-૪૫ (શુભ) (૪) રાત્રે ક. ૧૯-૪૯ થી ક. ૨૧-૨૨ (લાભ) (૫) રાત્રે ક. ૨૨-૫૪ થી મધ્યરાત્રે ક. ૦૦-૨૬ (શુભ) (૬) મધ્યરાત્રિ પછી ક. ૦૦-૨૬ થી ક. ૦૧-૫૯ (તા. ૧૫) (અમૃત) (૭) મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૯ થી ૦૩-૩૧ (તા. ૧૫) (ચલ)
- આચમનઃ શુક્ર-નેપ્ચૂન પ્રતિયુતિ, બદનામીનો ભય, ચંદ્ર-શનિ ત્રિકોણ માતા-પિતા તરફથી લાભ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ માનસિક શક્તિઓ ધરાવનાર, શુક્ર-હર્ષલ ત્રિકોણ કળાનો શોખ.

ખગોળ જ્યોતિષઃ શુક્ર-નેપ્ચૂન પ્રતિયુતિ, ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, શુક્ર-હર્ષલ ત્રિકોણ પ્લુટો સ્તંભી થઈ માર્ગી થાય છે.

- ગ્રહગોચરઃ સૂર્ય કન્યા, મંગળ-તુલા, માર્ગી બુધ-તુલા, ગુરુ-મિથુન, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

કર્મચારીઓને દિવાળી ભેટઃ પૂરેપૂરું પીએફ ઉપાડી શકાશે

નવી દિલ્હી : રિટાયરમેન્ટ ફન્ડ બોડી એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફન્ડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ)ના બોર્ડે તેના સાત કરોડ ખાતાધારકો માટે નાણાં ઉપાડવાનું સરળ બનાવ્યું છે અને એમ્પ્લોઈઝ પ્રાવડિન્ટ ફન્ડ (ઈપીએફ)ના ૧૦૦ ટકા કે પૂરેપૂરી જમા રકમ ઉપાડવાની છૂટ આપી છે. ઈપીએફઓની નિર્ણય લેનારી સર્વોચ્ચ સંસ્થા સેન્ટ્રલ બોર્ડ ઑફ ટ્રસ્ટીએ શ્રમપ્રધાન મનસુખ માંડવિયાના નેતૃત્વમાં બેઠકમાં અનેક નવો ચીલો પાડનારા નિર્ણયો લીધા હતા. શ્રમ મંત્રાલયે સોમવારે નિવેદનમાં કહ્યું હતું કે ઈપીએફ સભ્યોના જીવનને આસાન બનાવવા સીબીટીએ આંશિક નાણા ઉપાડવાના નિયમોને સરળ બનાવ્યા હતા. ૧૩ સંકીર્ણ જોગવાઈઓને એક કરીને એક સરળ નિયમ ઘડવામાં આવ્યો હતો. હવે સભ્યો પ્રોવિડન્ટ ફન્ડમાં કર્મચારી અને માલિક બન્નેના હિસ્સાનું પાત્રતા ધરાવતું બેલેન્સ ૧૦૦ ટકા ઉપાડી શકશે. નાણાં ઉપાડવાની મર્યાદાને વધારવામાં આવી છે. હવે શૈક્ષણિક ઉપાડમાં ૧૦ ગણા અને લગ્ન ઉપાડમાં પાંચ ગણાની છૂટ અપાઈ છે.(એજન્સી) ■

ટીએલપીનો નેતા સાદ હુસૈન રિઝવી મરાયો?

પાકિસ્તાનમાં હિંસાનો દાવાનળઃ વધુ દસનાં મોત

તેહરીક-એ-લબ્બૈકના નેતા સાદ હુસૈન રિઝવીનું પોલીસની ગોળી વાગવાથી મરણ થયું હોવાના બિનસમર્થિત અહેવાલો આવ્યા છે. પાકિસ્તાનના સુરક્ષા દળોએ ટીએલપીના નેતા સાદ હુસૈન પર ગોળી મારીને તેમને ઘાયલ કર્યા હ્હતા. સાદને પોલીસના ગોળીબારમાં ગંભીર ઈજા થઈ હતી, પાકિસ્તાનમાં ટીએલપીના કરાચી અને મુરિદકેમાં વ્યાપક દેખાવો જોવા મળ્યા હતા. પંજાબ પોલીસના પ્રવકતાએ કહ્યું હતું કે સ્ટેશન હાઉસ ઑફિસર અને ટીએલપીના ત્રણ કાર્યકર્તાનું મરણ થયું હતું.

પાકિસ્તાનમાં ફરી એકવાર જૂથ-અથડામણ હિંસક બની છે. લાહોર અને મુરીદકમાં તહરી-એ-લબ્બૈક પાકિસ્તાનના જૂથે પેલેસ્ટાઈનના ટેકામાં પ્રદર્શનો કર્યા હતા. આ પ્રદર્શન દરમિયાન સુરક્ષાદળો અને પ્રદર્શનકારિયો વચ્ચે ઉગ્ર તણાવ સર્જાયો હતો. આ માર્ચ ગુરુવારથી શરૂ થઈ હતી. ઈઝરાયલના ગાઝા પરના હુમલાઓની નિંદા કરવા અને અમેરિકાએ બનાવેલા સીઝફાયર વિરુદ્ધ હતો, જેમાં ૧૦થી વધુ લોકોનાં મોત થયા છે, જ્યારે પચાસથી વધુ પોલીસકર્મી પણ ઘાયલ થયા છે.

લાહોરમાં શાળાઓ-કોલેજો બંધ થઈ હતી, લોકોને રસ્તાઓ પર અટકાવવામાં આવ્યા અને ઇન્ટરનેટ સેવાઓ બંધ કરવાની ફરજ પડી હતી. આ ઘટના પાકિસ્તાનની આંતરિક અસ્થિરતા અને વૈશ્વિક મુદ્દાઓ વચ્ચેના જટિલ સંબંધોને ઉજાગર કરે છે, પરિણામે હિંસાનો માહોલ ઊભો થયો છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે લાહોર અને મુરીદકેમાં ઝકડના પ્રદર્શનકારીઓ અને પંજાબ પોલીસ વચ્ચે ઉગ્ર હિંસા થઈ હતી, જેમાં પોલીસે પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરી અને ટિયર ગેસનો ઉપયોગ કર્યો હતો. ઝકડએ દાવો કર્યો છે કે પોલીસ અને રેન્જર્સે ૧૦થી વધુ સમર્થકોના મોતનું કારણ બન્યા, જ્યારે ૭૦થી વધુ ઘાયલ થયા હતા.

બીજી તરફ, પોલીસે જણાવ્યું કે ૫૦થી વધુ અધિકારી પથ્થરમારામાં ઘાયલ થયા હતા અને કેટલાક અધિકારીઓ ગુમ થયાની માહિતી મળી રહી છે. આ આંદોલનમાં પ્રદર્શનકારીઓએ પોલીસ વાહનોને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. ■

ઈનોવેશનથી આર્થિક વિકાસની થીયરી માટે ત્રણ અર્થશાસ્ત્રીને ઈકોનોમીનું નોબેલ પારિતોષિક

સ્ટોકહોમ : 'ઈનોવેશન પ્રેરિત આર્થિક વિકાસ સમજાવવા' માટે અર્થશાસ્ત્રનું નોબેલ મેમોરિયલ પ્રાઈઝ જોયેલ મોકીર, ફિલિપે અઘિયન અને પીટર હોવિટને આપવાનું જાહેર કરાયું છે. મોકેર નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટીના, અઘિયન કોલેજ ડે ફ્રાન્સ ઍન્ડ લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સના અને હોવિટ બ્રાઉન યુનિવર્સિટીના છે.

નોબેલ સમિતિએ કહ્યું હતું કે મોકીરે સાબિત કર્યું હતું કે જો એક પછી એક ઈનોવેશનને સ્વયંભૂ રીતે ઉત્પન્ન થનારી પ્રક્રિયામાં સફળ થવું હોય તો આપણે એ જાણવું જોઈએ કે આની પાછળ કોઈ કામ કરી રહ્યું છે અને શા માટેના સવાલની વૈજ્ઞાનિક સમજણ પણ હોવી ઘટે.

અઘિયન અને હોવિટે પણ ટકાઉ વૃદ્ધિ માટેના મેકેનિઝમનો અભ્યાસ કર્યો હતો અને તેઓએ સર્જનાત્મક વિનાશનું ગણિતીય મૉડેલ બનાવ્યું હતું. તેમનું કહેવું હતું કે જ્યારે નવા અને બહેતર પ્રોડક્ટ બજારમાં આવે છે ત્યારે જૂના પ્રોડક્ટ વેચનારી કંપનીઓ હારી જાય છે.

ઈકોનોમિક સાયન્સિસના ઈનામ માટેની સમિતિના અધ્યક્ષ હેસલરે કહ્યું હતું કે વિજેતાના કાર્યો બતાડે છે કે આર્થિક વિકાસને ગુહ્ય ન ગણી શકાય. જડતા ન આવે એ માટે આપણે સર્જનાત્મક વિનાશના મેકેનિઝમને સ્વીકારવું જોઈએ. (એજન્સી) ■

કરુર નાસભાગ કેસમાં સુપ્રીમ કોર્ટે સીબીઆઈની તપાસનો હુકમ આપ્યો

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે કરુર નાસભાગ કેસમાં સીબીઆઈની તપાસનો હુકમ આપ્યો હતો અને સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ અજય રસ્તોગીને તપાસ પર દેખરેખ રાખનારી સમિતિના વડા બનાવ્યા હતા.

જસ્ટિસ જે. કે. મહેશ્વરી અને એન. વી. અંજારિયાની બનેલી બેન્ચે એક્ટર વિજયની ૨૭ સપ્ટેમ્બરની રૅલીમાં થયેલી નાસભાગની અરજીઓને હાથ ધરવા બદલ અને ખાસ તપાસ ટીમની તપાસનો આદેશ દેવા બદલ મદ્રાસ હાઈ કોર્ટના જસ્ટિસ એન. સેન્થિલકુમારની ટીકા કરી હતી. આ નાસભાગમાં ૪૧ જણ મરણ પામ્યાં હતાં.

બેન્ચે કહ્યું હતું કે જ્યારે અરજીઓ મદુરાઈ બેન્ચ આગળ વિચારાધીન હતી ત્યારે મુખ્ય ન્યાયમૂર્તિના હુકમ વગર મેન સીટના સિંગલ જજ અરજીઓ હાથ ધરે એવો આ કોઈ અવસર જ નહોતો. વિજયની તમિળગા વેટ્ટરી કઝગમ (ટીવીકે) અને તેના સભ્યોને પક્ષકાર બનાવ્યા વગર અને તેમને સાંભળ્યા વગર તેમની વિરુદ્ધ નિરીક્ષણો કરવામાં આવ્યા છે. બેન્ચે કહ્યું હતું કે ચુકાદા એ વિશે મૌન છે કે આવા તારતમ્ય પર સિંગલ જજ કેવી રીતે પહોંચ્યા અને તેમની પાસે કયું મટરિયલ હતું. હુકમમાં ફક્ત વધારાના ઍડવોકેટ જનરલની રજૂઆતનો ઉલ્લેખ છે. વિજયના રાજકીય પક્ષ અને બીજાઓએ કરેલી અરજી પર સર્વોચ્ચ અદાલતે તેનો ચુકાદો ૧૦ ઑક્ટોબરે અનામત રાખ્યો હતો. (એજન્સી) ■

વેપાર-કરારઃ ચાલુ સપ્તાહમાં અમેરિકા જશે ભારતીય પ્રતિનિધિઓ

નવી દિલ્હીઃ ભારતના વરિષ્ઠ અધિકારીઓનું એક પ્રતિનિધિમંડળ આ અઠવાડિયે વેપાર વાટાઘાટો માટે અમેરિકાની મુલાકાત લેશે. તેમજ પ્રસ્તાવિત દ્વિપક્ષી વેપાર કરાર પર વાટાઘાટો સારી રીતે આગળ વધી રહી હોવાનું એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું.

આ વર્ષે ફેબ્રુઆરીમાં બંને દેશોના નેતાઓએ અધિકારીઓને પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર(બીટીએ) પર વાટાઘાટો કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ કરારનો પ્રથમ તબક્કો ૨૦૨૫ની ઓક્ટોબર-નવેમ્બર સુધીમાં પૂર્ણ કરવાની યોજના હતી. અત્યાર સુધીમાં વાતચીતના પાંચ રાઉન્ડ પૂર્ણ થઇ ચૂક્યા છે. અધિકારીએ જણાવ્યું કે ભારતીય ટીમ આ અઠવાડિયે અમેરિકાની મુલાકાત લેશે. ગયા મહિને વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે ન્યૂયોર્કમાં વેપાર વાટાઘાટો માટે એક સત્તાવાર પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું. આ બેઠક બાદ ભારત અને અમેરિકાએ પરસ્પર ફાયદાકારક દ્વિપક્ષી વેપાર કરારને ઝડપથી પૂર્ણ કરવા માટે વાટાઘાટો ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો. બંને પક્ષોએ વેપાર કરારના વિવિધ પાસાઓ પર રચનાત્મક બેઠકો યોજી હતી.

આ મુલાકાત દરમિયાન પ્રધાને યુનાઇટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (યુએસટીઆર) જેમીસન ગ્રીર અને ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોર સાથે મુલાકાત કરી હતી. અમેરિકાએ રશિયન ક્રૂડ ઓઇલ ખરીદવા માટે અમેરિકન બજારમાં પ્રવેશતા ભારતીય માલ પર પચીસ ટકા પારસ્પરિક ડ્યુટી અને પચીસ ટકા વધારાનો દંડ લાદ્યો હોવાથી આ વાટાઘાટો મહત્વપૂર્ણ છે. હાલમાં ભારતીય માલ પર કુલ ૫૦ ટકા વધારાની આયાત જકાત વસૂલવામાં આવે છે. ■

કફ સિરપ કાંડમાં હવે ઇડી ઍક્શનમાંઃ શ્રીસન ફાર્માનાં સાત સ્થળ પર દરોડા

ચેન્નઈઃ મધ્ય પ્રદેશના સરકારી દવાખાનામાંથી આપવામાં આવેલી કફ સિરપ લેવાને કારણે ૨૦થી વધુ બાળકોના મોત નીપજ્યા છે, જેને કારણે ખળભળાટ મચી ગયો છે. બાળકોને આપવામાં આવેલી કફ સિરપ સિરપ તમિળનાડુની શ્રીસન ફાર્મા દ્વારા બનાવવામાં આવી હતી, અને તેના માલિક જી. રંગનાથનની ધરપકડ કરવામાં આવી છે. હવે આ મામલે વધુ એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે, એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ (ઇડી)ની ટીમોએ શ્રીસન ફાર્મા સાથે જોડાયેલા પરિસરોમાં દરોડા પાડ્યા છે. ઇડીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ તમિળનાડુની રાજધાની ચેન્નઈમાં શ્રીસન ફાર્માના સાત સ્થળોએ દરોડા પાડ્યા છે. મહત્વની વાત એ છે કે તમિળનાડુ ડ્રગ કંટ્રોલ ઓફિસના ઉચ્ચ અધિકારીઓ સાથે જોડાયેલા કેટલાક સ્થળોએ પણ દરોડા આપવામાં આવ્યા છે. ઇડીના અધિકારીઓના જણાવ્યા મુજબ પોલીસ તપાસના આધારે આ મામલે મની લોન્ડરિંગની તપાસ શરૂ કરવામાં આવી છે. ■

પહેલા પાનાનું ચાલુ

સોનાચાંદીના

કરો, સૌ સારાવાના થશે. તેમ જ છતાં આજે વેપાર તણાવ વધવાની ચિંતા સપાટી પર રહેતાં સોનાચાંદીમાં તેજીનું વલણ રહ્યું હોવાનું યુબીએસનાં વિશ્લેષક જિઓવાન્ની સ્ટુનોવોએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલની સ્થિતિને ધ્યાનમાં લેતા સોનામાં ઔંસદીઠ ૪૨૦૦ ડૉલર તરફની આગેકૂચ જળવાઈ રહેશે.

વધુમાં બૅન્ક ઑફ અમેરિકાએ આગામી વર્ષ ૨૦૨૬ માટે સોનાના ભાવનો લક્ષ્યાંક વધારીને ઔંસદીઠ ૫૦૦૦ ડૉલરનો અને ચાંદીનો લક્ષ્યાંક વધારીને ઔંસદીઠ ૬૫ ડૉલરનો મૂક્યો છે.

વધુમાં ગોલ્ડમેન સાશે એક નોટ્સમાં જણાવ્યું હતું કે ચાંદીમાં રોકાણલક્ષી માગને કારણે આગામી મધ્યમ સમયગાળા દરમિયાન

ચાંદીમાં તેજીની શક્યતા વધુ છે, પરંતુ ભાવમાં ભારે ચંચળતાને કારણે સોનાની સરખામણીમાં ચાંદીમાં ઘટાડાનું જોખમ પણ વધુ રહે તેમ જણાય છે.

વધુમાં રોકાણકારોની નજર આવતીકાલે એનએબીઈની વાર્ષિક સભામાં ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ જૅરોમ પૉવૅલના વક્તવ્ય પર હોવાથી અમુક અંશે સાવચેતીનું વલણ પણ જોવા મળ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

શાંતિ હવે

શાંતિ કરારને લીધે યુદ્ધ અસરકારક રીતે અટકી ગયું છે અને મધ્ય અખાતમાં કાયમી શાંતિનો દરવાજો ખુલ્યો છે. ટ્રમ્પે તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લેનાર ઈઝરાયલના સાંસદોને કહ્યું હતું કે શાંતિ હવે આશા નથી, પરંતુ વાસ્તવિકતા છે. ઈઝરાયલ અમેરિકાની મદદથી જીતી ગયું છે.

અમેરિકાના પ્રમુખ યુદ્ધવિરામની જાહેરાતના થોડા કલાકો બાદ ઈઝરાયલમાં આવી પહોંચ્યા હતા. તેમણે કહ્યું હતું કે મિડલ ઈસ્ટ માટે આ નવું પ્રભાત છે. તેમણે ઈઝરાયલને નવઘડતરમાં મદદ આપવાનું વચન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે આગળ ઈઝરાયલ માટે સુવર્ણયુગ શરૂ થશે.

ટ્રમ્પે વધુમાં કહ્યું હતું કે આટલા વર્ષોના અવિરત યુદ્ધ અને અનંત ભય પછી આજે આકાશ શાંત છે, તોપ મોન છે, સાયરન વાગતા નથી અને પવિત્ર ભૂમિમાં સૂર્ય ઊગી રહ્યો છે હવે શાંતિ સ્થપાઈ છે અને ભગવાનના આશિર્વાદથી આ ભૂમિ અને વિસ્તાર શાશ્વત શાંતિમાં રહેશે.

ટ્રમ્પ અને નેતન્યાહુ વારંવાર સંવાદ કરતા હતા. ટ્રમ્પે કહ્યું કે લોકો યુદ્ધથી કંટાળી ગયા હોવાથી આ વિરામ ટકી રહેશે.

દરમિયાન નેતન્યાહુએ સંસદને કહ્યું હતું કે હું શાંતિ માટે પ્રતિબદ્ધ છું. યહૂદીના કેલેન્ડર પ્રમાણે બે વર્ષના યુદ્ધની સમાપ્તિ થઈ છે. ■

ચૂંટણી પહેલા

રાજકીય પક્ષોમાંનું એક છે. સ્પેશિયલ ન્યાયાધીશ વિશાલ ગોગને જણાવ્યું કે આરોપીઓ સામે પ્રથમ દૃષ્ટિએ કેસ છે અને ભૂમિ ટ્રાન્સફર સંબંધમાં ગંભીર શંકાઓ છે.

સ્પેશીયલ સીબીઆઇ કોર્ટે આજે સોમવારે લાલુ યાદવ વિરુદ્ધ ભ્રષ્ટાચાર, ગુનાઇત કાવતરું અને છેતરપિંડીના આરોપો ઘડ્યા છે. તેજસ્વી યાદવ અને રાબડી દેવી પર પણ ગુનાહિત કાવતરું અને છેતરપિંડી સહિતના કેટલાક આરોપો ઘડવામાં આવ્યા છે. આવતા મહીને બિહાર વિધાનસભા ચૂંટણી યોજવાની છે, એ પહેલા યાદવ પરિવાર અને આરજેડીને મોટો ઝટકો લાગ્યો છે.

યાદવ પરિવાર દિલ્હીમાં કોર્ટ સમક્ષ હાજર થયો હતો. લાલુ પ્રસાદ વ્હીલ ચેર પર કોર્ટમાં પહોંચ્યા હતાં. લાલુ પ્રસાદે સ્પેશિયલ કોર્ટના જજ વિશાલ ગોગનેના પ્રશ્નોના જવાબ આપ્યા હતાં, લાલુ યાદવે પોતે નિર્દોષ હોવાનું જણાવ્યું હતું. રાબડી દેવી અને તેજસ્વી યાદવે પણ દોષિત ન હોવાનું કહ્યું હતું.ત્યાર બાદ ન્યાયધીશે જણાવ્યુ કે કેસ સુનાવણી માટે જશે.

વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાન આઇઆરસીટીસીની માલિકીની હોટલના મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ એક ખાનગી કંપનીને આપવામાં આવ્યા હતાં. ■

ઈઝરાયલે

૧,૯૦૦ કેદીને મુક્ત કર્યા હતા અને તે દુકાળગ્રસ્ત ગાઝામાં ખાદ્યસામગ્રી અને સહાયનો પુરવઠો આવવા દેશે.

ગાઝાના આરોગ્ય મંત્રાલયે કહ્યું હતું કે વિધ્વંશ પામેલા મકાનના કાટમાળની નીચેથી વધુ ૬૦ મૃતદેહ મળી આવ્યા હતા. આને લીધે છેલ્લા ચાર દિવસમાં કુલ ૨૦૦ મૃતદેહ મળી આવ્યા છે. ચાર દિવસ પહેલાં યુદ્ધવિરામ અમલમાં આવ્યો હતો અને ઈઝરાયલે ગાઝાના અમુક વિસ્તારોમાં લશ્કરી દળોને હટાવ્યાં હતાં.

ઈઝરાયલના હુમલાને લીધે ૬,૮૦૦ પેલેસ્ટાઈવાસીઓ મરણ પામ્યા છે અને આમાંથી અડધા મૃતકો મહિલા અને બાળકો છે.

દરમિયાન ઈરાને ઈજિપ્તમાં શર્મ અલ શેખ સમીટમાં ભાગ લેવાના આમંત્રણને નકારી કાઢ્યું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના સેક્રેટરી જનરલ એન્ટિનિયો ગટેરેસે ઈઝરાયલના બાને મુક્ત કરવામાં આવ્યા એ બદલ રાહતની લાગણી વ્યક્ત કરી હતી. યુદ્ધવિરામમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર તુર્કીના વડા ઈર્જોગન આ સમીટમાં ભાગ લેશે. (એજન્સી) ■

યુદ્ધ રોકો

છે અને પ્રમાણિકપણે માનું છું કે રશિયાને આની જરૂર નથી.

ટ્રમ્પે કહ્યું હતું કે જો યુદ્ધ બંધ નહીં થાય તો અમારે યુક્રેનને લંબા અતરની મિસાઈલ આપવી પડશે.

ટ્રમ્પે યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કી સાથે રવિવારે ફોન પર વાતચીત કર્યા બાદ આ ટિપ્પણી કરી હતી. ટ્રમ્પે રશિયા વિશે કહ્યું હતું કે શું તેઓ એમ ઈચ્છે છે કે ટોમહોક એ દિશામાં જાય. હું કદાચ આ અંગે રશિયા સાથે વાતચીત કરીશ. ટોમહોક એ આક્રમણનો નવો તબક્કો હશે.

રશિયાએ રવિવારે રાત્રે યુક્રેનના પાવર ગ્રીડ પર હુમલો કર્યો હતો જેથી શિયાળા પહેલાં યુક્રેનનું ઊર્જાનું માળખું ખોરવાઈ જાય. અમેરિકા યુક્રેનને ટોમહોક મિસાઈલ આપશે એ અંગે રશિયાએ ચિંતા વ્યક્ત કરી હતી. પુતિને પોતે અગાઉ કહ્યું છે કે અમેરિકા યુક્રેનને લાંબા અતંરની મિસાઈલ આપશે તો અમેરિકા અને રશિયા વચ્ચેના સંબંધો કથળશે. ■

મોંઘવારી

પાછલા વર્ષની તુલનામાં સસ્તી થઈ છે. એનએસઓ

અનુસાર, શાકભાજી, કઠોળ અને ઉત્પાદનો, તેલ, ફળો, અનાજ અને ઉત્પાદનો, ઇંડા અને ઇંધણ તથા લાઇટિંગ જેવા ઘણા મુખ્ય ઘટકોના ભાવમાં ઘટાડો થયો છે. તેની તુલનામાં સપ્ટેમ્બર ૨૦૨૪ માં ફુગાવાનો દર ૫.૪૯ ટકા હતો. જે દર્શાવે છે કે છેલ્લા એક વર્ષમાં ભાવ વધારાની ગતિ કેટલી ધીમી પડી છે.

ફુગાવાના નિયંત્રણથી ભારતીય રિઝર્વ બેંક ને મોટી રાહત મળી છે. તાજેતરમાં, ઓક્ટોબરમાં તેની દ્વિ-માસિક નાણાકીય નીતિ સમીક્ષા દરમિયાન આરબીઆઈએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ફુગાવાનો અંદાજ ઘટાડીને ૨.૬ ટકા કર્યો છે. જે અગાઉ ઓગસ્ટમાં ૩.૧ ટકા હતો. ■

બોટાદના હડદડમાં હિંસક અથડામણઃ આપના નેતાઓ સહિત ૮૫ લોકો સામે હત્યાના પ્રયાસનો એફઆઈઆર

ખેડૂત મહાપંચાયત દરમ્યાન પોલીસો અને કિસાનો વચ્ચે ઘર્ષણ થયેલું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બોટાદના હડદડ ગામે રવિવારે યોજાયેલી ખેડૂત મહાપંચાયત દરમિયાન સાંજે ખેડૂતો અને પોલીસ વચ્ચે થયેલા ઘર્ષણ સર્જાયું હતું. બોટાદના હડદડ ગામે લોકોએ પોલીસ પર પથ્થરમારો કરી હુમલો કર્યો હતો. જેમાં બોટાદ ડીવાયએસપી, એલસીબી પીઆઈ સહિત ચારથી વધુ પોલીસ કર્મચારીઓને ઈજા પહોંચી હતી. બોટાદમાં પથ્થરમારાની ઘટના બાદ આપના નેતાઓ સામે એફઆઈઆર થઈ હતી.

આપ નેતા પ્રવીણ રામ, રાજુ કરપડા સહિત ૮૫ લોકો સામે ફરિયાદ કરવામાં આવી હતી. હત્યાનો પ્રયાસ, ષડયંત્ર અને ગેરકાયદેસર મંડળીનો આરોપ લગાવાયો હતો.

આ મામલે ગુજરાતમાં આપના ખેડૂત નેતા રાજુ કરપડાની પોલીસે સવારે ૩ વાગ્યે ધરપકડ કરી હતી. આ મામલે હજુ વધુ લોકોની ધરપકડની શક્યતા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આપના નેતા પ્રવીણ રામ અને રાજુ કરપડા સહિત અન્ય ૮૫ લોકો સામે પોલીસે હત્યાનો પ્રયાસ (કલમ ૩૦૭), ગુનાહિત ષડયંત્ર (કલમ ૧૨૦-બી), અને સરકારી મિલકતને નુકસાન સહિતની ગંભીર ગુનાની ધારાઓ હેઠળ એફઆઈઆર નોંધી હતી. આ હિંસક ઘટનામાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. પોલીસે હાલમાં આ મામલે વધુ તપાસ હાથ ધરી છે અને આરોપીઓની ધરપકડ માટેની કાર્યવાહી શરૂ કરી છે.

બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્માએ આ સમગ્ર ઘટના અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, હડદડ ગામમાં ગેરકાયદેસર મહાપંચાયતનું જે એલાન કર્યું હતું, એ સંદર્ભે અમુક લોકો અહીંયા ભેગા થયા હતા. એટલે પોલીસ તેમને ડિટેન કરવા માટે અને ગેરકાયદેસર મંડળી જે લોકોએ બનાવી હતી એને વિખેરવા માટે આવી હતી.

આ દરમિયાન લોકોએ પોલીસ ઉપર પથ્થરમારો ચાલુ કરી દીધો હતો અને પોલીસની ગાડીમાં પણ નુકસાન કરી અને ગાડીમાં પણ તોડફોડ કરી. પોલીસે વોર્નિંગ આપી હોવા છતાં તેમણે પથ્થરમારો ચાલુ રાખ્યો હતો. આખરે પોલીસે બળ પ્રયોગ અને ટીયર ગેસના સેલ્સ છોડતા ટોળું વિખેરાઈ ગયું હતુ, હાલ સ્થિતિ કાબૂમાં છે.

પથ્થરમારાની ઘટનામાં પોલીસ કર્મચારીઓને થયેલા નુકસાન અંગે ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું હતું કે, લગભગ ત્રણ પોલીસકર્મીઓને ઈજા થઈ છે અને એમને ગંભીર માથામાં ઈજા થઈ હતી. એમાં ગુનો દાખલ કરવામાં આવશે. જે લોકોએ પોલીસ ઉપર આવી રીતે હુમલો કર્યો છે અને જેનાથી મોત નીપજી શકે એવા પથ્થરોની તૈયારી કરીને હુમલો કરવામાં આવ્યો છે, તો તેમની સામે આપણે ગુનો દાખલ કરીશું અને બધા આરોપીઓને પકડીશું. ■

ગુજરાતમાં નવાજૂનીના એંધાણઃ ભૂપેન્દ્ર પટેલને દિલ્હીનું તેડું

કેબિનેટ વિસ્તરણ ઉપરાંત ગુજરાત ભાજપના મહત્ત્વના હોદ્દાઓ પર નિમણૂક વિશે પણ ચર્ચા સંભવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકર સોમવારે દિલ્હીના પ્રવાસે જવા રવાના થયા હતા. આ અંગે સત્તાવાર રીતે રાજ્ય સરકારે કોઈ જાહેરાત કરી નથી, પરંતુ રાજકીય વર્તુળોમાં તેમના આ પ્રવાસને લઈને ચર્ચાઓ જોર પકડી રહી છે. તેઓ દિલ્હી ખાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના ટોચના નેતાઓ સાથે બેઠક કરશે.

મુખ્ય પ્રધાનના આ દિલ્હી પ્રવાસથી રાજકારણ ગરમાયું છે. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી પ્રધાન મંડળના વિસ્તરણ અને ફેરફારની અટકળોને ધ્યાનમાં લેતા આ મુલાકાત અત્યંત મહત્વપૂર્ણ બની છે.

મુખ્ય પ્રધાનની દિલ્હી મુલાકાત અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે, ભૂપેન્દ્ર પટેલની આ મુલાકાત દરમિયાન ત્રણ મુખ્ય મુદ્દાઓ જેવા કે, પ્રધાનમંડળનું વિસ્તરણ અને ફેરફાર, રાજ્યના મહત્ત્વના હોદ્દાઓ પર નવી નિમણૂકો, અને મુખ્ય સચિવ પંકજ જોશીને એક્સટેન્શન આપવા અંગે ચર્ચા થવાની શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પંકજ જોશી ૩૧ ઓક્ટોબરે નિવૃત્ત થવાના હોવાથી, તેમના કાર્યકાળના વિસ્તરણ અથવા નવા મુખ્ય સચિવની નિમણૂક અંગે ચર્ચા થવાની ધારણા છે.

ભાજપના સૂત્રો મુજબ, રાજ્યના વર્તમાન પ્રધાનમંડળમાં કેટલાક પ્રધાનોને હટાવવામાં આવી શકે છે, જ્યારે કેટલાક નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવશે. રાજકીય વર્તુળોમાં થતી ચર્ચા મુજબ કેબિનેટ નાણાપ્રધાન કનુભાઈ દેસાઈ, કૃષિપ્રધાન રાઘવજી પટેલ, પાણીપુરવઠા પ્રધાન કુંવરજી બાવળિયા, ઉદ્યોગપ્રધાન બળવંતસિંહ રાજપૂત, પ્રવાસન પ્રધાન મૂળુભાઈ બેરા, શિક્ષણપ્રધાન કુબેર ડિંડોર અને સામાજિક ન્યાય અને અધિકારિતા પ્રધાન ભાનુબેન બાબરિયાની હકાલપટ્ટી થઈ શકે છે.

એ જ રીતે રાજ્યકક્ષાના જે પ્રધાનોના પડતા મુકાવાની શક્યાતા છે એમાં મત્સ્ય અને પશુપાલન પ્રધાન પુરુષોત્તમ સોલંકી, પંચાયત પ્રધાન બચુભાઈ ખાબડ, વન અને પર્યાવરણ પ્રધાન મુકેશ પટેલ, અન્ન અને નાગરિક પુરવઠા પ્રધાન ભીખુસિંહ પરમાર તથા આદિજાતિ વિકાસ પ્રધાન કુંવરજી હળપતિ તેમજ પ્રફુલ પાનસેરિયાનો સમાવેશ થાય છે.

જોકે કદાચ આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલ તેમજ ઉદ્યોગ પ્રધાન બળવંતસિંહ રાજપૂત મંત્રીમંડળમાં યથાવત્ રહી શકે છે. બીજી તરફ હર્ષ સંઘવીને પ્રમોટ કરી કેબિનેટમાં સ્થાન આપવામાં આવશે, પરંતુ ગૃહખાતું કદાચ તેમની પાસે ન પણ રહે. બિન-વિવાદાસ્પદ મનાતા પ્રફુલ પાનસેરિયા રહી શકે છે, પરંતુ જો સંગીતા પાટીલને મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવે તો પ્રફુલ પાનસેરિયાનું પત્તું કપાઈ શકે છે.

આ પ્રક્રિયામાં ખાસ કરીને જ્ઞાતિ આધારિત સંતુલન, પ્રદેશીય પ્રતિનિધિત્વ અને યુવા ચહેરાઓને મહત્ત્વ આપવામાં આવશે. ઉચ્ચ સ્તરે ચાલી રહેલી ચર્ચાઓ મુજબ, આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પાર્ટી સંગઠન અને મંત્રીમંડળ વચ્ચેનું સુમેળ વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે. કેટલાક પ્રધાનોની કામગીરી અંગે નબળું પ્રદર્શન અને ભ્રષ્ટાચારના મુદ્દાઓ પણ ચર્ચામાં હોવાનું કહેવાય છે.

રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે, મંત્રીમંડળમાં ફેરફાર માટેનો આ અત્યંત યોગ્ય સમય છે. કારણ કે, ભાજપ સરકાર આગામી ચૂંટણી પહેલા નવી ઊર્જા સાથે પોતાની ટીમને તાજગી આપવા ઈચ્છે છે. જો કે સત્તાવાર રીતે હજી સુધી આ મુલાકાત અંગે કોઈ વિગત જાહેર કરવામાં આવી નથી, પરંતુ રાજકીય વર્તુળોમાં પ્રધાનમંડળના વિસ્તરણની ચર્ચાઓ ફરી તીવ્ર બની છે. આગામી થોડા દિવસોમાં આ મુદ્દે મહત્વપૂર્ણ નિર્ણય આવવાની શક્યતા છે.■

નવસારીમાં ભાજપના મહિલા નેતાના ઘરમાં દરોડો, લોડેડ રિવોલ્વર અને કારતૂસ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં ભાજપની એક મહિલા નેતાના રહેણાક મકાનમાં એસઓજી પોલીસે શનિવારે દિવસભર સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આ તપાસ દરમિયાન પોલીસને શંકાસ્પદ પરવાનાવાળી ૮૦,૦૦૦ રૂપિયાની કિંમતની લોડેડ રિવોલ્વર, કુલ આઠ જીવતા કારતૂસ અને ૧૮ ખાલી કારતૂસ મળી આવ્યા હતાં. આ મુદ્દામાલની કુલ કિંમત ૮૦,૮૮૦ રૂપિયા ગણાવવામાં આવી હતી. આ મામલે પોલીસે જાણવાજોગ ફરિયાદ દાખલ કરીને સઘન તપાસ શરૂ કરી દીધી હતી. એસઓજીની ટીમમાં મહિલા સ્ટાફ પણ સામેલ હતો, પાંચ જેટલા વાહનમાં પહોંચી સવારથી મોડી સાંજ સુધી મકાનની ઝીણવટભરી તપાસ કરી હતી. આ દરમિયાન પરિવારના અન્ય સભ્યોના મોબાઈલ ફોન કબજે લેવામાં આવ્યાં અને ઘરમાં બહારના વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ મુકાયો હતો. આ તપાસ દરમિયાન કેટલાક બનાવટી ઓળખ કાર્ડ પણ મળી આવ્યાં હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. જોકે તેની સત્તાવાર કોઈ ફરિયાદ નોંધાઈ નથી. ■

૧૬ થી ૧૯ ઑક્ટોબરે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં માવઠાની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળી આસપાસ પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં માવઠું થશે તેવી આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગએ તારીખ ૧૬થી ૧૯ ઓક્ટોબર દરમિયાન છૂટાછવાયા હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાં ચોમાસાએ સત્તાવારી રીતે વિદાય લીધી હોવા છતાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં સિઝનનો ૧૧૮ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. ત્યારે હજી પણ વરસાદની આગાહી કરવામાં આવી છે.

ખાસ કરીને દક્ષિણ ગુજરાતના તાપી, સુરત, વલસાડ, ડાંગ અને નવસારીમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. આ સાથે અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં પણ છૂટાછવાયા વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. આગામી ૧૬ થી ૧૯ ઓક્ટોબર સુધી માવઠાની અસર રહેવાની છે. આ દરમિયાન રાજ્યમાં પવનની દિશા બદલાતા અને એક ટ્રફ પસાર થતો હોવાથી વરસાદ આવી શકે છે.

તારીખ ૧૬મી ઓક્ટોબરે વલસાડ, તાપી, નવસારી, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલીમાં હળવા વરસાદની આગાહી અને તારીખ ૧૭મી ઓક્ટોબરે ભાવનગર, અમરેલી, દીવ, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, ગીર સોમનાથ, દમણ અને દાદરા નગરહવેલીમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે ૧૮ ઓક્ટોબર અને ૧૯ ઓક્ટોબરે તાપી, નવસારી, ડાંગ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, દીવ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ■

વડોદરાના કરજણમાં બે બસ વચ્ચે અકસ્માત

બેનાં મોત, દસથી વધુ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના કરજણ તાલુકામાં સોમવારે વહેલી સવારે કરજણ પાસેના નેશનલ હાઇવે નંબર ૮ પર લાકોદરા નજીક બે ખાનગી બસ વચ્ચે અકસ્માત સર્જાતા ૨ વ્યક્તિનાં મોત થયાં છે જ્યારે ૧૦થી વધુ મુસાફરો ઘાયલ થયા હતા. સુરતથી વડોદરા તરફ જઈ રહેલી એક પેસેન્જર બસ અને સામેની દિશામાંથી આવી રહેલી અન્ય એક બસ વચ્ચે આમને-સામને જોરદાર ટક્કર થતાં બે મુસાફરોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યાં હતાં. આ અકસ્માતમાં દસથી વધુ મુસાફરો ઘાયલ થયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને બસોના આગળના ભાગો સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયા હતા અને સ્થળ પર મુસાફરોની ચીસો તથા મદદ માટેની બૂમોથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. અકસ્માતની જાણ થતાં જ કરજણ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ઈમરજન્સી ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને રાહત તથા બચાવ કામગીરી શરૂ કરી હતી. બસોમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢવા માટે કટર મશીનની મદદ લેવામાં આવી હતી. ઘાયલો પૈકી કેટલાકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. તમામ ઇજાગ્રસ્તોને તાત્કાલિક કરજણ રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી વધુ ગંભીર ઘાયલોને વધુ સારવાર માટે વડોદરા સિવિલ હોસ્પિટલ મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પ્રાથમિક તપાસ મુજબ, સુરત તરફથી આવી રહેલા બસ ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, અકસ્માત સમયે માર્ગ પર ધુમ્મસના કારણે દૃશ્યતા ઓછી હતી, જે અકસ્માતનું એક કારણ બની શકે છે. કેટલાક પ્રત્યક્ષ સાક્ષીઓએ ઓવરટેકિંગના પ્રયાસની પણ શક્યતા વ્યક્ત કરી હતી.

અકસ્માતની જાણ થતા જ આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને બચાવકાર્યમાં પોલીસ તથા રાહત ટીમને મદદરૂપ થયા હતા. પોલીસે બંને ક્ષતિગ્રસ્ત બસોને રોડ પરથી હટાવી માર્ગ પરનો વાહનવ્યવહાર પૂર્વવત્ કર્યો હતો.

કરજણ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કરુણ ઘટનાથી લાકોદરા પાટિયા વિસ્તાર અને સમગ્ર હાઈવે પર શોક અને ગમગીનીનો માહોલ છવાઈ ગયો હતો. ■

ગુજરાતમાં આગામી આજથી રવિ કૃષિ મહોત્સવ શરૂ, મુખ્ય પ્રધાન પંચમહાલ-ગોધરાના છબનપુરથી આરંભ કરાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતભરમાં તા. ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની વિવિધ થીમ આધારિત ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીમાં તા. ૧૪ ઓક્ટોબરના દિવસને કૃષિ વિકાસ દિન તરીકે ઉજવવામાં આવશે.

આ દિવસ દરમિયાન ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ, ટેકનોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાવવાના ઉદ્દેશ્ય સાથે કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા તા. ૧૪ અને ૧૫ ઓક્ટોબરના રોજ રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫નું પણ આયોજન કરવામાં આવ્યું છે. કૃષિ ક્ષેત્ર અને રાજ્યના ખેડૂતોને સમર્પિત આ કૃષિ વિકાસ દિનના રોજ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને કૃષિ પ્રધાન રાઘવજી પટેલ પંચમહાલ-ગોધરાના છબનપુર ગામ ખાતેથી રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે.

રાઘવજી પટેલે રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫ની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, આગામી તા. ૧૪ અને ૧૫ ઓક્ટોબર દરમિયાન રાજ્યમાં જિલ્લા અને તાલુકા કક્ષાના મળીને કુલ ૨૬૧ સ્થળો ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫ યોજાશે. આ બે દિવસીય રવિ કૃષિ મહોત્સવમાં ગુજરાતના આશરે ૩ લાખથી વધુ ખેડૂતો ભાગ લેશે. રવિ કૃષિ મહોત્સવ દરમિયાન રાજ્યના પ્રગતિશીલ ખેડૂતો અને પશુપાલકોનું રાજ્ય સરકાર દ્વારા વિશેષ સન્માન કરવામાં આવશે. આ ઉપરાંત કૃષિ, બાગાયત અને પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૫ લાખથી વધુ ખેડૂત લાભાર્થીઓને રૂ. ૫૦૦ કરોડ જેટલી માતબર રકમની સહાયના મંજૂરી પત્રો અને સહાય હુકમોનું પણ વિતરણ કરવામાં આવશે. વધુમાં, રાજ્યના કૃષિ વૈજ્ઞાનિકો અને કૃષિ નિષ્ણાતો દ્વારા ખેડૂતોને તેમના વિસ્તારમાં રવી ઋતુમાં વાવેતર કરવાના થતા પાકો અંગે તક્નીકી માર્ગદર્શન ઉપરાંત પ્રાકૃતિક ખેતી, બાગાયત પાકોમાં નવીનતમ ટેક્નોલોજી જેવા વિવિધ વિષયો પર પણ માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ, પ્રગતિશીલ ખેડૂતો અને એફપીઓના પ્રતિનિધિઓ દ્વારા પણ વિવિધ વિષયો પર વક્તવ્યો આપવામાં આવશે.

આ મહોત્સવમાં ખેડૂતોને રવિ પાકોના વાવેતર માટે આધુનિક કૃષિ તાંત્રિકતા અને પ્રાકૃતિક ખેત પદ્ધતિ અંગે જાગૃત કરવા માટે પાક પરિસંવાદ, નવીન ટેકનોલોજી આધારિત કૃષિ પ્રદર્શનો, ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ તેમજ રાજ્યના તમામ તાલુકાઓમાં ખેડૂતો દ્વારા પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની મુલાકાત લેવામાં આવશે અને ખેતીને લગતા ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ પણ નિષ્ણાતો-પ્રગતિશીલ ખેડૂતો દ્વારા પૂરું પાડવામાં આવશે. આ બે દિવસ દરમિયાન પશુપાલન ખાતાએ પણ વિવિધ સ્થળોએ નિઃશુલ્ક પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કર્યું છે, જેનો પશુપાલકો લાભ લઇ શકશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમના સ્થળો ખાતે પ્રગતિશીલ ખેડૂતોના ઉત્પાદનો, પ્રાકૃતિક ખેતીના આયામો, ડ્રોન ટેકનોલોજી જેવી આધુનિક કૃષિ તકનીક, કૃષિ તેમજ જમીન ચકાસણી, ખેડૂત ઉપયોગી સંશોધનો દર્શાવતા તેમજ ન્યૂ-એજીસ ફર્ટિલાઇઝરના વપરાશ માટે ખેડૂતોમાં જાગૃતિ કેળવતા વિવિધ પ્રદર્શનો સહિત કુલ ૨,૮૦૦ પ્રદર્શન સ્ટોલ ઊભા કરવામાં આવશે. જેમાં પ્રધાનમંત્રી કિસન સમ્માન નિધિ યોજના અંતર્ગત લેંડ સીડિંગ, ફાર્મર રજિસ્ટ્રી અંતર્ગત ઇ-કેવાયસી અને સેલ્ફ રજિસ્ટ્રેશન બાબતના સ્ટોલ તથા ફાર્મ મિકેનાઈઝેશન, એગ્રો પ્રોસેસિંગ માટેના યંત્ર અને ઓજારોના સ્ટોલનો પણ સમાવેશ થાય છે.■

દિવાળી પહેલાં એસટીમાં એક લાખ ટિકિટનું રેકોર્ડબ્રેક એડવાન્સ બુકિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળીના તહેવારો પહેલા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમમાં મુસાફરોની સંખ્યા અને એડવાન્સ બુકિંગમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. સામાન્ય દિવસોમાં ૬૦ થી ૭૦ હજાર ટિકિટોનું દૈનિક બુકિંગ થતું હોય છે, જ્યારે હાલ તે વધીને એકથી દોઢ લાખ સુધી પહોંચી ગયું હતું. સુરતથી સૌરાષ્ટ્રના વિવિધ રૂટો માટે સૌથી વધુ માગ જોવા મળી રહી છે, જેમાં ૨૬૮ બસોનું ગ્રૂપ બુકિંગ થઈ ચૂક્યું છે અને તેનાથી નિગમને ૬૩.૧૨ લાખ રૂપિયાની વધારાની આવક મળી છે.

તહેવારોને ધ્યાને રાખતા એસટી નિગમે રાજ્યમાં ૪,૦૦૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવાનું આયોજન કર્યું છે, જેમાં સુરતથી સૌરાષ્ટ્ર માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. સુરત વિભાગ દ્વારા ૧૯ ઓક્ટોબરથી સાંજના ૪ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ૧,૬૦૦ જેટલી એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવશે, જે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, અમદાવાદ તેમજ દાહોદ-પંચમહાલના શ્રમિકોને પોતાના વતન પહોંચાડશે. ગત વર્ષે સુરત વિભાગે ૧,૩૫૯ ખાસ ટ્રીપ ચલાવી ૮૬,૫૯૯ મુસાફરોને તેમના ગંતવ્યસ્થળે પહોંચાડ્યા હતા અને ૨.૫૭ કરોડની આવક કરી હતી.

સૌરાષ્ટ્ર માટે રામચોક મોટા વરાછા સુરત ખાતેથી ઉપાડવામાં આવશે. સુરત સેંટ્રલ બસ સ્ટેશનથી ઉત્તર ગુજરાત તથા અમદાવાદ જવા માટે બસ મળશે. સુરત સેન્ટ્રલ બસ સ્ટેશનની સામેના સુરત સીટી બસ સ્ટેશન અને રામનગર રાંદેર રોડથી દાહોદ તથા પંચમહાલ જવા માટે બસ મળી રહેશે. મુસાફરો એસટીના તમામ બસ સ્ટેશન, નિમાયેલા બુકિંગ એજન્ટો, મોબાઇલ એપ અથવા વેબસાઇટ પરથી પણ ઓનલાઇન ટિકિટ બુક કરી શકશે. આખી બસનું ગ્રુપ બુકિંગ કરાવનારને 'એસટી આપના દ્વારે' સેવા હેઠળ સીધા તેમની સોસાયટીથી વતન સુધી પહોંચાડવામાં આવશે. ■

સુરતમાં સરકારી શાળામાં નોન-વેજ પાર્ટી યોજવા મુદ્દે આચાર્ય સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ગોડાદરા વિસ્તારમાં આવેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી શાળાઓ ક્રમાંક ૩૪૨ અને ૩૫૧માં તંત્રની જાણ કે પરવાનગી વિના ગેટ-ટુ-ગેધર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નોન-વેજ પાર્ટી પણ આયોજિત કરવામાં આવી હતી. આ આયોજન સ્કૂલના આચાર્ય દ્વારા કરાયું હતું. નોન-વેજ પીરસવાનો વીડિયો પણ સામે આવ્યો હતો. પરિસરમાં આવેલી માતા સરસ્વતીનું મોં ચૂંદડીથી ઢાંકીને નોન-વેજ પીરસવામાં આવ્યું હતું. જો કે આ મામલે શિક્ષણ વિભાગે આચાર્ય પ્રભાકર એલિગેટિનને સસ્પેન્ડ કર્યા હતા.

સ્કૂલમાં નોન-વેજ પીરસવામાં આવ્યું હોવાની માહિતી બહાર આવતાં જ હોબાળો મચી ગયો હતો. આ મુદ્દે અગાઉ શિક્ષણ સમિતિએ શાળાના આચાર્ય પ્રભાકર એલિગેટિનને નોટિસ પાઠવી કૃત્યને ખૂબ જ નિંદનીય ગણાવ્યું હતું. આ ગંભીર મામલે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ટીમ શાળા પર જઈને સ્થળ, સ્ટાફ અને અન્ય શિક્ષકોની તપાસ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારી સ્કૂલમાં ૧૯૮૭થી ૧૯૯૧ના વિદ્યાર્થીઓ માટે ગેટ-ટુ ગેધર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, આ દરમિયાન ચિકન-મટન પીરસવામાં આવ્યું હતું. શાળામાં યોજાયેલી નોન-વેજ પાર્ટીના વિવાદમાં સસ્પેન્ડેડ આચાર્ય પ્રભાકર એલિગેટિને લૂલો બચાવ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે શાળામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યોનું ગેટ-ટુ-ગેધર આયોજિત કરાયું હતું. આચાર્યએ સ્વીકાર્યું હતું કે કાર્યક્રમમાં ચિકન પીરસાયું એ ભૂલ છે, પરંતુ સાથે જ સ્પષ્ટતા કરી હતી. ■

તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકામાં પાયાની માળખાકીય સુવિધા માટે ૧૬,૩૧૬ કરોડ રૂપિયાથી વધુનાં ૯૨૭ કામ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન અને હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ છેલ્લા૨૪ વર્ષમાં રાજ્યના નાગરિકોને જીવન જરૂરી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે ભૌતિક માળખાકીય સુવિધાઓ, સામાજિક માળખાકીય સુવિધાઓ, વિકાસ, અર્બન મોબિલિટી તથા ગુજરાતના આગવી ઓળખના કામો તેમજ શહેરના આઉટગ્રોથ એરીયા ડેવલપમેન્ટના કામો માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. જેના ભાગરૂપે 'અમૃત ૨.૦' યોજના હેઠળ રાજ્યમાં મહાનગરપાલિકા અને નગરપાલિકામાં પાયાની માળખાકીય સુવિધા માટે રૂ. ૧૬,૩૧૬ કરોડથી વધુના ૯૨૭ કામ મંજૂર કરવામાં આવ્યા છે. ગુજરાતમાં તા.૦૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. અટલ મિશન ફોર રેજ્યુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત) યોજનાએ ભારત સરકારની એક મહત્ત્વપૂર્ણ શહેરી વિકાસ યોજના છે. જેનો લક્ષ્ય શહેરી વિસ્તારોમાં મૂળભૂત સુવિધાઓને મજબૂત બનાવીને લોકોના જીવનધોરણને સુધારવાનો છે. આ યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તા. ૨૫ જૂન, ૨૦૧૫માં શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા અમૃત ૨.૦ મિશન તા.૧ ઓક્ટોબર ૨૦૨૧ના રોજથી સમગ્ર દેશમાં અમલમાં આવી હતી. શહેરી જીવનની ગુણવત્તા સુધારવા 'અમૃત ૨.૦ મિશન' અંતર્ગત માળખાકીય પાયાની સુવિધાઓના વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે.

અમૃત ૧.૦ મિશન હેઠળ ગુજરાતના ૩૧ શહેરોની પસંદગી કરવામાં આવી છે, જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જૂનાગઢ, ભાવનગર, જામનગર અને ગાંધીનગર મહાનગરપાલિકા ઉપરાંત રાજ્યની ૨૨ 'અ' વર્ગની નગરપાલિકા તેમજ દ્વારકા નગરપાલિકાનો સમાવેશ થાય છે. જ્યારે અમૃત-૨.૦ યોજના હેઠળ રાજ્યની તમામ નગરપાલિકા તથા મહાનગરપાલિકા વિસ્તારમાં પાણી પુરવઠા, બાગ-બગીચા અને તળાવ નવીનીકરણ કામો હાથ ધરવામાં આવેલ છે તથા રાજ્યના ૩૧ અમૃત શહેરોમાં ભૂગર્ભ ગટર યોજનાના કામો પણ હાથ ધરવામાં આવેલ છે.

અમૃત ૨.૦ મિશન હેઠળ આવરી લેવાયેલા ગુજરાતના આ શહેરોમાં પાયાની માળખાકીય સુવિધા માટે રૂ. ૧૬,૩૧૬ કરોડથી વધુના ૯૨૭ કામ મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં કેન્દ્ર સરકારનો રૂ. ૪,૫૦૪ કરોડ, રાજ્ય સરકારનો રૂ. ૫,૫૯૭ કરોડ તેમજ રૂ. ૬,૨૧૫ કરોડ-અર્બન લોકલ બોડીનો ફાળો છે. અમૃત ૨.૦ મિશન હેઠળ પ્રોજેક્ટ કમ્પોનન્ટ સિવાય કેપેસીટી બિલ્ડીંગ, અર્બન રિફોર્મ્સ સંબધિત કામગીરી પણ કરવામાં આવે છે.

'અમૃત ૨.૦ યોજના' હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં મહાનગરપાલિકા વિસ્તારમાં પાણી પુરવઠાને લગતા રૂ. ૪૯૩૧ કરોડના ૧૪૯ કામો, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપનના રૂ.૫૪૩૭ કરોડના ૧૧૨ કામો, તળાવ નવીનીકરણના રૂ. ૨૦૭ કરોડના ૩૭ કામો, બાગ બગીચાના રૂ.૮ કરોડના ૦૪ કામો તેમજ નગરપાલિકા વિસ્તારમાં પાણી પુરવઠાના રૂ. ૩૭૩૯ કરોડના ૨૯૨ કામો, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપનના રૂ.૧,૪૪૦ કરોડના ૫૫ કામો, તળાવ નવીનીકરણના રૂ. ૪૪૩ કરોડના ૧૫૧ કામો તેમજ બાગ બગીચાના રૂ. ૧૧૦ કરોડના ખર્ચે ૧૨૭ કામો મહાનગરપાલિકા અને નગરપાલિકામાં પાયાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને મંજૂર કરવામાં આવ્યા છે.

'અમૃત૨.૦ યોજના' હેઠળ શહેરી વિકાસ અંતર્ગત રાજ્યના તમામ શહેરો દ્વારા પાણી પુરવઠાના કામો જેમાં સોર્સ ઓગ્મેનટેશન, ટ્રાન્સમીશન લાઈન, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પીવાના પાણીના સંગ્રહ હેતુ ભૂગર્ભ ટાંકી તથા ઊંચી ટાંકી, પાણી વિત્તરણ પાઈપલાઈન નેટવર્ક તથા ઘર જોડાણ જેવા ઘટકોનો સમાવેશ કરવામાં આવે છે. ભૂગર્ભ ગટર વ્યવસ્થાપનાં કામો જેમાં ઘર જોડાણ, કલેક્શન નેટવર્ક, પમ્પીંગ સ્ટેશન પમ્પીંગ મશીનરી, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા ટર્શ્યરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવા ઘટકોનો સમાવેશ કરવામાં આવે છે. ■

પોલીસે નરોડા અને ચાંદખેડામાંથી ₹૩૧.૭૨ લાખનો દારૂ જપ્ત કર્યો

અમદાવાદઃ દિવાળીના તહેવાર પહેલા જ બૂટલેગરો સક્રિય થતા પોલીસે પણ કડક દેખરેખ શરૂ કરી દીધી હતી. અમદાવાદ શહેર પોલીસની ટીમોએ અલગઅલગ સ્થળોએ દરોડા પાડીને કુલ ૩૧.૭૨ લાખ રૂપિયાનો દારૂ કબ્જે કર્યો હતો. ચાંદખેડામાં પીસીબીએ ઘરમાંથી દારૂનું ગોડાઉન બહાર પાડ્યું હતું તો નરોડા પોલીસે જૂની ઘરવખરીની આડમાં ટ્રકમાં આવતો દારૂની હેરાફેરીનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. બંને કામગીરીથી શહેરના બુટલેગરોમાં ખળભળાટ મચી ગયો હતો. ચાંદખેડામાં પીસીબીએ બાતમીના આધારે કાર્યવાહી કરતાં પૃથ્વી પઢીયાર નામના યુવકને એક્ટિવામાં દારૂ સાથે ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ તેની પૂછપરછમાં ખુલ્યું હતું કે, શુભલક્ષ્મી પ્રહલાદપાર્ક સોસાયટીમાં મકાન ભાડે લઈને દારૂ છુપાવ્યો હતો. પોલીસે તપાસ કરતાં ત્યાંથી ૫૬૪ બોટલો મળી આવી હતી, જેની કિંમત અંદાજે ૭.૩૮ લાખ રૂપિયા થાય છે. પૃથ્વીએ કબૂલાત કરી હતી કે, તેને ટ્વિકલ સરદાર નામના વ્યક્તિએ દારૂ જથ્થો આપ્યો હતો. ■

મુંબઈ-ગોવા હાઈવે પર ગાયને બચાવવા જતા કાર બેકાબૂ થઇ પલટી ગઇ

રત્નાગિરી : દેશના હાઇવે પર પૂર ઝડપે કે દારૂના નશામાં અથવા ખોટી બાજુ ગાડી ચલાવવાના કારણે અનેક અકસ્માતો થાય છે. તે સાથે એક મોટી સમસ્યા છે રખડતા ઢોરની. તેના કારણે હાઇવે પર અનેક પ્રાણીઓના મોત થાય છે અને આવી ઘટનામાં વાહન ચાલકો પણ અકસ્માતનો ભોગ બને છે. મુંબઈ-ગોવા હાઇવે પર રત્નાગિરી જિલ્લાના રાજાપુર તાલુકામાં આવી જ એક મોટી દુર્ઘટના ઘટી હતી. એક ગાય અચાનક રસ્તા પર આવી જતા, તેને બચાવવા જતા એક ઝડપી કારે કાબુ ગુમાવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી, પરંતુ વાહનને ભારે નુકસાન થયું હતું.

વાયરલ ડેશ-કેમ વિડીયો મુજબ લાલ રંગની મારુતિ સુઝુકી વિટારા બ્રેઝા હાઇવે પર જઈ રહી હતી ત્યારે અચાનક એક ગાય રસ્તો ઓળંગી રહી હતી. ગાયને બચાવવા માટે ડ્રાઇવરે અચાનક ગાડી વાળતા કાર પરથી કાબુ ગુમાવી દીધો અને સ્લીપ થઇ ગઈ. ગાડી રસ્તાની બીજી બાજુ પલટી ખાઈ ગઈ અને પછી અટકી ગઈ હતી.

ઘટનામાં વાહનનો આગળનો ભાગ અને એક બાજુના ભાગને ખુબ નુકસાન થયું હતું, અને તેનું એક ટાયર પણ ફાટી ગયું હતું. સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું હતું કે અકસ્માત બાદ ડ્રાઇવર અને મુસાફરો સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા હતા અને તેમનો જીવ બચી ગયો હતો.

દીપડાના હુમલામાં પાંચ વર્ષની બાળકીનું મૃત્યુ

પુણેઃ દીપડાએ હુમલો કરતાં પાંચ વર્ષની બાળકીએ જીવ ગુમાવ્યો હોવાની પુણે જિલ્લામાં બનેલી ઘટના બાદ સ્થાનિકોએ સુરક્ષાનાં કડક પગલાં લેવાની માગણી કરી હતી.

વન વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ શરુર તહેસીલમાંના પિંપરખેડ ગામમાં રવિવારે બનેલી ઘટનામાં મૃત્યુ પામેલી બાળકીની ઓળખ શિવન્યા શૈલેષ બોમ્બે તરીકે થઈ હતી. બાળકી ઘર નજીકના ખેતરમાં કામ કરતા દાદાને પાણી આપવા જઈ રહી હતી.

જુન્નર ફોરેસ્ટ ડિવિઝનના અધિકારીએ જણાવ્યું હતું કે બાળકીના પરિવારનું ખેતર ઘર નજીક છે અને દાદાએ શિવન્યા પાસે પીવાનું પાણી મગાવ્યું હતું. પાણી લઈને બાળકી ખેતર તરફ જતી હતી ત્યારે દીપડાએ તેના પર હુમલો કર્યો હતો. ગરદનથી પકડીને દીપડો બાળકીને ખેતરમાં ખેંચી ગયો હતો. ઘટનાની જાણ થતાં અમુક લોકોએ દીપડાનો પીછો કર્યો હતો. બાદમાં બાળકીને છોડી દીપડો ભાગી ગયો હતો. ગરદન પર ગંભીર ઇજાને કારણે શિવન્યાને હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી, જ્યાં તેનું મૃત્યુ થયું હતું.

મુખ્યમંત્રી માઝી શાળા સુંદર શાળા સ્પર્ધાત્મક ઝુંબેશના અમલ માટેની કાર્યવાહી શરૂ થઈ ગઈઃ શાળા શિક્ષણ વિભાગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નમુખ્યમંત્રી માઝી શાળા સુંદર શાળાથ સ્પર્ધાત્મક ઝુંબેશને બે વર્ષમાં ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. ૨૦૨૫-૨૬માં આ ઝુંબેશના અમલ માટે રૂ. ૮૬.૭૩ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવી છે એવી માહિતી આપતાં શાળા શિક્ષણ વિભાગે જણાવ્યું હતું કે સુધારેલા માપદંડો અને નવી પહેલ સાથે આ ઝુંબેશના ત્રીજા તબક્કાના અમલ માટે સરકારી સ્તરે કાર્યવાહી ચાલી રહી છે.

વર્ષ ૨૦૨૫-૨૬ માટે નમુખ્યમંત્રી માઝી શાળા સુંદર શાળાથ ઝુંબેશના અમલ દરમિયાન, આ ઝુંબેશના માપદંડોમાં સુધારો કરવામાં આવશે.

કોસ્ટલ રોડ પરના પ્રોમોનેડ પર બે નવા બાયો ટોઈલેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ સોમવારે મુંબઈ કોસ્ટલ રોડના પ્રોમોનેડ પર બે બાયો ટોઈલેટ મુંબઈગરા માટે ખુલ્લા મુકયા હતા. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વર્ચ્યુલ ઉદ્‌ઘાટન કર્યા બાદ ૧૫ ઑગસ્ટના રોજ ૫.૫ કિલોમીટર લાંબા પ્રોમોનેડને જાહેર જનતા માટે ખુલ્લું મૂકવાના બે મહિના પછી બાયો ટોઈલેટની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ પહેલું શૌચાલય વરલી ડેરીની સામે આવેલા અંડરપાસ પાસે અને બીજું ખાન અબ્દુલ ગફાર ખાન રોડ પર બિંદુ માધવ ઠાકરે ચોકની ઉત્તરે આવેલા અંડરપાસ પાસે બનાવવામાં આવ્યું છે. સોલિડ વેસ્ટર મેનેજમેન્ટ વિભાગના ઈન્ચાર્જ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કિરણ દિઘાવકરે જણાવ્યું હતું કે કોસ્ટલ રોડ રીક્લેમ કરેલી (દરિયામાં ભરણી કરીને મેળવેલી જગ્યા) જમીન પર બનાવવામાં આવ્યો હોવાથી અહીં ગટરલાઈનના અભાવે તેના પર શૌચાલય બનાવવાનું એક પડકારજનક કામ હતું. તેથી અહીં બાઈ ટોઈલેટ બનાવવાનો વિકલ્પ અમલમાં મૂકવામાં આવ્યો હતો.

આ સુવિધાઓ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા ઉત્પાદિત બાયો-ડાઈજેસ્ટ ટાંકીથી સજ્જ છે. આ ટાંકીઓ આંતરિક રીતે જૈવિક કચરાની પ્રક્રિયા કરે છે. તેથી અંડરગ્રાઉન્ડ ગટર લાઈનની કોઈ આવશ્યકતા નથી. આ ઉપરાંત શૌચાલયો સંપૂર્ણપણે સોલાર પેનલ પર ચાલે છે. તેથી વીજળી અને વીજળી માટે લાઈનની પણ જરૂર નથી.

કોસ્ટલ રોડ પર કુલ ચાર બાયો ટોઈલેટ હશે. હાલમાં બે ખુલ્લા મૂકવામાં આવ્યા છે. બાકી બે આગામી પખવાડિયામાં ચાલુ કરી દેવામાં આવશે. દરેક શૌચાલયમાં ૧૧ શૌચાલય બેઠક છે. દિવ્યાંગ લોકો પણ તેને સરળતાથી વાપરી શકે તે મુજબના બનાવવામાં આવ્યા છે. પ્રિયદર્શની પાર્કથી બાન્દ્રા-વરલી સી-લિંકના વરલી છેડા સુધી ફેલાયેલો ૭.૪૭ કિલોમીટરનો પ્રોમોનેડ મરીન ડ્રાઈવ કરતા લાંબો છે અને તેમાં સાઈકલ ટ્રેક અને બેઠક વિસ્તારો પણ છે. આ રસ્તો બ્રીચ કેન્ડી એ વરલી ખાતે પ્રિયદર્શની પાર્ક વચ્ચે ફેલાયેલો છે અને દરિયાને સમાંતર ચાલે છે.

સાયબર ફ્રોડના આરોપી વિદ્યાર્થીને જામીન આપવાનો કોર્ટનો ઇનકાર

મુંબઈઃ ૩.૭ કરોડ રૂપિયાના સાયબર ફ્રોડ કેસના આરોપી ૧૯ વર્ષના વિદ્યાર્થીને વિશેષ સીબીઆઈ અદાલતે સોમવારે જામીન આપતાં ઇનકાર કરતાં જણાવ્યું હતું કે તે પોતાના જ્ઞાનનો દુરુપયોગ ગુનો આચરવા માટે કરી શકે છે અને તેને મુક્તિ આપવાથી તપાસમાં અવરોધ ઊભો થઈ શકે છે.

વિશેષ સીબીઆઈ ન્યાયમૂર્તિ બી. વાય ફોર્ડએ ચુકાદો આપતાં જણાવ્યું હતું કે પ્રથમ દૃષ્ટિએ સોફિસ્ટિકેટેડ મોડસ ઑપરેન્ડીનો ઉપયોગ કરીને આંતરરાષ્ટ્રીય કૌભાંડ આચરવામાં આવ્યું છે, જેમાં વિદેશી ફોન નંબરનો ઉપયોગ કરીને ગુનાની રકમને એકથી વધુ ખાતાઓમાં ફેરવવામાં આવી હતી. આ ગુનો સુસંગઠિત રીતે આચરવામાં આવ્યો હોવાનું જણાઈ રહ્યું છે અને નાગપુરના ૧૨મા ધોરણના વિદ્યાર્થીની નવમી જુલાઈએ ધરપકડ કરવામાં આવી હતી. આ કેસના મુખ્ય આરોપી ભાસ્કર પાલાંડેએ કથિત રીતે નિર્દોષ લોકો સાથે છેતરપિંડી કરીને ૩.૭૬ કરોડ રૂપિયાની ઉચાપત કરી હતી.

પાંચમા પાનાનું ચાલુ

સાથી પક્ષોને

જવાનો આગ્રહ રાખશે તો કૉંગ્રેસે ફેરવિચાર કરવો પડશે. આ બાબતને મહાવિકાસ આઘાડીના કોફિનનો પહેલો ખીલો માનવામાં આવી રહ્યો છે. આગામી દિવસોમાં આ રાજકીય ઘટનાક્રમ કેવો આકાર લે છે તે જોવાનું રહેશે. અહીં ઉલ્લેખનીય છે કે રાજ્યની બધી જ ૨૯ મહાનગરપાલિકાઓ અને બધી જ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં નોંધપાત્ર હાજરી ધરાવતો રાજ્યનો એકમાત્ર પક્ષ કૉંગ્રેસ છે. શરદ પવારની પાર્ટી હોય કે ઉદ્ધવ ઠાકરેની પાર્ટી બધી જ મનપા અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં તેમની હાજરી નથી. આવી સ્થિતિમાં ફરી એકવખત પાર્ટીને ઊભી કરવી હોય તો સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં પૂરી તાકાત સાથે ઉતરવું કૉંગ્રેસ માટે બધી રીતે લાભદાયક નીવડી શકે છે એવું કૉંગ્રેસના જ્યેષ્ઠ નેતાઓનું માનવું છે. જે રીતે કૉંગ્રેસ આગળ વધી રહી છે તે બાબતને ધ્યાનમાં લઈને આગામી દિવસોમાં શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરે કેવું વલણ અપનાવે છે તે જોવાનું રહેશે.

આનંદાચા શિધા

સાંભળવા મળી રહી છે. ભંડોળના અભાવે ઘણી યોજનાઓ અટકી પડી છે, ત્યારે વિપક્ષ વર્તમાન નાયબ મુખ્ય પ્રધાન અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની મહત્વાકાંક્ષી 'આનંદાચા શિધા' યોજના બંધ કરી હોવાના મુદ્દે સરકારને મૂંઝવણમાં ફસાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. આ દરમિયાન, શિવસેના (યુબીટી)ના નેતા અંબાદાસ દાનવેએ એકનાથ શિંદે મુખ્યપ્રધાન હતા ત્યારે સરકારે શરૂ કરેલી આઠ યોજનાઓની યાદી જાહેર કરી છે, જેને હવે બંધ કરી નાખવામાં આવી છે. દાનવેએ એવો દાવો કર્યો છે કે આ યોજનાઓ હવે બંધ થઈ ગઈ છે.

ઘોડબંદર રોડ પર

પરનો ઘાટ વિસ્તાર ખૂબ જ ખરાબ થઈ ગયો છે. સતત સમારકામને કારણે ત્યાં મોટા મોટા ખાડાઓ પડી ગયા છે. આ માટે, ફરી એકવાર અહીંના રસ્તાઓનું સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. જે ૧૪ ઓક્ટોબર સુધી ચાલુ રહેશે. તેથી આ માર્ગ પર ભારે વાહનોને ચિંચોટી ભિવંડી અને અન્ય વૈકલ્પિક માર્ગો તરફ વાળવામાં આવ્યા છે. જેને કારણે વાહનોની લાંબી કતારો રાષ્ટ્રીય ધોરીમાર્ગ સુધી પહોંચી છે. વર્સોવા બ્રિજથી ચિંચોટી, વસઈ ફાટા સુધી દસથી બાર કિલોમીટર લાંબી વાહનોની કતારો જોવા મળે છે. સોમવારે સવારે પણ ટ્રાફિક જૅમ હોવાથી, કામ પર જતા મુસાફરોના હાલ થયા હતા. તેમજ સ્કૂલ બસો અને એમ્બ્યુલન્સને પણ અસર થઈ હતી.

હાઇવે પર બાપાણે, માલજીપાડા, સસુનવઘર, બોબટપાડા, પઠારપાડા, સાસુપાડા જેવા ગામો આવેલા છે. હાઇવે આ નાગરિકો માટે પરિવહન માટે મુખ્ય રસ્તો છે. આ વિસ્તારના રહેવાસી પ્રશાંત પાટીલે જણાવ્યું હતું કે ટ્રાફિકને કારણે રહેવાસીઓનું રોજીંદુ જીવન ખોરવાઈ ગયું છે. ટ્રાફિક જામ ટાળવા માટે, ઘણા વાહનચાલકોએ વસઈ-ભાયંદર રો-રો સેવાનો વિકલ્પ પસંદ કર્યો. જોકે, આનાથી રો-રો સેવા પર દબાણ વધ્યું અને વસઈ કિલ્લા સુધી રસ્તાઓ પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. સતત બીજા દિવસે પણ આવી જ સ્થિતિ હતી.

અનેક લોકોને

ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ બપોરના સમય હોવાથી અનેક લોકો લંચ ટાઈમ હોવાથી બહાર હતા. તો આગની જાણ થતા ઓફિસમાં બેસેલા લોકો સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા હતા. છતાં અનેક લોકો ઉપરના માળા પર ફસાઈ ગયા હોવાનું જણાઈ આવ્યું હતું. કાચની બિલ્ડિંગ હોવાથી ધુમાડો અંદર ફેલાઈ જતા અનેક લોકો બહાર નીકળી શકયા નહોતા. તેમને ફાયરબ્રિગેડે હેમખેમ બહાર કાઢ્યા હતા.

કુર્લામાં ઓટો પાર્ટની દુકાનમાં આગ, ૨૦ દુકાનો રાખ

મુંબઈઃ કુર્લા (પશ્ચિમ)માં કાપાડિયા નગરમાં સોમવારના વહેલી સવારના ઓટોમોબાઈલ સ્ટોરમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગમાં ૨૦ યુનિટ સ્ટોરેજ યુનિટ બળીને ખાખ થઈ ગયા હતા. લગભગ સાડા પાંચ કલાકની જહેમત બાદ આગ નિયંત્રણમાં આવી હતી. સદ્‌નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

શહાપૂરમાં પણ આગની ઘટના

થાણેઃ થાણે જિલ્લાના શહાપુરમાં આવેલા ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં આવેલા પ્લાસ્ટિક મેન્યુફેક્ચરિંગ યુનિટમાં સોમવારે સવારના ભીષણ આગ ફાટી નીકળી હતી. સદ્‌નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ શાહપુર તાલુકના આસનગાંવમાં સવારે ૧૦ વાગ્યાની આસપાસ પ્લાસ્ટિકની વસ્તુઓનું ઉત્પાદન કરનારી ફેકટરીમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે તરત ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી.

સાવધાન!

એક ટેલિકોમ કંપનીના પ્રતિનિધિ હોવાનો દાવો કરતી વ્યક્તિનો ફોન આવ્યો હતો. ફોનમાં રહેલા ફિઝિકલ સિમ કાર્ડનું રૂપાંતર ઈ - સિમ તરીકે કરવાની ઈચ્છા ધરાવે છે કે કેમ એવું ફોન કરનારે ડોક્ટરને પૂછ્યું હતું. ઈ - સિમ એટલે સ્માર્ટ ફોન, ટેબ્લેટ અથવા લેપટોપ જેવા ઉપકરણમાં ઇન્સ્ટોલ કરવામાં આવતું ડિજિટલ સિમ.

ઈ-સિમનો ફાયદો એ છે કે નેટવર્ક બદલતી વખતે દરેક વખતે સિમ બદલવાની ઝંઝટ નથી કરવી પડતી. ઈ-સિમ ક્યૂઆર કોડ, ઍપ અથવા વેબ પેજ દ્વારા ડિજિટલ રીતે એક્ટિવેટ કરી શકાય છે.

ડોક્ટરે આ ઓફર સ્વીકારી લીધી. ફોન કરનારે ડોક્ટરને તેમના ફોન પર ટેલિકોમ નેટવર્કની સત્તાવાર ઍપ ખોલવા અને ઇ-સિમ માટે વિનંતી કરવા કહ્યું. ડોક્ટરને એક ઓટીપી મળ્યો, જે તેણે કોલર સાથે શેર કર્યો. તેમને કહેવામાં આવ્યું હતું કે ૨૪ કલાકની અંદર તેમનું ફિઝિકલ સિમ નિષ્ક્રિય થઈ જશે અને ઈ-સિમ કામ કરવા લાગશે. જોકે, એવું કંઈ થયું નહીં. ૧૬ સપ્ટેમ્બરે ડોક્ટરને એક સૂચના મળી કે કોઈએ સવારે ૮:૩૯ વાગ્યે તેમના ઇમેઇલને ખોલ્યો છે. તેમના ઇમેઇલ એકાઉન્ટનો પાસવર્ડ અને પુનઃપ્રાપ્તિ વિગતો બદલાઈ ગઈ હતી. કંઇક ગરબડ હોવાનો અણસાર આવતા ડોક્ટર તરત પોતાનું ખાતું બ્લોક કરવા અને છેતરપિંડીથી ખાતામાં લેવડદેવડ રોકવા માટે બેંકમાં ગયા.

બેંકમાં તેમને જાણ કરવામાં આવી કે તેમના ખાતામાંથી ૧૦ લાખ ૫૦ હજાર રૂપિયા બીજા ખાતામાં ટ્રાન્સફર થઈ ચૂક્યા છે. તેઓ બીજી બ્રાન્ચમાં ગયો ત્યારે તેને ખબર પડી કે આ રકમ તરત જ આઈએમપીએસ અને યુપીઆઈ દ્વારા વિવિધ સ્થળે ટ્રાન્સફર કરવામાં આવી છે. ત્યારબાદ ડોક્ટરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ધોરણ ૧૦

૧૦ની પરીક્ષા ૨૦ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ દરમિયાન લેવામાં આવશે. દિવાળી પહેલાં જ વાર્ષિક પરીક્ષાની તારીખો જાહેર કરવામાં આવી હોવાથી, વિદ્યાર્થીઓએ લેખિત પરીક્ષાની તૈયારી શરૂ કરી દેવી પડશે.

મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬માં નવ ઝોનલ બોર્ડ એટલે કે પુણે, નાગપુર, છત્રપતિ સંભાજીનગર, મુંબઈ, કોલ્હાપુર, અમરાવતી, નાસિક, લાતુર અને કોંકણ દ્વારા લેવામાં આવનારી ૧૦ અને ૧૨ની પરીક્ષાઓની તારીખો જાહેર કરી છે.

૧૨માં ધોરણના વિદ્યાર્થીઓ માટેની પરીક્ષા ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬થી ૧૮ માર્ચ ૨૦૨૬ દરમિયાન લેવામાં આવશે. આ પરીક્ષા માહિતી ટેકનોલોજી અને સામાન્ય જ્ઞાન વિષયોની ઓનલાઈન પરીક્ષા સાથે લેવામાં આવશે. જ્યારે ૧૦મા ધોરણની પરીક્ષા ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬થી ૧૮ માર્ચ ૨૦૨૬ દરમિયાન લેવામાં આવશે.

પ્રેક્ટિકલ, મૌખિક પરીક્ષા ક્યારે?

૧૨મા ધોરણની પ્રેક્ટિકલ, ગ્રેડેડ, મૌખિક અને આંતરિક મૂલ્યાંકન તેમજ એનએસક્યુએફ આંતરિક અભ્યાસક્રમની પ્રેક્ટિકલ પરીક્ષા ૨૩ જાન્યુઆરી ૨૦૨૬થી ૯ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન લેવામાં આવશે. ૧૦મા ધોરણની પ્રેક્ટિકલ અને મૌખિક પરીક્ષા ૨ ફેબ્રુઆરી ૨૦૨૬થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન લેવામાં આવશે.

અનુસૂચિત જાતિ

છે. તેથી, તેમને કોઈ અસર થશે નહીં. અહીં ઉલ્લેખનીય છે કે ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકરનો વોર્ડ પણ અનામત શ્રેણીમાં આવી ગયો છે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ પૂરજોશમાં ચાલી રહી છે અને વોર્ડની સીમાઓ નક્કી થયા પછી, બધા ઉમેદવારો અને રાજકીય પક્ષોનું ધ્યાન અનામત પર કેન્દ્રિત થયું છે. રાજ્ય સરકારે એક જાહેરનામું બહાર પાડીને મુંબઈ મહાનગરપાલિકા માટે અનુસૂચિત જાતિ અને જનજાતિના અનામત માટેના નિયમો જાહેર કર્યા છે. મુંબઈ મહાનગરપાલિકાના વોર્ડમાં અનામત બેઠકો ફાળવવાની અને તે બેઠકોને રોટેશનમાં ફેરવવાની પદ્ધતિ - નિયમો ૨૦૨૫ના નામ હેઠળ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ સૂચના અનુસાર, આ વર્ષની ચૂંટણી માટે રોટેશન પદ્ધતિ માટે પ્રથમ ચૂંટણી સ્વીકારવામાં આવી છે. એટલે કે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોની સૌથી વધુ વસ્તી ધરાવતા વોર્ડ અનામત રહેશે.

હવે સ્પષ્ટ થઈ ગયું છે કે મુંબઈમાં કયા વોર્ડ આ નિયમ હેઠળ અનામત રાખવામાં આવશે. મુંબઈમાં ૧૫ બેઠકો અનુસૂચિત જાતિ માટે અને ૨ બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવશે. આ ૧૭ બેઠકોમાંથી, પંદર બેઠકો પર શિવસેનાના બંને જૂથોના ભૂતપૂર્વ કોર્પોરેટરો છે, જ્યારે ફક્ત બે બેઠકો પર ભાજપના ભૂતપૂર્વ કોર્પોરેટરો છે. આમાં ઠાકરેની શિવસેનાના આઠ, એકનાથ શિંદેની પાર્ટીના પાંચ અને કોંગ્રેસના બે ભૂતપૂર્વ કોર્પોરેટરોનો સમાવેશ થાય છે. કોંગ્રેસના બે કોર્પોરેટરોમાંથી ગંગા માને શિંદેની શિવસેનામાં જોડાઈ ગયા હોવાથી તેમની પણ સમસ્યા છે. અગાઉ, મુંબઈમાં પરિપત્ર રીતે અનામત જારી કરવામાં આવી હતી. તેથી, ૨૦૦૭, ૨૦૧૨, ૨૦૧૭માં ઉતરતા ક્રમમાં અનામત આપવામાં આવી હતું. એટલે કે, ૨૦૦૭ માં અનામત રાખેલા વોર્ડને બાદ કરતાં, નીચેના વોર્ડમાં અનામત આપવામાં આવી હતી.

જૈન મરણ

જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન

જામવણથલી નિવાસી હાલ મલાડ સ્વ. સવિતાબેન મણીલાલ માણેકચંદ મહેતાના સુપુત્ર ડો. હિતેશભાઇ (ઉં. વ. ૫૯) તા. ૧૨-૧૦-૨૫ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. તે હીનાબેન (રક્ષાબેન)ના પતિ. સૃષ્ટિ અને રુષભના પિતાશ્રી. પ્રતીકકુમાર પ્રવિણભાઇ માંગુકિયાના સસરા. વર્ષાબેન દીલીપકુમાર વોરા, પ્રતિભાબેન ભૂપેન્દ્રભાઇ શાહ તથા મીનાબહેન મહેતાના ભાઇ. તે અલીયાબાડા નિવાસી જયચંદ્ર તલકશી ફોફરીયાના જમાઇ. ભાવયાત્રા મંગળવાર તા. ૧૪-૧૦-૨૫ના સવારના ૧૦થી ૧૨. ઠે. નૂતન આરાધના ભવન પહેલે માળે, દિશા દર્શન, નડિયાદવાળા કોલોની રોડ નંબર-૨, મલાડ (વેસ્ટ).

ઝાલાવાડી સ્થાનકવાસી જૈન

ચુડા નિવાસી હાલ માટુંગા સ્વ. નયનાબેન તથા કિર્તીભાઇ તુરખીયાના સુપુત્ર કૌશલ (ઉં. વ. ૫૧) તા. ૧૨-૧૦-૨૫ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. તે સલોનીના પતિ. ખુશીના પિતા. વિધિ નિતિન મહેતાના ભાઇ. રમોલાબેન રસીકલાલ કામદારના જમાઇ. સ્વ. સુરેશભાઇ, સ્વ. વિજયભાઇ, પ્રકાશભાઇ તથા કિરણભાઇના ભત્રીજા. પ્રાર્થનાસભા તા. ૧૪-૧૦-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. ક્રિસ્ટલ બેન્કવેટ, ૨જે માળે, માનવ સેવા સંઘ, સાયન (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

જેતપુર નિવાસી હાલ મુંબઇ પ્રફુલ્લભાઇ (કાકુભાઇ) કામદાર (ઉં. વ. ૮૭) તા. ૧૨-૧૦-૨૫ના રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કમળાબેન દિલસુખભાઇના સુપુત્ર. રસિકાબેનના પતિ. અ. સૌ. ધારા પ્રતિકભાઇ શાહના પિતા. મુકુંદભાઇ, લલિતભાઇ, કુંદનબેન, નીરુપમાબેન, પ્રતિભાબેન અને સરયુબેનના ભાઇ. રાજેન્દ્રભાઇ વાડીલાલ શાહના અને જ્યોત્સનાબેન કુમારપાલ શાહના બનેવી. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૪-૧૦-૨૫ સાંજે ૫થી ૭. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગરોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ), લૌકિક વ્યવહાર બંધ છે.

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

મહુવા નિવાસી હાલ કાંદિવલી અંજવાળીબેન સોમચંદ ગોરધન શાહના સુપુત્ર રસિકલાલ સોમચંદ શાહ (ઉં. વ. ૯૨) તા. ૧૨-૧૦-૨૫ રવિવારના કાંદિવલી અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેન, દીપકભાઇ, નિલેશભાઇ, પ્રીતિબેન, પારસભાઇના પિતા. કિર્તિભાઇ, જયશ્રીબેન, જાગૃતિબેન, કિશોરભાઇ, પિંકીબેનના સસરા. રુષભ, રીશિત, ફ્રેની, પાર્થી, પાર્થ, રિંકુ, પુનિત, હેતલ, હર્ષિતના દાદા. હીરાબેન, જયાબેન, લલિતભાઇ, લતાબેનના ભાઇ. શ્વસુર પક્ષે સાવરકુંડલાવાળા અમૃતલાલ અમીચંદ સંઘવીના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૧૧, સિદ્ધિચલ ગિરી, અશોકનગર, કાંદિવલી (પૂર્વ).

દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

ચલાલા નિવાસી હાલ બોરીવલી સ્વ. જ્યોત્સનાબેન મનહરલાલ લાખાણીના સુપુત્ર ભરતભાઇના ધર્મપત્ની અ. સૌ. જસવિકાબેન તા. ૧૨-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પાયલ તથા સૌરભના માતુશ્રી. અમિત તથા નિધીના સાસુ. આર્યન તથા શ્લોકના નાનીજી. ભારતીબેન, સ્વ. રેખાબેન, ધીરેનભાઇ, મયુરીબેન, કલ્પનાબેન તથા સ્વ. ભદ્રેશભાઇના ભાભી. સ્વ. સવિતાબેન રમણીકલાલ લક્ષ્મીચંદ સરૈયાની સુપુત્રી. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪-૧૦-૨૫ મંગળવારના ૪થી ૬. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, સર્વોદય હોલ, એલ.ટી.રોડ, ડાયમન્ડ ટોકીઝ, બોરીવલી (વેસ્ટ).

ઘોઘારી વિશાશ્રીમાળી જૈન

મહુવા નિવાસી હાલ અંધેરી વેસ્ટ પુષ્પાબેન દોશી (ઉં. વ. ૯૧) તે સ્વ. હસમુખભાઈ હરજીવનદાસ મૂળજી દોશીના ધર્મપત્ની. પિયરપક્ષે સ્વ. દામોદર ઠાકરસી શાહની દીકરી. સ્વ. ચેતનાબેન, નીલેશભાઈ, રાકેશભાઈના માતુશ્રી. પ્રીતિબેન, ફાલ્ગુનીબેનના સાસુ. અમિષી, મિથિલ, ફેનિલના દાદી. તા. ૧૩/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. માતૃવંદના જલારામ હોલ, જેવીપીડી સ્કીમ, વિલે પાર્લે વેસ્ટ, ૧૫/૧૦/૨૦૨૫ના સાંજે ૩ - ૫.

કચ્છી વિશા ઓશવાળ જૈન

ત્રગડી (સંભવપુર)ના શાંતીલાલ મેઘજી ગોગરી (ઉં.વ. ૭૨) તા. ૧૧-૧૦-૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. હાંસબાઇ મેઘજીના પુત્ર. કસ્તુરના પતિ. ચાર્મી, પાયલના પિતાશ્રી. નાગજી, હીરજી, બિદડાના ભાણબાઇ ભવાનજી, વનલતા રમણીક, નાની ખાખરના હંસાબેન વસંત, રામાણીયાના મંજુલા વશનજી, ગોધરાના રેખા ચુનીલાલના ભાઇ. ભુજપુરના દેમીબેન કરમશી લીલાધરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. નિ. કસ્તુર ગોગરી, સી-૬૦૨, કૈલાશ કોમ્પ્લેક્ષ, એલ. બી.એસ. રોડ, ભાંડુપ (વે.).

દેવપુરના લક્ષ્મીબેન જેઠાલાલ નિસર (ઉં. વ. ૮૫) તા. ૧૧/૧૦/૨૫ના અવસાન પામેલ છે. જેઠાલાલના પત્ની. પાનબાઈ ભીમશી ખીયશીના પુત્રવધૂ. સતીષ, દક્ષા, પ્રીતિ, દિનેશના માતુશ્રી. મકડાના રાજબાઈ હરશી આશારીયાના સુપુત્રી. દેવરાજ, નવીન, શાંતીલાલ, કોટડી (મ)ના ભાનુબેન સુંદરજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રીતિ વિક્માણી, ૬૦૧, ભૂમિ સદાશીવ, રોડ નંબરઃ ૭, સાંતાક્રુઝ (ઇ.).

મેરાઉ (હાલે જબલપુર)ના સુંદરબાઈ પ્રેમજી વીરા (ઉં. વ. ૯૨) તા. ૧૦.૧૦.૨૫ના અરિહંશરણ પામ્યા છે. સ્વ. પ્રેમજી ના પત્ની. પુરબાઈ દામજી લખમશી ના પુત્રવધુ. દિનેશ, ચંદ્રેશ, નિતિન, પંકજ, સંજય ના માતા. રાયણ ના મકાબાઈ રતનશી ગોવર ના પુત્રી. નાંગલપુર હીરબાઈ લક્ષ્મીચંદ, ફરાદ્રી ઉષા મેઘજી, રાયણ કંચન મણીકાંત, મહેન્દ્રના બેન. પ્રાર્થના રાખેલ નથી. દેહદાન કરેલ છે. નિવાસ : સંજય વીરા, ૧૪/૨, પુષ્પકુંજ કોલોની, ગોરખપુર, જબલપુર, (મ.પ્ર.).

પત્રીના રોહિત જેઠાલાલ રવજી શાહ (ધરોડ) (ઉં. વ. ૬૧) તા. ૧૧-૧૦-૨૫ ના અવસાન પામેલ છે. મણીબેન જેઠાલાલના પુત્ર. ભારતીના પતિ. યશ, મીતના પિતા. હિતેશ, વિલ્પાના ભાઈ. લક્ષ્મીબેન સુરજીના જમાઈ. પ્રા. શ્રી માટુંગા ક.મૂ.શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા. ૪ થી ૫.૩૦.

ગોધરાના નાનજી લાલજી ભેદા (ઉં. વ. ૯૦) તા. ૧૧.૧૦.૨૫ ના અવસાન પામ્યા છે. માતુશ્રી લધીબાઈ લાલજી કેશવજી ભેદાના સુપુત્ર. નિર્મળાબેનના પતિ. હિતેન, ભારતીના પિતાશ્રી. સુંદરજીભાઈ, તલકશીભાઈ, દેવચંદભાઈ, જીતુભાઈ, બાડાના મણીબેન લાલજી ગડા, કોટડા-રોહાના નવલબેન કેશવજી ગાલાના ભાઈ. બાડાના હીરબાઈ/મણીબેન શીવજી હેમરાજ નંદુના જમાઈ. પ્રાર્થના : આજે ૩ થી ૪.૩૦, ઠે. યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફલોર, દાદર-ઈસ્ટ.

સ્થાનકવાસી જૈન (કાળધર્મ)

વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ-બોરીવલી (વે.) પૂ. મહાસતીજી આત્મદયાજી (સંસારી નામ પૂ. માતુશ્રી લીલાબેન ચંદુભાઇ વોરા) ગૌતમગઢ (સુરેન્દ્રનગર) નિવાસી હાલ મુંબઇ (ઉં.વ.૯૦) ચૌવિહારા જાવજીવ સંથારાના પચ્ચકખાણ લીધેલ. જે સાંથરો તા. ૧૨-૧૦-૨૫ના સીઝી ગયેલ છે. પતિ. સ્વ. શ્રી ચંદુલાલ પોપટલાલ વોરા, પુત્ર-અનિલભાઇ, કમલેશભાઇ, જસ્મીનભાઇ-પુત્રવધુ : રીટાબેન, પારુલબેન, સોનલબેન. પુત્રીઃ પારુબેન શરદભાઇ જસવાણી. પીયરપક્ષ સુરેન્દ્રનગર નિવાસી માતુશ્રી મરઘાબેન હરીલાલ શાહ. ગુણાનુવાદ તા. ૧૪-૧૦-૨૫ના મંગળવારે સવારે ૯.૦૦ કલાકે સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, એલ. ટી. રોડ, બોરીવલી.

હિન્દુ મરણ

ભેરાઇવાળા હાલ કાંદિવલી, દમયંતીબેન તે સ્વ. જયંતકુમાર શામળદાસ ગોરડિયાના ધર્મપત્ની (ઉં. વ. ૮૧) તા. ૧૦/૧૦/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. ઉદય, પરેશ, હિમા મનીષ દાની, કવિતા યોગેશ ગાંધીના માતુશ્રી. ચૌલા, તોરલના સાસુ. વસુમતી હર્ષદભાઈ, ઉષાબેન બાબાભાઈ, ચારુબેન હરેશભાઈ ગોરડિયા, કુમુદબેન ભીખાભાઈ દોશી, નીલમબેન પ્રફુલભાઈ પારેખના ભાભી. રાજુલાવાલા જયાબેન ઓધવજી મેહતાની દીકરી. અન્વી અમન ગુપ્તા, આદિત્ય, પ્રિથા, પ્રિશાના દાદી. લૌકિક પ્રથા બંધ છે.

પાલવાડા ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ

શ્રીમતિ જ્યોત્સનાબેન પંડ્યા (ઉં. વ. ૯૮) તે સ્વ. ઉપેન્દ્રભાઈના પત્ની. કૌશિકભાઈ, ભરતભાઈ, ઉમેશભાઈ તથા હેમાબેનના માતાશ્રી. દર્શનાબેન, નિમિષાબેન તથા જયેશભાઈ ભટ્ટના સાસુ. તા.૧૦/૧૦/૨૫ના દેવલોક પામ્યા છે.

કચ્છી લોહાણા

સ્વ. કસ્તુરબેન (ગોદાવરીબેન) ભવાનજી લક્ષ્મીદાસ સોતા માંડવીવાળા હાલ મુલુંડના પુત્ર જગદીશભાઇ (ઉં. વ. ૭૧) તે ઉષાબેનના પતિ. ગં. સ્વ. રુક્ષ્મણીબેન રામજી લાલજી કારીયા ગામ ખોભડીવાળાના જમાઇ. સોમવાર, તા. ૧૩-૧૦-૨૫ના રામશરણ પામેલ છે. તે કપિલ અને મેઘના (મોના)ના પિતા. તે કવિતા અને વિકાસભાઇના સસરા. તે સ્વ. રામજીભાઇ, ગં. સ્વ. પુષ્પાબેન દામજીભાઇ સોમૈયા, સ્વ. નરેન્દ્રભાઇ, સ્વ. કિશોરભાઇ, સૌ. જ્યોતિબેન બિપીનભાઇ પલણના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર તા. ૧૪-૧૦-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. જીવરાજ ભાણજી હોલ, અશોક નગર, મેહુલ ટોકીઝની પાછળ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

હાલાઇ લોહાણા

થાણા નિવાસી ગં. સ્વ. ચંદ્રિકાબેન પંચમતિયા (ઉં. વ. ૮૭) તે સ્વ. મોહનલાલ વીઠલદાસ પંચમતિયાના પત્ની. સ્વ. કાંતાબેન પદમનાભ સોમૈયાના પુત્રી. સ્વ. ગીતાબેન, હસમુખભાઇ, સ્વ.ભરતભાઇના બહેન. કેતનભાઇ, રૂપાબેનના માતુશ્રી. અ. સૌ. સીમા કેતન પંચમતિયા તથા જયંતભાઇ નાનજીના સાસુમા. મોનિકા મીતભાઇ મોદી, ધારા, મૌલિકભાઇ જટાણીયાના દાદીમા. તથા રૂચી જયંતભાઇ નાનજીના નાનીમા. તા. ૧૧-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

કપોળ

અમરેલીવાળા હાલ દહાણુ સ્વ. ગંગાબેન નંદલાલ મહેતાના પુત્ર અરવિંદભાઇ (ઉં. વ. ૭૯) રવિવાર, તા. ૧૨-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ગં. સ્વ. મનોરમા મહેતાના પતિ. તે હેતલ ઉમેશ સંઘવી, ભાવી દિપક સંઘવી, વૈશાલી કલ્પેશ મહેતા, ઋતિકા હાર્દિક પારેખના પિતા. તે ધ્રુમિલ, ધ્વની, રાહુલ, હિરલ, રાજ, નિત્ય અને કાવ્યાના દાદા. તે સ્વ. અરુણાબેન અનંતરાય મહેતા તથા અ. સૌ. મધુબેન ભરતભાઇ પારેખના ભાઇ. તે શ્વસુર પક્ષે ફોર્ટ સોનગઢવાળા સ્વ. નટવરલાલ નગીનદાસ શેઠના જમાઇ. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૧૪-૧૦-૨૫ના ૪થી ૬. ઠે. દશા શ્રીમાળી વણિક સમાજ હોલ, દહાણુ રોડ (પશ્ચિમ), જિલ્લો પાલઘર.

કચ્છી લોહાણા

સ્વ. મણીબાઇ, સ્વ. કાનજીભાઇ લીલાધર રૂપારેલ ગામ કોમ ચોરાવાળાની પૌત્રી સ્વ. કિશોરીબેન, સ્વ. હંસરાજભાઈની પુત્રી રેખા (ઉં.વ. ૫૧) હાલ ડોમ્બિવલી તે સ્વ. લીલાવંતીબેન, સ્વ. કુંવરજી સુંદરજીભાઇ સોનેતા ગામ વરસામેડીવાળાની દોહિત્રી. તે યશની માતાશ્રી. સ્વ. હિતેશ, મહેશ (મયૂર)ની નાની બહેન. અરુણાબહેનની નણંદ. તા. ૧૨-૧૦-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

પુષ્કર્ણા બ્રાહ્મણ

ગામ કચ્છ મુંદ્રા હાલ ડોમ્બિવલી રમેશ ઇશ્વરલાલ પણીયા (ઉં. વ. ૬૮) તે સ્વ. સુશીલા ઇશ્વરલાલ પણીયાના પુત્ર. તે સ્વ. અશ્વિન, સ્વ. જયસિંહ, સ્વ. બીના, સ્વ. ધીરજના ભાઇ. અ. સૌ. સ્વ. રક્ષાના પતિ. જય અને દીપના પિતા. શીતલના સસરા. સ્વ. તારાબેન વિનોદ પટેલના જમાઇ. તા. ૧૨-૧૦-૨૫ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

૨૫ ગામ ભાટિયા

ગ. સ્વ. મૃદુલા ભાનુકુમાર સંપટ તે ભગવાનદાસ વેદના દીકરી. ઉમેશ, તેજલના માતુશ્રી. ગૌતમ શાહના સાસુ. કૃષ્ણા શાહના નાની રવિવાર, તા. ૧૨-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૪-૧૦-૨૫ના ૫થી ૭. ઠે. વનિતા વિશ્રામ હોલ, ૩૯૨, એસ.વી.પી. રોડ, રિલાયન્સ હોસ્પિટલની બાજુમાં રાખેલ છે.

હાલાઇ લોહાણા

ગોંડલ નિવાસી હાલ મીરારોડ સ્વ. દયાબેન હસમુખલાલ જોબનપુત્રાના પુત્રવધૂ બિંદુબેન રશ્મિકાંત જોબનપુત્ર (ઉં.વ.૪૮) તે રશ્મીકાંતના ધર્મપત્ની. સ્વ. રમણીકલાલ મોહનલાલ નથવાણી તે કલ્યાણવાળાના દીકરી. તે યશ, કેયુરના માતુશ્રી. તે પ્રફુલાબેન કમલેશકુમારના ભાભી. તા. ૧૩-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪-૧૦-૨૫ના ૪થી ૫.૩૦. ઠે. લુહાણા મહાજનવાડી, ૧લે માળે, કાંદિવલી (વેસ્ટ).

મોઢ વણિક

ગામ વડોદરા હાલ મુંબઇ જોગેશ્વરી સ્વ. રમણલાલ મદનલાલ માસ્ટરના ધર્મપત્ની ગં. સ્વ. હંસાબેન માસ્ટર (ઉં.વ.૮૭)ના તા. ૧૨-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે બિંદુ, દિનેશ અને સંજયના માતુશ્રી. દક્ષા અને જીતાના સાસુ. આશીષ અને યશના દાદી. નિશીતાના વડસાસુ. તે ત્રિભુવનદાસ ફૂટવાલા અને ઇચ્છાબેન ફૂટવાલાના સુપુત્રી સ્વર્ગવાસી થયા છે.

હાલાઈ લોહાણા

મેંદરડા હાલ વિલેપાર્લે, સ્વ. નાથાલાલ ગોકલદાસ રાચ્છ (ઠક્કર) ના પુત્રવધૂ. અ. સૌ કનકલતા (ઉં. વ. ૭૮) તે નીતિનકુમારના પત્ની, સ્વ. શૈલેષ, જયેન્દ્ર, મનોજ, નયના, સ્વ. પંકજના ભાભી. શિલ્પા પ્રવિણ જૈન, શેફાલી સંદીપ સુચક, શમિત અને શિશિરના માતુશ્રી. નિકિતા અને સોનલના સાસુ. સ્વ. નારણદાસ હરિદાસ કોટડિયાના પુત્રી રવિવાર તા. ૧૨-૧૦-૨૫ના સ્વર્ગવાસ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર તા. ૧૪-૧૦-૨૫ના ૫ થી ૭. ચતવાણી બાગ, ગોખલે રોડ, વિલેપાર્લે (પૂર્વ). લૌકિક વ્યવહાર બંધ છે.

કપોળ

અમરેલીવાળા હાલ કાંદીવલી, સ્વ. વ્રજલાલ રૂગનાથ મહેતાના પુત્ર સ્વ.કીર્તિકાંતના ધર્મપત્ની વર્ષાબેન (ઉં. વ. ૮૦) તે પ્રીતિ, શિલ્પા, કલ્પેશના માતુશ્રી. જયંત ભુતા, બ્રિજેશ મહેતા તથા વૈશાલીના સાસુ. સ્વ.કાંતિભાઈ, ભારતીબેન ધરમદાસ મહેતા તથા સ્વ. રક્ષાબેન શશીકાંત પારેખના ભાભી. પિયરપક્ષે સ્વ.રાધાબેન વ્રજલાલ વનમાલિદાસ મહેતા (મહુવાવાળા) ના દીકરી. તા.૧૦/૧૦/૨૫ને શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે. સાદડી તેમજ લૌકિક પ્રથા બંધ છે.

કચ્છી લોહાણા

સ્વ. લક્ષ્મીદાસ લીલાધર દુઆખોભડીયા (કમાણી) કચ્છ ગામ ગુવર હાલે પુના નિવાસીના પુત્ર તે સ્વ. ભગવતીબેનના પતિ દેવકરણ લક્ષ્મીદાસ કમાણી (ઉં.વ.૮૯) રવિવાર તા.૧૨/૧૦/૨૫ના પૂના મુકામે રામશરણ પામેલ. મીનાબેન લક્ષ્મીદાસ કતીરા, સ્વ. સીતાબેન હિરેન રૂપારેલ, રમેશભાઈ કમાણી, ગં. સ્વ. રેખાબેન વસંતભાઈ ગણાત્રા, ગં. સ્વ. વંદનાબેન અનિલભાઈ આડઠક્કર અને હેમાબેન હિતેશભાઈ ભીંડેના પિતા. પૂજાબેન રમેશભાઈ કમાણીના સસરા. રામજી પૂંજા મંડળવિઝાર કચ્છ ગામ અઈડાવાળાના જમાઈ. સ્વ. મંજુલાબેન હીરજીભાઈ ઘનસોતાના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર તા. ૧૪/ ૧૦/૨૫ના ૪ થી ૬. મહાવીર પ્રતિષ્ઠાન શૈલેષબરી પાર્ક ગુલટેકડી પુના.

કચ્છી લોહાણા

સ્વ. મોંઘીબેન ખેરાજભાઈ તન્ના કચ્છ ગામ ગુવર હાલે નાસિક નિવાસીના પુત્ર તે સ્વ. કલાવતીબેનના પતિ ટેકચંદ તન્ના (ઉં.વ.૭૮) તા. ૧૧/૧૦/૨૫ શનિવારના રામશરણ પામેલ છે. વિજયભાઈ, સરોજબેન તથા જયેશભાઇના પિતાશ્રી. રશ્મિબેન તથા શીતલબેનના સસરા. સ્વ. લક્ષ્મીબેન દામજી પલણ, દિનેશભાઈ, અરુણાબેન તુલસીદાસ રૂપારેલ, સ્વ. દેવીબેન કાંકરિયા, રેખાબેન રાજેન્દ્રભાઈ ખોભડીયા અને સ્વ. મહેન્દ્રભાઈ ખેરાજ તન્નાના ભાઈ. પાર્વતીબેન જાદવજી ચંદનના જમાઈ. તેમની પ્રાર્થના બંને પક્ષ માટે તા. ૧૪.૧૦.૨૫, મંગળવાર ૪ થી ૫:૩૦. શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, ડિંડોરી રોડ, નાસિક. લૌકિક વ્યવહાર બંધ છે.

પારસી મરણ

હોમી જમશેદજી મિસ્ત્રી તે મરહુમો ધનમાય જમશેદજી મીસ્ત્રીના દીકરા. તે મરહુમો સીલ્લુ દારા બારીયા ને કેકી જમશેદ મીસ્ત્રીના ભાઇ. તે ફરોખ, વિરાફ, હોમાય, પૌરૂચીસ્તી બમનના મામા. (ઉં.વ. ૯૧) રે. ઠે. પારેખ ધર્મશાળા, હ્યુજીસ રોડ, ખરેઘાટ કોલોની. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૪-૧૦-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, મીઠાઇવાલા અગિયારીમાં છેજી.

જેમી શાવકશાહ ભરૂચા (ગમીર) તે મરહુમ રતનબઇ તથા શાવકશા દોરાબજી ભરૂચા (ગમીર)ના દીકરા. તે મરહુમો દિના નોશીર ગમીર, સરોષ, પરવેઝ અને બેહેરામ તથા મરહુમો દિનશાહ, અદી, કાવશ, કેટી હોશંગ અંકલેશ્વરીયા, નોશીર અને એલિસના ભાઇ. તે ડોલી દિનશાહ ગમીર તથા એલિસ સરોષના દેર. તે શનોબર તથા મનિજેહના જેઠ. તે મરહુમ હોશંગ અંકલેશ્વરીયા તથા મરહુમ નોશીર ગમીરના સાલા. (ઉં. વ. ૭૪) બી-૦૧, આઇપાઇવાલા બિલ્ડિંગ, એમ.એમ. છોટાની રોડ, માહીમ (વેસ્ટ). મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૪-૧૦-૨૫ બપોરના ૩.૪૫ જોગેશ્વરી માલકમ બાગ અગિયારી મધે.

મરણ ખબર માટેની સૂચના	મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે	(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

ઘાટકોપરમાં બિઝનેસ પાર્કમાં ભીષણ આગ

અનેક લોકોને સુરક્ષિત બહાર કઢાયા: કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં સોમવારે આગના બે જુદા જુદા બનાવ બન્યા હતા, જેમાં ઘાટકોપર પશ્ચિમમાં આવેલા ગ્રાઉન્ડ પ્લસ નવ માળના બિઝનેસ પાર્કમાં બપોરે લાગેલી આગમાં અનેક લોકો ઉપરના માળા ફસાઈ હતા. ફાયરબ્રિગેડે તમામ લોકોને સુરક્ષિત રીતે બિલ્ડિંગમાંથી બહાર કાઢ્યા હતા. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

ઘાટકોપર(પશ્ચિમ)માં એલબીએસ માર્ગ પર શ્રેયસ થિયેટર પાસે ગોલ્ડન ક્રશ બિઝનેસ પાર્ક આવેલો છે. સોમવારે બપોરના લગભગ ૨.૩૦ વાગે ગ્રાઉન્ડ પ્લસ નવ માળના કમર્શિયલ બિઝનેસ પાર્કના ગ્રાઉન્ડ ફ્લોરમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગ ઝડપભેર ઉપરના માળા પર ફેલાઈ ગઈ હતી. આગનું સ્વરૂપ તીવ્ર હોવાથી ૨.૫૮ વાગે તેને બે નંબરની જાહેર કરવામાં આવી હતી.

આગ બપોરના સમયે લાગી હતી અને ઝડપભેર ઉપર સુધી ફેલાઈ હતી ત્યારે અનેક લોકો ઉપરના માળે હાજર હતા. આગને કારણે બિલ્ડિંગમાં મોટા પાયા પર ધુમાડો ફેલાઈ ગયો હતો. આગની જાણ થતા અનેક લોકો ઉપરના માળા પર ફસાઈ ગયા હતા તો અનેક લોકો સુરક્ષિત રીતે બહાર નીકળવામાં સફળ થયા હતા. ઘટના સ્થળે (જુઓ પાનું ૪) ▶▶

મહાવિકાસ આઘાડીમાં ભંગાણ?

સાથી પક્ષોને વિશ્વાસમાં લીધા વગર અરજીઓ મગાવીને કૉંગ્રેસે ઈરાદા સ્પષ્ટ કર્યા

વિપુલ વૈદ્ય

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા સહિત રાજ્યની ૨૯ મહાનગરપાલિકાઓ અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે કૉંગ્રેસે પ્રસ્તાવિત ઉમેદવારો માટે અરજીઓ મગાવી હોવાથી મહાવિકાસ આઘાડીમાં ભંગાણના એંધાણ વર્તાઈ રહ્યા છે. આધારભૂત સાધનો પાસેથી જાણવા મળ્યા મુજબ કૉંગ્રેસે રાજ્યની બધી જ મનપાની ચૂંટણીઓ અને જિલ્લા પરિષદની ચૂંટણીઓ માટે પ્રસ્તાવિત ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવી છે. હજી તો રાજ્યમાં મનપા/સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ માટેની તારીખોની જાહેરાત પણ કરવામાં આવી નથી, ત્યાં જ કૉંગ્રેસે ચૂંટણીઓ લડવા માટેની પોતાની તૈયારીઓ જોરશોરથી ચાલુ કરી દીધી છે. હજી સુધી મહાવિકાસ આઘાડીમાં આ બાબતે કોઈ ચર્ચા પણ કરવામાં આવી નથી અને કોણ કેટલી બેઠકો પર લડશે એ પણ નક્કી નથી થયું ત્યારે કૉંગ્રેસ તરફથી જે રીતે બધી જ બેઠકો માટે ઉમેદવારીઓ મગાવવામાં આવી રહી છે તેના પરથી રાજકીય નિરિક્ષકોનું માનવું છે કે ભાજપની જેમ જ કૉંગ્રેસ પણ સ્વબળે ચૂંટણીઓ લડવાની તૈયારીમાં છે.

અહીં ઉલ્લેખનીય છે કે કૉંગ્રેસના રાજ્ય એકમના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળ અત્યાર સુધી ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેની મુલાકાતોને સામાન્ય ગણાવી રહ્યા હતા તેમણે અચાનક સોમવારે પોતાનું વલણ બદલીને એવી જાહેરાત કરી નાખી હતી કે રાજ ઠાકરેને મહાવિકાસ આઘાડીમાં સ્થાન આપી શકાશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે ઉદ્ધવ ઠાકરે રાજ ઠાકરેની સાથે (જુઓ પાનું ૪) ▶▶

સાવધાન! હવે આવ્યું નવું ઈ-સિમ કૌભાંડ

મુંબઈના ડોક્ટરનું સિમ હાઈજેક કરી ૧૧ લાખ રૂપિયાની છેતરપિંડી

મુંબઈ: દક્ષિણ મુંબઈના એક ડોક્ટર સાથે અંદાજે ૧૧ લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. ઈ – સિમ કાર્ડ કૌભાંડ તરીકે ઓળખાયેલી છેતરપિંડીની નવી સ્ટાઈલથી આ ખેલ ખેલાયો હોવાનું લાગે છે. આ છેતરપિંડીથી ઓળવી લેવામાં આવેલી રકમમાંથી કેટલાક પૈસા જેના બેન્ક ખાતામાં જમા કરવામાં આવ્યા હતા એ ૨૩ વર્ષના યુવકની દક્ષિણ ક્ષેત્ર સાયબર પોલીસે ધરપકડ કરી છે. કૌભાંડના સૂત્રધારની શોધખોળ ચાલુ છે. પચાસ વર્ષથી મોટી ઉંમરના ડોક્ટરે પોલીસને જણાવ્યું હતું કે તેને ૧૪ સપ્ટેમ્બરે (જુઓ પાનું ૪) ▶▶

આનંદાચા શિધા જ નહીં, આઠ યોજના રાજ્ય સરકારે બંધ કરી

એકનાથ શિંદે દ્વારા શરૂ કરાયેલી અને હવે બંધ કરાયેલી યોજનાઓની ઠાકરે જૂથ દ્વારા જાહેર કરાયેલી કથિત યાદી

મુંબઇ: લાડકી બહિણ યોજના રાજ્ય સરકારની તિજોરી પર દબાણ લાવી રહી છે અને સરકારના ઘણા પ્રધાનોએ ઘણીવાર એવો દાવો કર્યો છે કે ઘણા વિભાગોના ભંડોળ મહિલા અને બાળ વિકાસ મંત્રાલયમાં વાળવામાં આવી રહ્યા છે. સામાજિક ન્યાય ખાતાના પ્રધાન સંજય શિરસાટે પણ આ અંગે સરકાર પ્રત્યે જાહેરમાં નારાજી વ્યક્ત કરી હતી. તેવી જ રીતે, રાજ્યમાં મહાયુતિ સરકાર દ્વારા વિધાનસભાની ચૂંટણી પહેલાં ગરીબો અને ખેડૂતો માટે શરૂ કરાયેલી ઘણી યોજનાઓ અત્યારે બંધ પડી હોવાની ફરિયાદો સતત (જુઓ પાનું ૪) ▶▶

આ યોજનાઓ બંધ છે

૧. આનંદાચા શિધા યોજના (તહેવારોમાં ગરીબોને આપવામાં આવતું સીધું)– બંધ!
૨. માઝી સુંદર શાળા યોજના (રાજ્યની સ્કૂલોને સુંદર કરવાની યોજના)– બંધ!
૩. ૧ રૂપિયામાં પાક વીમા યોજના – બંધ!
૪. સ્વચ્છતા મોનિટર યોજના – બંધ!
૫. ૧ રાજ્ય ૧ ગણવેશ યોજના – બંધ!
૬. લાડક્યા ભાવાલા એપ્રેન્ટિસશીપ (ઉદ્યોગોમાં યુવાનોને એપ્રેન્ટિસશીપ આપવાની યોજના) – બંધ!
૭. યોજનાદૂત યોજના – બંધ!
૮. મુખ્યમંત્રી તીર્થ દર્શન યોજના (સિનિયર સિટિઝનને તીર્થ યાત્રા માટે સબ્સિડી આપવાની યોજના) – બંધ!

ઘોડબંદર રોડ પર સોમવારે પણ ટ્રાફિક જૅમની સમસ્યા યથાવત્

સ્થાનિકો હેરાન, રો-રો સેવા પર દબાણ

મુંબઈ: મુંબઈ–અમદાવાદ નેશનલ હાઇવે પર ટ્રાફિક જૅમની સમસ્યાનો કાયમી ઉકેલ ક્યારે આવશે તે કાં તો સરકાર જાણે અથવા ભગવાન જાણે તેવા હાલ છે. કોઈને કોઈ કારણસર છેલ્લા કેટલાય વર્ષોથી અહીં હંમેશા ટ્રાફિક જૅમ થતો રહે છે. અધૂરામાં પૂરું એટલે મુંબઈના પૂર્વીય પરાંના પ્રવેશદ્વાર એવા થાણેમાં ઘોડબંદર રોડ પર સમારકામને કારણે ટ્રાફિક ખોરવાઈ ગયો છે. આની અસર મુંબઈ–અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર પડી છે. સોમવારે પણ વર્સોવા બ્રિજ અને વસઈ વચ્ચે ટ્રાફિક જૅમ થયો હતો. આ ટ્રાફિકની અસર શહેરના રસ્તાઓ પર પણ જોવા મળી હતી. જેનાથી મુસાફરોને ભારે તકલીફ પડી રહી છે. થાણે–ઘોડબંદર રોડ (જુઓ પાનું ૪) ▶▶

મુંબઈ મેટ્રો-૩: વૉટ્સઍપ પર મળશે ટિકિટ!

મુંબઈ: મુંબઈમાં લોકલ ટ્રેન અને મેટ્રો માટે પ્રવાસીઓને મહત્તમ સુવિધા પૂરી પાડવાના ભાગરૂપે પ્રશાસન એક પછી એક નવા પ્રયાસો કરી રહ્યું છે. મુંબઈ અંડરગ્રાઉન્ડ મેટ્રો-થ્રી સંપૂર્ણ કોરિડોરમાં શરૂ કરવામાં આવ્યા પછી મેટ્રો પ્રશાસને પ્રવાસીઓની સુવિધા માટે વોટ્સએપ પર પણ ટિકિટ પૂરી પાડવામાં આવશે, જેથી ટિકિટ વિન્ડોની ઝંઝટ દૂર થશે. મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન હવે મેટ્રો મુસાફરો માટે વૉટ્સઍપ દ્વારા ટિકિટ બુક કરવાનું શક્ય બનાવ્યું છે. આ સુવિધા પેલોકલ ફિનટેક પ્રાઇવેટ લિમિટેડના સહયોગથી શરૂ કરવામાં આવી છે. આ સેવાનો લાભ લેવા માટે મુસાફરોએ અલગ એપ ડાઉનલોડ કરવાની જરૂર નથી, પરંતુ તેઓ સીધા તેમના વોટ્સએપ એકાઉન્ટથી ટિકિટ ખરીદી શકે છે. આ માટે, તમે 'મોબાઈલ નંબર'પર 'HI'માં મેસેજ મોકલી શકો છો અથવા સ્ટેશન પર પોસ્ટ કરાયેલ ક્યુઆર કોડ સ્કેન કરી શકો છો. ■

અનુસૂચિત જાતિ, જનજાતિ અનામતથી શિવસેનાના બંને જૂથને ફટકો, ભાજપને કોઈ નુકસાન નહીં

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની આગામી ચૂંટણીઓ માટે અનામતની જાહેરાત થયા પછી અત્યારે રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ જાહેર કરવામાં આવેલી અનામતને કારણે શિવસેનાના બંને જૂથોને નુકસાન થવાની શક્યતા જોવાઈ રહી છે. જ્યારે ભાજપને કોઈ નુકસાન જોવા મળતું નથી.

રાજ્ય સરકારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની અનામત અંગે જાહેરનામું બહાર પાડ્યું હોવાથી ચિત્ર હવે સ્પષ્ટ થઈ ગયું છે. અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે અનામતને કારણે, શિવસેનાના બંને જૂથોના ૧૫ ભૂતપૂર્વ કોર્પોરેટરોના વોર્ડ અનામત બની જશે, જ્યારે ભાજપના માત્ર બે ભૂતપૂર્વ કોર્પોરેટરોના વોર્ડ અનામતમાં ગયા છે. ભાજપના આ બંને ભૂતપૂર્વ કોર્પોરેટરો પહેલાથી જ અનામત શ્રેણીમાંથી ચૂંટાયા (જુઓ પાનું ૪) ▶▶

ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પરીક્ષાઓનું સમયપત્રક જાહેર

મુંબઈ: રાજ્યમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ સમાચાર આવ્યા છે.

મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બૉર્ડે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષાઓની તારીખો જાહેર કરી છે. બૉર્ડે ફેબ્રુઆરી–માર્ચ ૨૦૨૬માં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષાઓની તારીખો જાહેર કરી દીધી છે.

જાહેર કરાયેલી તારીખો અનુસાર, ધોરણ ૧૨ની પરીક્ષાઓ ૧૦ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ, ૨૦૨૬ વચ્ચે લેવામાં આવશે. જ્યારે ધોરણ (જુઓ પાનું ૪) ▶▶

થાણેમાં કશેળી ખાડીમાં યુવકે ઝંપલાવ્યું

(અમારા પ્રતિનિધી તરફથી)

થાણે: થાણે(પશ્ચિમ) સોમવારે ૨૮ વર્ષના યુવકે કશેળી ખાડી પર આવેલા બ્રિજ પર પોતાની કાર ઊભી રાખીને કશેળી બ્રિજ પરથી ખાડીમાં ઝંપલાવી દીધું હતું. ભરતી હોવાને કારણે સાંજે રેસ્ક્યુ ઓપરેશન રોકી દેવામાં આવ્યું હતું. યુવકની આત્મહત્યાનું કારણ જાણી શકાયું નહોતું. થાણે ડિઝાસ્ટર કંટ્રોલ મેનેજમેન્ટના જણાવ્યા મુજબ થાણેના કશેળીમાં આવેલા મૈત્રી પાર્કમાં ૨૮ વર્ષનો મૃતક અનુરાગ કેસરી રહેતો હતો. સોમવારે સવારના મૃતક અનુરાગ વેગનર કારમાં કશેળી બ્રિજ પર આવ્યો હતો અને કારને બ્રિજ પર પાર્ક કરીને ૧૦.૦૭ મિનિટે બ્રિજ પરથી ખાડીમાં ઝંપલાવી દીધું હતું. ઘટના સ્થળે નારપોલી પોલીસ સ્ટેશન, ડિઝાસ્ટર કંટ્રોલ, થાણે ફાયરબ્રિગેડ, ભિવંડી ફાયરબ્રિગેડ સંયુક્ત રીતે બચાવ કામગીરી હાથ ધરી હતી. ■

રાજ ઠાકરે કૉંગ્રેસનો સાથ લેવા ઉત્સુક: સંજય રાઉત

મુંબઈ: શિવસેનાના સંસદ સભ્ય સંજય રાઉતે સોમવારે દાવો કર્યો હતો કે રાજ ઠાકરેનો પક્ષ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) કોંગ્રેસનો સાથ લેવા માટે ઉત્સુક છે. આ નિવેદનનો અર્થ એ થાય કે મનસે વિપક્ષ મહા વિકાસ અઘાડી (એમવીએ)નો હિસ્સો બની શકે છે. જોકે, રાઉતના નિવેદન બાદ પક્ષનું વલણ તેના પ્રમુખ નક્કી કરે છે એવો ખુલાસો મનસે દ્વારા કરવામાં આવ્યો હતો. રાઉતની ટિપ્પણીના સંદર્ભમાં મનસેના નેતા સંદીપ દેશપાંડેએ જણાવ્યું હતું કે 'બીજું કોઈ નહીં, પણ પક્ષ તેનું વલણ રજૂ કરશે. ભવિષ્યમાં પણ સ્પષ્ટતા અમે જ કરીશું.'

રાજ ઠાકરે અને શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે રાજ્યમાં આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી માટે હાથ મિલાવશે એવી ચાલી રહેલી અટકળો વચ્ચે રાઉતે આ ટિપ્પણી કરી છે. જોકે, મનસેના અધ્યક્ષ મોટા વિપક્ષી ગઠબંધનનો ભાગ હશે કે નહીં એ હજી સ્પષ્ટ નથી થયું.

રાજ ઠાકરે એમવીએનો હિસ્સો બનવા માટે તૈયાર છે કે કાઇમાં એવો સવાલ કરવામાં આવતા રાઉતે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે 'રાજ ઠાકરે પણ ઈચ્છે છે કે કોંગ્રેસને સાથે રાખવો જોઈએ. આ તેમનું વલણ છે. જોકે, એનો અર્થ એ નથી કે આ અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો છે.'

રાજ્યસભાના સંસદ સભ્યએ જણાવ્યું હતું કે તેમણે એઆઈસીસીના મહાસચિવ કે સી વેણુગોપાલ સાથે કેટલાક મુદ્દાઓ પર ચર્ચા કરી છે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે પણ વાત કરવાના છે. ઉદ્ધવ ઠાકરે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે પણ વાત કરશે.'

જો કે, પ્રદેશ કોંગ્રેસના નેતાઓના એક વર્ગે મનસે સાથે હાથ મિલાવવાના કોઈપણ પગલાનો વિરોધ કર્યો છે. ખાસ કરીને આગામી બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા આમ ન કરવું જોઈએ એવી તેમની દલીલ છે. (પીટીઆઈ)■

મેં એવું કહ્યું નથી... પાછળથી માર્યો યુ-ટર્ન

મુંબઈ: રાજ ઠાકરે કોંગ્રેસને સાથે લેવા ઉત્સુક છે, એવું નિવેદન સંજય રાઉતે આપ્યું હતું. આ નિવેદન પર મનસેની તીવ્ર પ્રતિક્રિયાઓ આવતા રાજકીય વર્તુળોમાં ચર્ચાઓનું બજાર ગરમાયું હતું. ત્યારબાદ રાઉતે રાજ ઠાકરેને મેસેજ કરીને ગેરસમજ દૂર કરી હતી.

સંજય રાઉતના આ નિવેદન પછી એવો અર્થ કાઢવામાં આવ્યો કે રાજ ઠાકરેની કોંગ્રેસ સાથે જવાની ઈચ્છા છે. આ પછી મનસેના નેતાઓએ પોતાની ભૂમિકા રજૂ કરતા તીવ્ર પ્રતિક્રિયાઓ આપી હતી. સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર આ મામલે ગેરસમજ વધતી જોઈને સંજય રાઉતે તાત્કાલિક રાજ ઠાકરેને મેસેજ મોકલ્યો હતો.

સૂત્રો દ્વારા મળેલી માહિતી મુજબ, આ મેસેજમાં સંજય રાઉતે સ્પષ્ટ કર્યું હતું કે મેં એવું કંઈ કહ્યું નથી. તેમણે રાજ ઠાકરેને જણાવ્યું કે મારા નિવેદનનો તે અર્થ નથી. આનાથી સંજય રાઉતના નિવેદનથી ઊભી થયેલી ગેરસમજને દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે. તેમજ આનાથી મનસે અને ઠાકરે જૂથ વચ્ચેની સંભવિત રાજકીય નિકટતા જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો હોવાનું પણ કહેવામાં આવી રહ્યું છે. ■

મુંબઈ મેટ્રો થ્રી સ્ટેશનનો વિવાદ

સાયન્સ સેન્ટર સ્ટેશનના નામમાંથી નહેરુ કાઢી નાખતા કૉંગ્રેસ નારાજ

મુંબઈ: તાજેતરમાં જ મુંબઈ મેટ્રો-થ્રીનો કફ પરેડથી સાયન્સ સિટી સુધીનો ફેસ ૮મી ઑક્ટોબરથી શરૂ થયો છે. પહેલા દિવસે મેટ્રો-થ્રીને ઘણો સારો પ્રતિસાદ મળતા લગભગ ૧.૫૬ લાખ જેટલા લોકોએ તેનો ઉપયોગ કર્યો હતો. મુંબઈ મેટ્રો શહેરની પહેલી અન્ડરગ્રાઉન્ડ મેટ્રો છે જે ૩૩ કિલોમીટર લાંબી છે અને દક્ષિણ મુંબઈના કફ પરેડથી પશ્ચિમના આરે કોલોની વિસ્તારને જોડે છે.

આ મેટ્રોની ડિઝાઈન અને તેનું ભૂમિપૂજન ૨૦૧૪માં તત્કાલીન વડા પ્રધાન ડો. મનમોહન સિંહના હસ્તે કરવામાં આવ્યું હતું, પરંતુ ૨૦૧૪માં મહારાષ્ટ્રમાં સત્તાપલટો થયો અને ભાજપ-શિવસેનાની સરકાર આવી અને ત્યારબાદ દસ વર્ષે આ મેટ્રો ફુલ્લી ઑપરેશનલ થઈ છે ત્યારે એક રાજકીય મુદ્દે કોંગ્રેસે નારાજગી જતાવી છે. કોંગ્રેસના નેતા સચીન સાવંતે સોશિયલ મીડિયા હેન્ડલ એક્સ પર ટ્વિટ કરી જણાવ્યું છે કે આખુ વિશ્વ જેને નહેરુ સાયન્સ સેન્ટરના નામથી જાણે છે, તે મેટ્રો સ્ટેશનના નામમાંથી નહેરુ કાઢી નાખવામાં આવ્યું છે. વરલીનું નહેરુ સાયન્સ સેન્ટર જગવિખ્યાત છે. મુંબઈ મેટ્રો-થ્રી એ તેમના સ્ટેશનની માહિતી આપતા ટ્વિટમાં પણ ડિસ્કવરી હબ તરીકે નહેરુ સાયન્સ સેન્ટરનું નામ લખ્યું છે, પરંતુ સ્ટેશન પર જે તખ્તી લગાવી છે, તેમાં માત્ર સાયન્સ સેન્ટર લખ્યું છે. ■

મુંબઈ યુનિવર્સિટીની પરીક્ષાઓ નિર્ધારિત ટાઇમટેબલ મુજબ જ યોજાશે

સોશ્યલ મીડિયા પરની અફવા પર વિશ્વાસ ન રાખવા અપીલ

મુંબઈ: મુંબઈ યુનિવર્સિટીના શિયાળુ સત્રમાં ૧૪ ઓક્ટોબરથી ૬ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાનારી પરીક્ષાઓ મોકૂફ રાખવામાં આવી હોવાનો પરિપત્રક સોશિયલ મીડિયામાં પ્રસારિત થયો છે. જોકે આ પરિપત્રક સંપૂર્ણપણે નકલી છે અને મુંબઈ યુનિવર્સિટી દ્વારા આવો કોઈ પરિપત્રક જારી કરવામાં આવ્યો નથી. તેથી ૧૪ ઓક્ટોબર ૨૦૨૫થી શરૂ થનારી પરીક્ષાઓ પૂર્વ-નિર્ધારિત ટાઇમટેબલ મુજબ જ યોજાશે અને અફવાઓ પર વિશ્વાસ ન કરવાની યુનિવર્સિટી પ્રશાસને અપીલ કરી છે.

૧૪ ઓક્ટોબર ૨૦૨૫થી શરૂ થનારી શિયાળુ ત્રીજા વર્ષના પાંચમા સત્રની પરીક્ષાઓમાં ત્રીજા વર્ષની બી.કોમ., બીએમએસ, બી.કોમ. 'એકાઉન્ટિંગ એન્ડ ફાયનાન્સ', 'બેંકિંગ એન્ડ ઈન્શ્યોરન્સ', 'ફાયનાન્શિયલ માર્કેટ', 'ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ', 'ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ', 'એફએમજી' અને બી.કોમ. 'બીએમએસ', 'ઈએમઈ'ની પરીક્ષાઓનો સમાવેશ થાય છે અને આ બધી પરીક્ષાઓ નિર્ધારિત ટાઇમટેબલ મુજબ જ યોજાશે. મુંબઈ યુનિવર્સિટીના પરીક્ષા અને મૂલ્યાંકન મંડળના સંચાલક ડો. પૂજા રૌંદળેએ તમામ સંબંધિતોને આની નોંધ લેવા અપીલ કરી છે. ■

થાણેમાં બુધવારે પાણીપુરવઠો બંધ

થાણે: થાણે મહાનગરપાલિકાની પોતાની પાણી પુરવઠા યોજનાના પીસે અને ટેમઘર જળ શુદ્ધિકરણ કેન્દ્રોમાં મશીનોનું સમારકામ કરવાનું હોવાથી બુધવાર, ૧૫ ઑક્ટોબરના સવારે ૯ વાગ્યાથી રાતે ૯ વાગ્યા સુધી થાણેના કેટલાક વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહેશે.જોકે મે. સ્ટેમ પ્રાધિકરણનો પાણી પુરવઠો બુધવારે ઝોનિંગ કરીને ચાલુ રાખવામાં આવશે. બુધવારે સવારે ૯ વાગ્યાથી રાતે ૯ વાગ્યા સુધી ઘોડબંદર રોડ, વર્તકનગર, ઋતુપાર્ક, કારાગૃહ પરિસર, ગાંધીનગર, રુસ્તમજી, સિદ્ધાંચલ, સમતાનગર, સિદ્ધેશ્વર, ઇટર્નિટી, જ્હોન્સન અને કળવા શહેરના કેટલાક ભાગોમાં ૧૨ કલાક માટે પાણી પુરવઠો બંધ રાખવામાં આવશે. ત્યારબાદના એકથી બે દિવસ ઓછા દબાણથી પાણી પુરવઠો થવાની શક્યતા છે. ■

મુંબઈમાં પ્રવેશતા ભારે વાહનો પર ટોલ વસૂલીની કાયદેસરતાને પડકાર

મુંબઈ: મુંબઈમાં પ્રવેશતા ભારે વાહનો પર ટોલ વસૂલવાની કાયદેસરતાને પડકારતી જનહિતની અરજી (પીઆઈએલ) બોમ્બે હાઈકોર્ટમાં દાખલ કરી અરજીનો નિવેડો ન આવે ત્યાં સુધી શહેરના પાંચેય પ્રવેશ સ્થળ પર ટોલ વસૂલી અટકાવી દેવાની માગણી કરવામાં આવી છે.

મુખ્ય સચિવ અને શહેરના મુખ્ય માર્ગોનું સંચાલન તેમજ કોન્ટ્રાક્ટર મારફત ટોલ વસુલનાર મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી)નું નામ વકીલ પ્રવીણ વાટેગાંવકર દ્વારા દાખલ કરવામાં આવેલી જનહિત અરજીમાં પ્રતિવાદી તરીકે આપવામાં આવ્યું છે. અત્યારના તબક્કે પાંચ એન્ટ્રી પોઇન્ટ દહિસર, એલબીએસ રોડ–મુલુંડ, ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે–મુલુંડ, ઐરોલી ક્રીક બ્રિજ અને વાશીથી મુંબઈમાં પ્રવેશતા ભારે વાહનોને જ ટોલ ટેક્સ ચૂકવવાની જરૂર છે.

મુંબઈની ૪૬૨ શત્રુ સંપત્તિની હરાજી કરાશે

તાડદેવની ડાયના ટોકિઝ સહિત મુંબઈમાં ૨૫૯, થાણેમાં ૯૦ પ્રોપર્ટી

મુંબઈ: રાજ્યના ૧૧ જિલ્લામાં ૪૬૨ શત્રુ સંપત્તિ (એનિમી પ્રોપર્ટી) ઓળખી કાઢી એની વિગતવાર સંકલનની પ્રક્રિયા લગભગ પૂર્ણ થઈ ગઈ છે. એ પ્રોપર્ટીને રોકડી કરી લેવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો ટૂંક સમયમાં એનું જાહેરમાં લિલામ કરશે. કેન્દ્ર સરકાર સંપત્તિની હરાજી કરવાના માર્ગમાં આવતા અતિક્રમણ અને મુકદ્દમા જેવા અવરોધોને દૂર કરવા માટે એનિમી પ્રોપર્ટી એક્ટમાં સુધારો કરવાની પણ યોજના બનાવી રહી છે. કસ્ટોડીયન ઓફ એનિમી પ્રોપર્ટી ફોર ઈન્ડિયા (સીઈપીઆઈ)ની મુંબઈ શાખા અને રાજ્ય સરકારે છેલ્લા કેટલાક વર્ષોમાં કેન્દ્ર સરકારને સીઈપીઆઈ તરીકે સૂચિત કરવાની પ્રક્રિયા ઝડપી બનાવી છે. આ પ્રક્રિયામાં મહેસૂલ વિભાગે મિલકતો અને દરેક સાથે સંબંધિત મુકદ્દમા અને અતિક્રમણની સ્થિતિ સંબંધિત વિગતો એકત્ર કરી છે. ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ પછી દેશભરમાં પાંચમી સૌથી વધુ સંપત્તિ તળ મુંબઈ (૭૮), મુંબઈ ઉપનગર (૧૮૧), પાલઘર (૭૭), થાણે (૯૦) અને કેટલીક છત્રપતિ સંભાજી નગર, રત્નાગિરી અને જળગાંવ જેવા જિલ્લામાં છે. ■

માફી માગ્યા પછી પણ મહિલાને લાફો માર્યો: મનસેની મહિલા પદાધિકારીની ટીકા

થાણે: કલવા રેલવે સ્ટેશન પર મરાઠી ભાષા સંબંધી કથિત વાંધાજનક ટિપ્પણીને કારણે માફી માગ્યા છતાં મહિલાને લાફો મારવામાં આવ્યો હોવાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ નહોતી, પરંતુ લાફો મારનારી મનસેની મહિલા પદાધિકારીના આવા કૃત્યની સોશ્યલ મીડિયા પર ટીકા થઈ હતી.

મળતી માહિતી અનુસાર વિવાદ શુક્રવારની રાતે કલવા રેલવે સ્ટેશને થયો હતો. મનસેની પદાધિકારીનો પતિ ટ્રેનમાંથી ઊતરી રહ્યો હતો ત્યારે તેનો ધક્કો મહિલાને લાગ્યો હતો. આ બાબતે વાંધો ઉઠાવી મહિલાએ ઝઘડો કર્યો હતો. તે સમયે મહિલાએ મરાઠી અને મરાઠી માણૂસ માટે કથિત વાંધાજનક ટિપ્પણી કરી હોવાનું કહેવાય છે. આ વાતની મનસેની મહિલા પદાધિકારીને જાણ થતાં મામલો પોલીસ સ્ટેશને લઈ જવાની ચીમકી આપી હતી. મહિલાના પરિવારજનોએ વિનંતી કરતાં પ્રકરણ મનસે કાર્યાલયમાં પહોંચ્યું હતું. કાર્યાલયમાં મહિલાએ માફી માગ્યા બાદ મનસેની મહિલા પદાધિકારીએ મહિલાને લાફો માર્યો હતો, જેનું વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. બાદમાં લાફો મારતો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. થાણે ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ની સિનિયર ઈન્સ્પેક્ટર અર્ચના દુસાનેએ જણાવ્યું હતું કે બન્ને પક્ષ વચ્ચે સમાધાન થયું હતું, જેને પગલે કોઈ ફરિયાદ નોંધાવાઈ નહોતી.■

પાંજરાપુર પમ્પિંગ સ્ટેશનમાં ટેક્નિકલ સમસ્યા

મુંબઈ: મુંબઈને પાણીપુરવઠો કરનારા પાંજરાપુર પમ્પિંગ સ્ટેશનમાં ટેક્નિકલ ખામી સર્જાતા મુંબઈના પાણીપુરવઠાને ફટકો પડ્યો હતો. યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું.

સુધરાઈના જણાવ્યા મુજબ પાંજરાપુરમાં ડિઝલ જનરેટર સેટમાં ૨૩૦ વોટના એસી કોન્ટ્રેક્ટરમાં ટ્રીપ થતા પાણીપુરવઠા સિસ્ટમને અસર થઈ હતી. ખામીયુક્ત કોન્ટ્રેક્ટરનું યુધ્ધના ધોરણે બદલવામાં આવ્યું હતું.

આ દરમ્યાન મુંબઈના અનેક વિસ્તારમાં પાણીપુરવઠાને અસર થઈ હતી. અનેક જગ્યાએ લો પ્રેશર સાથે પાણીપુરવઠો થયો હતો. સમારકામ પૂરું થયા બાદ પાણીપુરવઠો પૂર્વવત્ થશે એવો દાવો પાલિકા પ્રશાસને કર્યો હતો. ■

ખંડણી વસૂલવા મહિલાના સ્વાંગમાં વિધાનસભ્યને બ્લૅકમેઈલ કરનારો પકડાયો

થાણે: મહિલાના સ્વાંગમાં વિધાનસભ્યને બ્લૅકમેઈલ કરી ખંડણી વસૂલવાનો પ્રયાસ કરનારા કોલ્હાપુરના યુવાનની થાણે પોલીસે ધરપકડ કરી હતી. ચિતળસર પોલીસે રવિવારે ધરપકડ કરેલા આરોપીની ઓળખ મોહન જ્યોતિબા પવાર (૨૬) તરીકે થઈ હતી. આરોપીની ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૮(૩) અને ઈન્ફર્મેશનલ ટેક્નોલૉજી ઍક્ટની જોગવાઈ હેઠળ ધરપકડ કરાઈ હોવાનું ડેપ્યુટી પોલીસ કમિશનર પ્રશાંત કદમે જણાવ્યું હતું. આ પ્રકરણે વિધાનસભ્યની ફરિયાદને આધારે પોલીસે અગાઉ અજાણી મહિલા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. કોલ્હાપુરમાં રહેતા પવારની સંડોવણી સામે આવી હતી. અધિકારીના જણાવ્યા મુજબ આરોપીએ મહિલાના સ્વાંગમાં વિધાનસભ્યને અનેક ચૅટ મેસેજીસ મોકલાવ્યા હતા. અશ્લીલ અને વાંધાજનક વીડિયો અને તસવીરો મોકલાવ્યા બાદ બ્લૅકમેઈલ કરીને આરોપીએ પાંચથી દસ લાખ રૂપિયાની માગણી કરી હતી. ■

દિલ્હી ટેસ્ટમાં વિજયથી ભારત ૫૮ રન છેટું

બીજી ઈનિંગમાં કેરેબિયન બેટ્સમેનોએ બરાબરના હંફાવ્યાઃ કેમ્પબેલ અને હૉપની સેન્ચુરી

નવી દિલ્હીઃ વેસ્ટ ઈન્ડિઝ સામે બીજી ટેસ્ટ મેચમાં ભારતે ચોથા દિવસની અંતે એક વિકેટ ગુમાવીને ૬૩ રન કરી લીધા હતા. ભારતને બીજી મેચ જીતવા માટે ૧૨૧ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. જેના કારણે હવે ભારત ક્લીન સ્વીપથી માત્ર ૫૮ રન દૂર છે. ટીમ ઈન્ડિયા હવે અંતિમ દિવસના પહેલા સત્રમાં બીજા ૫૭ રન કરીને સિરીઝ ક્લીન સ્વીપ કરવાનો પ્રયાસ કરશે. હાલમાં કે. એલ. રાહુલ અને સાઈ સુદર્શન ક્રીઝ પર અણનમ છે. અગાઉ, જોન કેમ્પબેલ (૧૧૫) અને શાઈ હોપ (૧૦૩)ની સદીઓની મદદથી વેસ્ટ ઈન્ડિઝે ફોલોઓન કરવાની ફરજ પાડ્યા બાદ બીજા દાવમાં ૩૯૦ રન ફટકાર્યા હતા. આનાથી વેસ્ટ ઈન્ડિઝને ઇનિંગ્સ હારનો ખતરો ટાળવામાં મદદ મળી હતી પરંતુ તેઓ ભારતને મોટો લક્ષ્યાંક આપવામાં નિષ્ફળ ગયા હતા. વેસ્ટ ઈન્ડિઝે ભારતને જીતવા માટે ૧૨૧ રનનો લક્ષ્યાંક આપ્યો હતો.

વેસ્ટ ઈન્ડિઝની છેલ્લી જોડીએ ૧૦મી વિકેટ માટે ૭૯ રનની ભાગીદારી કરી હતી જેનાથી વેસ્ટ ઈન્ડિઝને ભારત પર ૧૨૦ રનની લીડ મેળવવામાં મદદ મળી હતી. જસ્ટિન ગ્રીવ્સ ૫૦ રન કરીને અણનમ રહ્યો હતો. જેડન સીલ્સને બુમરાહે ૩૨ રન પર આઉટ કર્યો હતો. કુલદીપ યાદવ અને જસપ્રીત બુમરાહે ત્રણ-ત્રણ વિકેટ, સિરાજે બે, અને જાડેજા અને સુંદરે એક-એક વિકેટ લીધી હતી.

અગાઉ, ભારતે પ્રથમ ઈનિંગમાં પાંચ વિકેટે ૫૧૮ રન પર પોતાનો દાવ ડિકલેર કર્યો હતો અને વેસ્ટ ઇન્ડીઝ માત્ર ૨૪૮ રન કરી શક્યું હતું, જેના કારણે તેમને ફોલોઓન કરવાની ફરજ પડી હતી.નાના લક્ષ્યનો સામનો કરી રહેલા ભારતની શરૂઆત નબળી રહી અને યશસ્વી જયસ્વાલે (૦૮) શરૂઆતમાં જ ગુમાવી દીધી હતી, જેણે પહેલી ઇનિંગમાં ૧૭૫ રન ફટકાર્યા હતા. કે. એલ. રાહુલ (અણનમ ૨૫) અને આર સાઈ સુદર્શન (અણનમ ૩૦) એ પછી ભારતને બીજી મોટી જીત સુનિશ્ચિત કરી હતી.

ચોથા દિવસની શરૂઆતમાં વેસ્ટ ઇન્ડીઝે બે વિકેટે ૧૭૩ રનથી પોતાનો બીજો દાવ ફરી શરૂ કર્યો હતો. આ મેચમાં વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેને બે સદી ફટકારી, જેના કારણે ભારતને બીજી વખત બેટિંગ કરવાની ફરજ પડી અને મેચ પાંચમા દિવસે ખેંચાઈ ગઈ હતી. ■

બોલર સીલ્ઝે યશસ્વી તરફ જરૂર વગર બૉલ ફેંક્યો એટલે તેની પચીસ ટકા મૅચ ફી કાપી લેવાઈ

નવી દિલ્હીઃ વેસ્ટ ઇન્ડિઝના ફાસ્ટ બોલર જેડન સીલ્ઝે લેવલ-૧ પ્રકારની આચાર સંહિતાનો ભંગ કર્યો એ બદલ તેની પચીસ ટકા મૅચ ફી કાપી લેવામાં આવી છે અને તેના નામે એક ડીમેરિટ પૉઇન્ટ લખવામાં આવ્યો છે.

શુક્રવારે વિશાખાપટનમમાં ભારત સામેની બીજી ટેસ્ટના પ્રથમ દિવસે ૨૯મી ઓવર દરમ્યાન સીલ્ઝે એક બૉલ ફેંક્યા બાદ ફૉલો-થ્રુમાં બૉલ અટકાવીને ગુસ્સામાં બૅટ્સમૅન યશસ્વી જયસ્વાલ તરફ ફેંક્યો હતો. એ થ્રો બિનજરૂરી હતો જેમાં બૉલ યશસ્વીને પૅડ પર વાગ્યો હતો.

સીલ્ઝે ક્રોધમાં બૉલ ફેંકીને આચાર સંહિતાની કલમ ૨.૯નું ઉલ્લંઘન કર્યું હતું. આ કલમમાં એવું છે કે જો કોઈ ખેલાડી અન્ય કોઈ ખેલાડી તરફ કે તેના પર જરૂર વિના કે એ ખેલાડી માટે જોખમી સાબિત થઈ શકે એ રીતે ફેંકે તો બૉલ ફેંકનાર પ્લેયર સામે પગલાં લઈ શકાય.

સીલ્ઝના નામે અગાઉ એક ડીમેરિટ પૉઇન્ટ લખાયો હતો. તેણે ૨૦૨૪માં બાંગ્લાદેશ સામેની મૅચમાં નિયમનો ભંગ કર્યો હતો ત્યારે તેના નામે એક ડીમેરિટ પૉઇન્ટ લખવામાં આવ્યો હતો. એ રીતે, તેના નામે બે પૉઇન્ટ થયા છે. ■

આઠ વર્ષમાં માત્ર ૧૫ ટેસ્ટઃ સિલેક્ટરોને કુલદીપનો સણસણતો જવાબ

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટ ટીમનો લેફ્ટ આર્મ સ્પિનર કુલદીપ યાદવ હાલ શાનદાર ફોર્મમાં છે. એશિયા કપ ૨૦૨૫ બાદ વેસ્ટ ઇન્ડિઝ સામેની ટેસ્ટ મેચમાં તે ટીમ માટે મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યો છે. બીજી ટેસ્ટની પહેલી ઇનિંગમાં કુલદીપે વેસ્ટ ઇન્ડિઝની પાંચ વિકેટ લીધી હતી. ત્યારે એવી ચર્ચા થઇ રહી છે કે વર્ષોથી કુલદીપની અવગણના કરવામાં આવી છે.

કુલદીપે માર્ચ ૨૦૧૭ માં ટેસ્ટ ફોર્મેટમાં ડેબ્યૂ કર્યું હતું, ત્યાર બાદ આઠ વર્ષથી વધુ સમયમાં કુલદીપને ૧૫ ટેસ્ટ મેચ રમવાની તક આપવામાં આવી હતી. તાજેતરના ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન પાંચ ટેસ્ટ મેચની સિરીઝમાં પણ કુલદીપ યાદવને એક પણ મેચમાં રમવાની તક આપવામાં આવી ન હતી. વન-ડે અને ટી-૨૦ ઇન્ટરનેશનલ મેચોમાં પણ તેનું સ્થાન અનિશ્ચિત રહ્યું છે. પરંતુ કુલદીપે તેના સારું પ્રદર્શન કરીને પોતાની છાપ છોડી છે.

તાજેતરમાં સમાપ્ત થયેલા એશિયા કપ ૨૦૨૫માં કુલદીપ યાદવ સૌથી વધુ વિકેટ લેનારો બોલર રહ્યો હતો, પાકિસ્તાન સામેની ફાઈનલ મેચ જીતમાં પણ તેણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. એશિયા કપ ૨૦૨૫માં કુલદીપે સાત મેચમાં ૯.૨૯ ની એવરેજથી ૧૭ વિકેટ લીધી.

હવે કુલદીપ યાદવને જ્યારે ટેસ્ટ મેચમાં તક આપવામાં આવી છે, ત્યારે તેણે પોતાની પ્રતિભા સાબિત કરી છે. દિલ્હીમાં રમાઈ રહેલી ટેસ્ટ મેચમાં પણ કુલદીપે ઘટક બોલિંગ કરી છે. કુલદીપ યાદવે પ્રથમ ઇનિંગમાં પાંચ વિકેટ લીધી, ટેસ્ટ ક્રિકેટમાં તેની પાંચમી વખત પાંચ વિકેટ હતી.

ટેસ્ટ મેચની એક ઇનિંગમાં પાંચ કે તેથી વધુ વિકેટ લેનારો કુલદીપ બીજો લેફ્ટ હેન્ડ સ્પિનર છે. કુલદીપે ઇંગ્લેન્ડના સ્પિનર જોની વોર્ડલ સાથે સ્થાન મેળવ્યું છે. કુલદીપે દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ સ્પિનર પોલ એડમ્સને પાછળ છોડી દીધો, તેણે એક ટેસ્ટ ઇનિંગમાં ચાર વાર પાંચ વિકેટ લીધી હતી.

ત્રણેય ફોર્મેટ મળીને કુલદીપ યાદવે અત્યાર સુધીમાં કુલ ૩૩૫ વિકેટ લીધી છે. કુલદીપે ઓડીઆઈ ક્રિકેટમાં બે વાર હેટ્રિક લીધી છે. કુલદીપ યાદવ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ અને ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની વિજેતા ભારતીય ટીમનો ભાગ રહી ચૂક્યો છે. કુલદીપ યાદવે હવે તેની પ્રતિભા સાબિત કરી છે, ત્યારે સિલેક્ટર્સ હવે તેને વધુ અવગણી નહીં શકે. ■

ફૉલો-ઓનનો ગિલનો પ્લાન બૂમરેંગ થયો

દિલ્હીઃ ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે ચાલી રહેલી બે ટેસ્ટ મેચની સિરીઝની પહેલી મેચમાં ભારતે આસાનીથી જીત મેળવી હતી. અમદાવાદમાં રમાયેલી મેચમાં ભારતે માત્ર ત્રણ દિવસમાં જ વેસ્ટ ઇન્ડિઝની ટીમને ઇનિંગ અને ૧૪૦ રને હરાવી દીધી હતી. બીજી ટેસ્ટમાં જ ભારતીય ટીમને આવી રીતે જ જીત મળવાની આશા હતી, પરંતુ કેપ્ટન શુભમન ગિલનો દાવ ઊલટો પડી ગયો હતો.

બીજી ટેસ્ટમાં પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમે ૫૧૮ રન બનાવીને અને ઈનિંગ ડિકલેર કરી, ટીમની પાંચ જ વિકેટ પડી હતી. ત્યાર બાદ વેસ્ટ ઇન્ડિઝની ટીમ ૨૪૮ રનમાં ઓલ આઉટ થઇ ગઈ હતી, ભારતીય ટીમને કેપ્ટન શુભમન ગીલે વેસ્ટ ઇન્ડિઝને ફોલ ઓન આપ્યું હતું.

શુભમન ગીલનો પ્લાન હતો કે બીજી ઇનિંગમાં પણ વેસ્ટ ઇન્ડિઝને ઓછા સ્કોર ઓલ આઉટ કરી મેચ ઝડપથી જીતી લેવી, પરંતુ તેનો દાવ ઊલટો પડ્યો છે. બીજી ઇનિંગમાં વેસ્ટ ઇન્ડિઝે લડાયક બેટિંગ કરી છે.

હવે કેપ્ટન શુભમન ગીલના બે નિર્ણયોની ટીકા કરવામાં આવી રહી છે. ભારતીય ટીમ હજુ વધુ સમય બેટિંગ કરીને ૬૦૦થી વધુ સ્કોર કરી શકી હોય, પરંતુ મેચ ઝડપથી જીતવાના પ્રયાસમાં ગીલે ઇનિંગ ડિકલેર કરી દીધી હતી.

વેસ્ટ ઈન્ડિઝ પ્રથમ ઇનિંગમાં ફક્ત ૨૪૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ, ત્યારે એવું લાગ્યું કે ગિલે સાચો નિર્ણય સાચો હતો, પરંતુ પછી કેપ્ટન ગિલે ભૂલ કરી. ગિલે બીજી ઇનિંગમાં બેટિંગ ન કરવાનો નિર્ણય લીધો અને વેસ્ટ ઈન્ડિઝને ફોલો-ઓન આપ્યું. ભારતીય ટીમે છેલ્લા ઘણા વર્ષોથી તક હોવા છતાં સામે વાળી ટીમને ફોલો-ઓન આપ્યું ન હતું.

ભારતીય ફોલ ઓન આપ્યા બાદ વેસ્ટ ઇન્ડિઝની ટીમ શાનદાર બેટિંગ કરી રહી છે. લોકો ટીકા કરી રહ્યા છે કે ગિલ ઓવર કોન્ફીડન્સમાં આવા નિર્ણયો લઇ રહ્યો છે. જો કે ભારત હજુ પણ મજબુત સ્થિતિમાં છે મેચ જીતે એવી પૂરી શકયતા છે. ■

વર્લ્ડકપની ટીમમાં રોહિત-વિરાટનું સ્થાન ડામાડોળ છેઃ રવિ શાસ્ત્રી

સિડનીઃ ભૂતપૂર્વ ભારતીય મુખ્ય કોચ રવિ શાસ્ત્રીનું કહેવું છે કે રોહિત શર્મા અને વિરાટ કોહલીનું વન-ડે ક્રિકેટમાં ભવિષ્ય અનિશ્ચિત છે. શાસ્ત્રીએ કહ્યું હતું કે ઓસ્ટ્રેલિયા સામેની વન-ડે સીરિઝ મહત્ત્વપૂર્ણ રહેશે કારણ કે તે નક્કી કરશે કે આ બંને બેટ્સમેન ૨૦૨૭ વન-ડે વર્લ્ડ કપ સુધી રમવાનું ચાલુ રાખી શકશે કે નહીં. શાસ્ત્રીએ રોહિત અને કોહલીના અનુભવ પર ભાર મૂક્યો હતો પરંતુ એમ પણ કહ્યું હતું કે ફોર્મ, ફિટનેસ અને ક્રિકેટની ભૂખ મહત્ત્વપૂર્ણ પરિબળો હશે.

શાસ્ત્રીએ કહ્યું હતું કે ઓસ્ટ્રેલિયા સામેની સીરિઝ રોહિત અને કોહલી માટે બેન્ચમાર્ક તરીકે કામ કરશે. રોહિત અને કોહલીને ૧૯ ઓક્ટોબરથી શરૂ થતી ઓસ્ટ્રેલિયા સામેની ત્રણ મેચની વન-ડે સીરિઝ માટે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. આ સીરિઝમાં ગિલ રોહિતનું સ્થાન લેશે. શાસ્ત્રીએ કહ્યું હતું કે, ‘‘તેથી જ તેઓ અહીં છે (ઓસ્ટ્રેલિયા સામે વન-ડે સીરિઝમાં રમી રહ્યા છે). તેઓ આ ટીમ કોમ્બિનેશનનો ભાગ છે. તે તેમની ફિટનેસ, જુસ્સો અને ફોર્મ પર આધાર રાખે છે. મને લાગે છે કે આ શ્રેણી તેમના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.’’ આ શ્રેણીના અંતે તેઓ જાણશે કે તેઓ કેવું અનુભવે છે અને પછી તે તેમનો નિર્ણય કરશે.

રોહિત અને કોહલી હવે ફક્ત વન-ડે ફોર્મેટમાં જ આંતરરાષ્ટ્રીય સ્તરે રમે છે. તે જોવાનું બાકી છે કે તેઓ ભારતની લાંબા ગાળાની યોજનાઓમાં ફિટ બેસે છે કે નહીં કારણ કે આગામી વન-ડે વર્લ્ડ કપ હજુ બે વર્ષ દૂર છે. તે સમયે રોહિત શર્મા ૪૦ વર્ષનો અને કોહલી ૩૮ વર્ષનો હશે. રોહિત અને કોહલી ફેબ્રુઆરીમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમ્યા હતા. જેમાં ટીમ ઈન્ડિયા ચેમ્પિયન બની હતી. રોહિતને ફાઇનલમાં પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો જ્યારે કોહલીએ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી અને ટોચના પાંચ બેટ્સમેનોમાં સ્થાન મેળવ્યું હતું.

શાસ્ત્રીએ કહ્યું હતું કે , ‘‘ઓસ્ટ્રેલિયાના દૃષ્ટિકોણથી માર્ચમાં વન-ડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનારા સ્ટીવ સ્મિથ માટે પણ આ જ વાત લાગુ પડે છે. તમારે રમતનો આનંદ માણવો પડશે અને હજુ પણ જુસ્સો રાખવો પડશે. પરંતુ જ્યારે મોટી મેચોની વાત આવે છે, ત્યારે અનુભવનો કોઈ વિકલ્પ નથી. આપણે ચેમ્પિયન્સ ટ્રોફીમાં આ જોયું છે. જ્યારે મોટી મેચ આવે છે, ત્યારે ફક્ત મોટા ખેલાડીઓ જ આગળ આવે છે. ■

મહિલા વર્લ્ડકપઃ બાંગ્લાદેશને નમાવ્યું આફ્રિકાએ

વિશાખાપટ્ટનમ : મહિલા વન-ડે વર્લ્ડકપમાં વિશાખાપટ્ટનમ ખાતે રમાયેલી સાઉથ આફ્રિકા વચ્ચેની મેચમાં બાંગ્લાદેશની ટીમે પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં છ વિકેટ ગુમાવીને ૨૩૨ રન ફટકાર્યા હતા પણ માત્ર ૭૮ રનમાં પાંચ વિકેટ ગુમાવી દેનાર આફ્રિકાની ટીમે જબરજસ્ત વળતી લડત આપીને ત્રણ બોલ બાકી હતા ત્યારે લક્ષ્ય સિદ્ધ કર્યું હતું.

દક્ષિણ આફ્રિકાની મેરિઝન કેપ (૫૬), કોલે ટાયરન (૬૨) અને નેડિન ડીક્લાર્ક (૩૭) બાંગ્લાદેશને નામોશીભરી હારનો સ્વાદ ચખાડ્યો હતો.

આ અગાઉ શોરના અખ્તર બાંગ્લાદેશ માટે મહિલા ક્રિકેટમાં સૌથી ઝડપી અડધી સદી ફટકારનાર બેટ્સમેન બની હતી. તેણે ૩૫ બોલમાં ત્રણ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી અણનમ ૫૧ રન ફટકારી ટીમને મુશ્કેલ સ્થિતિમાંથી બહાર કાઢી હતી. રીતુ મોનીએ તેને સારો સાથ આપ્યો અને આઠ બોલમાં અણનમ ૧૯ રન ફટકાર્યા હતા.

બાંગ્લાદેશની શરૂઆતથી એવું લાગતું હતું કે તેઓ ૨૦૦ રન સુધી પહોંચશે નહીં પરંતુ શોરનાએ તેની પાવર-હિટિંગથી પ્રભાવિત કર્યા હતા. પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લેતા બાંગ્લાદેશનું ખરાબ ફોર્મ યથાવત રહ્યું હતું. ■

સાઉથ આફ્રિકા સામે પ્રથમ ટેસ્ટમાં મજબૂત સ્થિતિમાં પાકિસ્તાન

લાહોર : લાહોરમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચમાં બીજા દિવસને અંતે સાઉથ આફ્રિકા સામે પાકિસ્તાન મજબૂત સ્થિતિમાં પહોંચ્યું હતું. ડાબા હાથના સ્પિનર નોમાન અલીની શાનદાર બોલિંગ સામે દક્ષિણ આફ્રિકાના બેટ્સમેનોએ સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. બીજા દિવસના અંતે સાઉથ આફ્રિકાના બેટ્સમેન ટોની જિયોર્ગી ૮૧ રન અને સેનુરન મુથુસામી છ રને રમી રહ્યા છે. સાઉથ આફ્રિકા તરફથી રિયાન રિકેલ્ટન અને ટોની ડી જિયોર્ગીએ શાનદાર ઈનિંગ રમી હતી. પ્રથમ ઇનિંગમાં સાઉથ આફ્રિકાએ છ વિકેટ ગુમાવીને ૨૧૬ રન કર્યા છે અને હજુ પણ પાકિસ્તાનથી ૧૬૨ રન પાછળ છે. જો જિયોર્ગી અને રિકેલ્ટને અડધી સદી ન ફટકારી હોત તો દક્ષિણ આફ્રિકાની સ્થિતિ વધુ ખરાબ થઈ હોત. રિકેલ્ટને ૧૩૭ બોલમાં નવ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૭૧ રન કર્યા હતા.

પાકિસ્તાને દિવસની શરૂઆત પાંચ વિકેટે ૩૧૩ રનથી કરી હતી. મોહમ્મદ રિઝવાને ૬૨ અને સલમાન આગાએ ૫૨ રનથી ઇનિંગને આગળ વધારી હતી. સેનુરન મુથુસામીએ રિઝવાનને ૩૬૨ રનના કુલ સ્કોર પર આઉટ કર્યો હતો. તેણે ૧૪૦ બોલનો સામનો કર્યો અને બે ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૭૫ રન કર્યા હતા. નોમાન અલી અને સાજિદ ખાન પોતાનું ખાતું પણ ખોલાવી શક્યા નહોતા. મુથુસામીએ શાહીન શાહ આફ્રિદીને આઉટ કર્યો. તે ફક્ત સાત રન જ કરી શક્યો હતો. સુબ્રાયને સલમાન અલીને આઉટ કરીને પાકિસ્તાનની ઈનિંગ સમાપ્ત કરી હતી. ■

૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીને જૅકપોટ : બિહાર ટીમનો વાઇસ કેપ્ટન

પટણા : ૧૪ વર્ષની ઉંમરના આક્રમક ઓપનિંગ બેટ્સમમેન વૈભવ સૂર્યવંશીને બિહાર ક્રિકેટ અસોસિએશને બિહારની રણજી ટીમનો વાઇસ કેપ્ટન બનાવ્યો છે. આ નિયુક્તિ એક વિક્રમ છે. તેને પહેલી બે મેચ માટે આ જવાબદારી સોંપવામાં આવી છે. સકિબુલ ગની આ ટીમનો કેપ્ટન છે. નવી રણજી સીઝન ૧૫મી ઑક્ટોબરે શરૂ થશે. વૈભવ તાજેતરમાં ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડમાં કેટલીક ધમાકેદાર અને વિક્રમજનક ઇનિંગ્સ રમ્યો હતો. ■

જોશના ચિનપ્પાએ જાપાન ઓપન સ્ક્વોશનું ટાઈટલ જીત્યું

યોકોહામા (જાપાન) : ભારતની ટોચની સ્ક્વોશ ખેલાડી જોશના ચિનપ્પાએ પોતાનો શાનદાર પ્રદર્શનને યથાવત્ રાખતા સોમવારે યોકોહામામાં જાપાન ઓપન ફાઇનલમાં ઇજિપ્તની હયા અલીને ચાર ગેમમાં હરાવીને પોતાનો ૧૧મો પીએસએ ટૂર ટાઇટલ જીત્યું હતું. ભારતીય મહિલા ખેલાડીએ ૧૫,૦૦૦ અમેરિકન ડૉલરના ઈનામની ચેલેન્જર ટૂર્નામેન્ટની ફાઇનલમાં ત્રીજા ક્રમાંકિત ઇજિપ્તની ખેલાડીને ૩૮ મિનિટમાં ૧૧-૫, ૧૧-૯, ૬-૧૧, ૧૧-૮થી હરાવી હતી. અગાઉ, વિશ્વની ૧૧૭મા ક્રમની ખેલાડી ચિનપ્પાએ સેમિફાઇનલમાં ચોથા ક્રમની ઇજિપ્તની રાણા ઇસ્માઇલને ૧૧-૭, ૧૧-૧, ૧૧-૫ થી હરાવી હતી. ■

એશિઝ સિરીઝ અગાઉ ઓસ્ટ્રેલિયાને ઝટકો, કમિન્સ પહેલી મેચ ગુમાવે એવી શક્યતા

સિડની : આગામી મહિને ઈંગ્લેન્ડ સામેની એશિઝ શ્રેણીની પ્રથમ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાના ટેસ્ટ ટીમના કેપ્ટન અને ફાસ્ટ બોલર પેટ કમિન્સના રમવા પર આશંકા સેવાઈ રહી છે. મીડિયા સાથે વાત કરતા કમિન્સે કહ્યું હતું કે તે સંપૂર્ણપણે ફિટ નથી અને તેના રમવાની શક્યતા ખૂબ ઓછી છે. હું ખાતરીપૂર્વક કંઈ કહી શકતો નથી પરંતુ હું કહીશ કે તે ઓછામાં ઓછું અશક્ય છે. મારી પાસે હજુ થોડો સમય છે.

કમિન્સ છેલ્લા કેટલાક મહિનાઓથી પીઠની ઇજાથી સંઘર્ષ કરી રહ્યો છે જેના કારણે તે ત્રણ મહિનાથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી દૂર છે. આ ઇજાને ગંભીર માનવામાં આવે છે અને હવે એવી અટકળો ચાલી રહી છે કે કમિન્સ ફક્ત પહેલી મેચ જ નહીં પરંતુ પહેલી બે એશિઝ મેચ પણ ગુમાવી શકે છે. જોકે, કેપ્ટને એમ પણ કહ્યું કે રિકવરી પ્રક્રિયા અપેક્ષા કરતાં વધુ સારી રીતે ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે, મેં તાજેતરમાં જ જીમમાં હળવી કસરતો શરૂ કરી છે.

આજે ન્યૂઝીલેન્ડ સામે ટકરાશે શ્રીલંકા, સ્પર્ધામાં ટકી રહેવા માટે જીતવું જરૂરી

કોલંબોઃ મહિલા વન-ડે વર્લ્ડકપમાં આજે શ્રીલંકા અને ભૂતપૂર્વ ચેમ્પિયન ન્યૂઝીલેન્ડ સામ સામે ટકરાશે. પોતાની અગાઉની જીતથી ઉત્સાહિત ન્યૂઝીલેન્ડ મંગળવારે અહીં રમાનારી આઈસીસી મહિલા વન-ડે વર્લ્ડ કપ મેચમાં સહ-યજમાન શ્રીલંકા સામે ટકરાશે. ન્યૂઝીલેન્ડ પોતાની જીતની લય જાળવી રાખવાના ઈરાદા સાથે મેદાનમાં ઊતરશે. બીજી તરફ, શ્રીલંકા હજુ સુધી એક પણ મેચ જીતી શક્યું નથી અને ઘરઆંગણાની પરિસ્થિતિનો લાભ લેવાનો પ્રયાસ કરશે.

ન્યૂઝીલેન્ડની ટીમ ૨૦૦૦ની ચેમ્પિયન છે પરંતુ વર્તમાન ટુર્નામેન્ટમાં શરૂઆત ખરાબ રહી હતી. તેમને ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા સામે તેમની પહેલી બે મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ પછી બાંગ્લાદેશને હરાવીને જીતની લય મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

ન્યૂઝીલેન્ડ હાલમાં પોઈન્ટ ટેબલમાં પાંચમા ક્રમે છે. ત્રણ મેચમાં બે પોઈન્ટ અને -૦.૨૪૫ના નેટ રન રેટ સાથે આ આંકડો તેઓ સુધારવાનો પ્રયાસ કરશે. કેપ્ટન સોફી ડિવાઈને બેટિંગમાં શાનદાર પ્રદર્શન કર્યું છે, ત્રણ ઇનિંગમાં ૮૬.૬૬ની સરેરાશથી સ્કોર કર્યો છે. પાંચમા ક્રમની બેટ્સમેન બ્રુક હોલિડેના શાનદાર પ્રદર્શનથી ટીમને બાંગ્લાદેશ સામે જીત અપાવવામાં મદદ મળી હતી. ન્યૂઝીલેન્ડના ટોપ-ઓર્ડરમાં સાતત્યનો અભાવ એક મોટી ચિંતાનો વિષય છે. અનુભવી સુઝી બેટ્સ, જ્યોર્જિયા પ્લિમર અને અમેલિયા કેર સારી શરૂઆતને મોટા સ્કોરમાં ફેરવવામાં સંઘર્ષ કરી રહી છે, જેના કારણે ડિવાઇન પર ઘણી જવાબદારી આવી ગઈ છે. તેણે પોતાની લય પરત મેળવવી પડશે. શ્રીલંકાના સ્પિન આક્રમણ સામે વધુ સારું પ્રદર્શન કરવાની જરૂર પડશે.

આ વર્લ્ડ કપમાં અત્યાર સુધીમાં આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે ચાર મેચ રમાઈ ચૂકી છે જેમાં પ્રથમ ઇનિંગ્સનો સરેરાશ સ્કોર ૨૦૫ છે. સ્પિનરોએ મેદાન પર પ્રભુત્વ મેળવ્યું છે અને ૪૧ વિકેટ ઝડપી છે જે ઝડપી બોલરો કરતાં ૧૪ વધુ છે. જ્યાં સુધી શ્રીલંકાનો સવાલ છે ત્યાં સુધી સેમિફાઇનલમાં પહોંચવાની આશા જીવંત રાખવા માટે કોઈપણ કિંમતે જીત મેળવવી પડશે. ચમારી અટાપટ્ટુની કેપ્ટનશિપ હેઠળની ટીમનો ત્રણ મેચમાંથી એક પોઈન્ટ છે, જેમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા સામેની મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી. તેઓ સાતમા સ્થાને છે, ફક્ત પાકિસ્તાનથી આગળ છે.

શ્રીલંકાની બેટિંગ તેમના કેપ્ટન અટાપટ્ટુ પર ખૂબ નિર્ભર છે અને જો તેમને જીતવું હશે તો તેમના અન્ય બેટ્સમેનોએ સારું પ્રદર્શન કરવાની જરૂર પડશે. ■

સતત બે હાર બાદ ભારતીય મહિલા ટીમમાં મનોમંથન, છઠ્ઠા બોલરને રમાડવાની વિચારણા

વિશાખાપટ્ટનમ : વર્લ્ડ કપમાં સતત બે હાર બાદ ભારતીય મહિલા ટીમના કોચ અમોલ મુઝુમદારે સંકેત આપ્યો હતો કે ટીમ મેનેજમેન્ટ છઠ્ઠા બોલરને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવા અને બેટિંગ ક્રમમાં ફેરફાર માટે તૈયાર છે. દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાએ ચાર દિવસના સમયગાળામાં ભારતને હાર આપી હતી જેનાથી આ મોટી આઈસીસી ટૂર્નામેન્ટમાં ઘરઆંગણાની ટીમની સેમિફાઈનલમાં પહોંચવાની રેસ વધુ મુશ્કેલ બની છે.

મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાં મુઝુમદારે કહ્યું હતું કે, ‘‘ આ મેચ (ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ) પછી અમે તેના (પાંચ બોલરોના અભિગમ) પર વિચાર કરીશું અને મને ખાતરી છે કે ટીમ મેનેજમેન્ટ તેના પર યોગ્ય ચર્ચા કરશે અને પછી અમે આગામી મેચ માટે યોગ્ય નિર્ણય લઈશું.’’ ભારત રવિવારે ઇન્દોરમાં તેમની આગામી મેચમાં ઇંગ્લેન્ડનો સામનો કરશે અને તે પહેલાંના સમયનો ઉપયોગ ટીમ કોમ્બિનેશનને સુધારવા માટે કરી શકાય છે.

દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા બન્નેએ ભારતની પાંચ બોલરોની રણનીતિની નબળાઈઓને ઉજાગર કરી હતી. તેઓએ સ્પિનરોને સાવધાનીપૂર્વક રમીને બિનઅનુભવી ઝડપી બોલરો ક્રાંતિ ગૌડ અને અમનજોત કૌરને નિશાન બનાવ્યા હતા. તાજેતરની મેચમાં ઓસ્ટ્રેલિયાએ ગૌડ અને કૌરે ફેંકેલી ૧૮ ઓવરમાં ૧૪૧ રન ફટકાર્યા હતા.

તેનાથી વિપરીત તેઓએ ડાબા હાથની સ્પિનર શ્રી ચારણી અને ઓફ સ્પિનર દીપ્તિ શર્મા સામે વધુ સાવધાની પૂર્વક બેટિંગ કરી હતી. જેમણે સંયુક્ત રીતે ૨૦ ઓવરમાં ફક્ત ૯૩ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી. આ સ્થિતિમાં ઇન્દોર અથવા ત્યારબાદની મેચોમાં ભારત રાધા યાદવ જેવા ડાબા હાથની સ્પિનરને પ્લેઇંગ ઈલેવનમાં લાવવાનું વિચારી શકે છે.

જ્યારે સ્મૃતિ મંધાના અને પ્રતિકા રાવલે ૨૪.૩ ઓવરમાં ૧૫૫ રનની ભાગીદારી કરી હતી ત્યારે ભારત પાસે રિચા ઘોષ અથવા જેમિમાહ રોડ્રિગ્સને ક્રમમાં ઉપર પ્રમોટ કરીને તેનો લાભ લેવાની તક હતી. પરંતુ ટીમે ત્રીજા ક્રમે હરલીન દેઓલ અને ચોથા ક્રમે કેપ્ટન હરમનપ્રીત કૌરને પસંદ કર્યા હતા. બંને બેટ્સમેન અપેક્ષાઓ પર ખરા ઉતરવામાં નિષ્ફળ ગયા હતા. દેઓલ (૪૨ બોલમાં ૩૮ રન) અને હરમનપ્રીત (૧૭ બોલમાં ૨૨ રન) ની ધીમી ઇનિંગ્સે ભારતની ગતિને નોંધપાત્ર રીતે ધીમી કરી દીધી હતી અને ઓસ્ટ્રેલિયાને મેચમાં વાપસી કરવાની તક મળી હતી.

મુઝુમદારે કહ્યું હતું કે, ‘‘મને લાગે છે કે અમારી પાસે ખૂબ જ સ્થિર બેટિંગ ક્રમ છે. હું તેને વધારે બદલવા માગતો નથી, પરંતુ જરૂર પડ્યે અમે ફેરફાર કરવા માટે તૈયાર છીએ. અમારી પાસે રિચાને ઉપરના ક્રમે મોકલવાની તક છે અને કેટલીકવાર અમારી પાસે દીપ્તિ શર્માની સારી બેટિંગે પણ મદદ કરી છે. પરંતુ હું બેટિંગ ક્રમ સાથે વધુ પડતા ચેડા કરવા માંગતો નથી.’’

તેમણે કહ્યું હતું કે, ‘‘હું હંમેશા આ કહું છું ડ્રેસિંગ રૂમમાં પણ આપણને સારી શરૂઆતની જરૂર છે, પરંતુ આપણને વધુ સારા ફિનિશની જરૂર છે. બોલિંગનો સવાલ છે તો છેલ્લી પાંચ ઓવરમાં અમે તે મેચ હારી ગયા હતા.’’ ■

તન-મન-ધનથી રહો તરોતાજા

મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

આપણું FII કોણ કહેવાય?

મારા વાચકો, દર્શકો, કલાયન્ટ્સ ઘણી વખત મને પૂછતા હોય છે કે નિવૃત્તિ માટે રોકાણ ક્યારે શરૂ કરવું જોઈએ? મારો જવાબ હોય છે.

'તમારી પહેલી આવક આવે એ જ દિવસથી નિવૃત્તિ માટેનું રોકાણ શરૂ કરવું જોઈએ.'

નિવૃત્તિ વખતે આપણને એવા વૃક્ષની જરૂર હોય છે. જે ખંખેરીને આપણે પૈસા મેળવી શકીએ. જેમણે પણ વૃક્ષારોપણ કર્યું છે કે બીજ વાવ્યું છે તેમને ખબર હશે કે વાવેલાં બધાં જ બીજમાંથી છોડ ઊગતો નથી. ઘણાં બીજ ફલિત થઈ શકતાં નથી. જે બીજ ટકી જાય છે તે જ મોટાં વૃક્ષ બની શકે છે. અમુક બીજ થોડા સપ્તાહ બાદ કે થોડા મહિના બાદ નષ્ટ થઈ જાય છે. પ્રતિકૂળ હવામાન નડ્યું હોઈ શકે છે કે પછી પ્રાણીઓ છોડ ખાઈ ગયાં હોઈ શકે છે. આ જ વાતને આપણે આપણી બચત સાથે પણ સરખાવી શકીએ છીએ. કોઈક કટોકટીને કારણે આપણી બધી જ બચત ધોવાઈ જાય એવું બનતું હોય છે. એ કટોકટી અર્થતંત્રની આર્થિક સ્થિતિઓ, આપણી બીમારી પાછળ થયેલો ખર્ચ, વગેરેના સ્વરૂપે હોઈ શકે છે. ક્યારેક આપણા રોકાણના નિર્ણયો ખોટા પુરવાર થતા હોય છે. દાખલા તરીકે આપણે એવા સાધનમાં રોકાણ કર્યું હોય જેમાં વળતર મળે જ નહીં. ક્યારેક એવું પણ બને કે આપણે જેમાં રોકાણ કર્યું હોય એ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમના મેનેજરે લીધેલા રોકાણના નિર્ણયો ખોટા સાબિત થયા હોય અને એ સુધારી લેવાય ત્યાં સુધીમાં તો ઘણું મોડું થઈ ગયું હોય. જો આપણે એવી સ્કીમમાં રોકાણ કરેલું હોય તો એ ભૂલનું પરિણામ આપણે પણ ભોગવવું પડે છે.

જો આપણી કારકિર્દીના પ્રારંભિક કાળમાં આવું થાય તો આપણને બાજી સુધારી લેવા માટેનો સમય મળતો હોય છે, પરંતુ જેમના નિવૃત્તિ માટે રાખવામાં આવેલા ભંડોળની બાબતે આવી કટોકટી સર્જાય તેમના શું હાલ થાય? ઝાડ જેટલું વિશાળ હોય એટલું સારું. વિશાળ વૃક્ષ વધારે છાંયડો આપે છે, વધુ ફળ-ફૂલ આપે છે અને વધુ મજબૂત તથા ઊંડાં મૂળ ધરાવતું હોય છે. સાથે એ પણ નોંધવું રહ્યું કે વૃક્ષોને મોટાં થવામાં ઘણો લાંબો સમય લાગે છે. આથી આપણે ધીરજપૂર્વક તેની રાહ જોવી જરૂરી છે. જેટલો વધારે સમય આપીશું એટલું ઝાડ મોટું થશે. આથી, આપણે નિવૃત્તિકાળ માટેનું આયોજન જેટલું વહેલું શરૂ કરી દઈએ એટલું જ આપણા માટે સારું.

ઉપરોક્ત વાત આપણે અહીં એક સામાન્ય કોષ્ટક દ્વારા સમજીએ, જેમકે....

માસિક રોકાણ (રૂપિયામાં)	વળતરનો દર (ટકામાં)	સમયગાળો (વર્ષમાં)	છેલ્લે જમા થતું ભંડોળ (રૂપિયામાં)
૫૦૦૦	૧૨	૪૦	૫,૮૮,૨૩,૮૬૨.૫૫
૫૦૦૦	૧૨	૩૦	૧,૭૪,૭૧,૮૨૦.૬૬
૫૦૦૦	૧૨	૨૦	૪૯,૪૬,૨૭૬.૮૩
૫૦૦૦	૧૨	૧૦	૧૧,૫૦,૧૯૩.૪૫
૫૦૦૦	૧૨	૫	૪,૦૮,૩૪૮.૩૫

ચાલો, આપણે જીવનના વિવિધ તબક્કાની દૃષ્ટિએ પણ આ કોન્સેપ્ટનો વિચાર કરીએ. નાની ઉંમરે જવાબદારીઓ ઓછી હોય છે. વળી, કમાનાર વ્યક્તિ પર નિર્ભર કોઈ વ્યક્તિ ન હોય એવું પણ શક્ય છે. માતા-પિતા પોતે પણ કામ કરતાં હોય અને તેમની પોતાની આવક હોય તેથી એ સંતાન પર નભતાં ન હોય એવા પણ સંજોગો હોય છે.

ઘણીવાર માણસ માતા-પિતાની સાથે રહેતો હોવાને કારણે તેણે પોતે ઘર ચલાવવા માટે કોઈ જ ખર્ચ કરવો પડતો નથી અથવા તો બહુ ઓછો ખર્ચ કરવો પડે છે. એવી સ્થિતિમાં તેને પોતાના સ્વતંત્ર ઘરની પણ જરૂર ન હોય. આવા સંજોગોમાં એ વ્યક્તિ આસાનીથી બચત કરી શકે છે. મનુષ્યની ઉંમર જેમ જેમ વધતી જાય તેમ તેમ તેના પર નિર્ભર વ્યક્તિઓ વધતી જાય. તેણે માતા-પિતાનું ધ્યાન રાખવાનું હોય, સંતાનોની જવાબદારી હોય, અલગ ઘરની જરૂર પડે, વગેરે.

જીવનમાં આગળ વધતાં સંતાનો પાછળના ખર્ચ પણ શરૂ થઈ જાય છે. આવક વધતી હોય છે, પરંતુ તેની સાથે સાથે ખર્ચ પણ વધતા જતા હોય છે.

સામાન્ય રીતે નાની ઉંમરે માણસની આશાઓ-આકાંક્ષાઓ પણ વધારે હોય છે. એ ઉંમરે પૈસાની શક્તિ વીજપ્રવાહ જેવી શક્તિશાળી હોય છે. એ શક્તિને યોગ્ય રીતે વાળવામાં આવે તો એ આશીર્વાદ બને, પરંતુ એ પ્રવાહના તાર ઉપર જો આંગળી લગાડી દઈએ તો આંચકો લાગે. આમ, આ શક્તિ ઊર્જાને કાળજીપૂર્વક અને જવાબદારીપૂર્વક સંભાળી લેવાની આવશ્યકતા હોય છે. આપણી કારકિર્દીની શરૂઆતમાં આપણે ભૌતિક ઈચ્છાઓ પાછળ ખર્ચ જરૂર કરવા, પરંતુ સાથે સાથે નિવૃત્તિ માટે પણ રકમ અલગ કાઢવી જોઈએ. નાની ઉંમરે વાવેલું બીજ પછી વટવૃક્ષ બની જાય છે.

Fii એટલે કે વિદેશી સંસ્થાકીય રોકાણકારો શું કરે છે તેની વાત આપણે ત્યાં ઘણા મોટા પ્રમાણમાં થતી હોય છે. આપણે Fii એટલે કે Foreign Institutional Investors (વિદેશી સંસ્થાકીય રોકાણકારો) કરતાં -Firts Income Investment (મારી પ્રથમ આવકનું રોકાણ)ને મહત્ત્વ આપવું જરૂરી છે. આ જ રોકાણ ભવિષ્યમાં My Future Income Incubation એટલે કે ભવિષ્યની મારી આવકનો ઉછેર બને છે.

સંપત્તિની વહેંચણી

આપણે પ્રવાસ હજી હમણાં જ શરૂ કર્યો હોય કે પછી તેમાં આગળ વધી રહ્યા હોઈએ, આપણે મુકામ પર પહોંચ્યા બાદ શું કરવાનું છે તેનો વિચાર કરી લેવામાં કોઈ વાંધો નથી. જીવનનાં સુવર્ણ વર્ષો કહેવાય છે એવા નિવૃત્તજીવન માટેની જોગવાઈ કરવી એ પણ જીવનભર કમાયેલા ધનની વહેંચણી કરવાની પ્રક્રિયાનો જ ભાગ છે. એ આયોજન થઈ ગયા બાદ સંપત્તિની સ્વજનોમાં એટલે કે વારસદારોમાં વહેંચણી કરી લેવાનો સમય આવે છે. ■

ફાઈનાન્સના ફંડા

મિતાલી મહેતા

પાવર ઑફ ઍટર્ની વિશે આ જરૂર જાણી લો...

આ અગાઉ આપણે વસિયતનામું અને એસ્ટેટ પ્લાનિંગ વચ્ચેનો તફાવત જોયો અને તેને લગતી કેટલીક ગેરસમજો દૂર કરવાનો પ્રયાસ કર્યો. આજે એસ્ટેટ પ્લાનિંગની કેટલીક રીત વિશે વિગતવાર વાત કરીએ, જેમકે...

એસ્ટેટ પ્લાનિંગનાં બે પાસાં હોય છે. એક, વહીવટી પાસું અને બે, નાણાકીય પાસું. વહીવટી પાસામાં અલગ અલગ પ્રકારની ડીડ તથા અન્ય દસ્તાવેજોનો અને અલગ અલગ સ્ટેમ્પ ડ્યૂટી તથા કરવેરાની ચુકવણીનો સમાવેશ થાય છે, જ્યારે નાણાકીય પાસામાં ફાઇનાન્શિયલ પ્લાનિંગ અને વારસાનું પ્લાનિંગ સામેલ હોય છે. તેમાં વિવિધ ઍસેટ્સમાં કરાયેલા રોકાણની વહેંચણી, નોમિનેશન, વગેરેનો સમાવેશ થાય છે. એસ્ટેટ પ્લાનિંગ કરવા માટે વસિયતનામું, પ્રોબેટ, પાવર ઑફ ઍટર્ની, ટ્રસ્ટ અને ગિફ્ટ એ બધા વિકલ્પો ઉપલબ્ધ હોય છે. વસિયત અને પ્રોબેટ વિશે આપણે અગાઉ વાત કરી ગયા છીએ. આજે આપણે પાવર ઑફ ઍટર્નીની માહિતી મેળવીએ...

પાવર ઑફ ઍટર્ની

કોઈ એક વ્યક્તિની મિલકત, નાણાકીય બાબતો, તબીબી સેવા તથા અન્ય હેતુસર નિર્ણય લેવાનો બીજી નિયુક્ત વ્યક્તિને અધિકાર આપવામાં આવે એને 'પાવર ઑફ ઍટર્ની' કહે છે. પાવર ઑફ ઍટર્ની બનાવનાર વ્યક્તિને 'પ્રિન્સિપાલ' કહેવાય છે અને પ્રિન્સિપાલ પોતાના વતી નિર્ણયો લેવા માટે જેમની નિમણૂક કરે એમને ઍટર્ની ઇન ફેક્ટ/ઍજન્ટ કહેવાય છે.

એસ્ટેટ પ્લાનિંગમાં પાવર ઑફ ઍટર્નીનું ઘણું મહત્ત્વ હોય છે. જોકે, એના વિશે ગેરસમજો પણ ઘણી છે. બિઝનેસના અને બીજા કોમર્શિયલ વ્યવહારો વધતાં જાય ત્યારે તમારા વતી નિર્ણયો લેવા માટે બીજી કોઈ સક્ષમ વ્યક્તિ તૈયાર હોય એ અગત્યનું બની જાય છે. ઘણા લોકો પાવર ઑફ ઍટર્ની અને વિલ કે પ્રોબેટની ભેળસેળ કરી દેતા હોય છે. વાસ્તવમાં પાવર ઑફ ઍટર્ની અને વિલ એ બન્ને અલગ અલગ દસ્તાવેજ છે. વસિયતનામું વ્યક્તિના મૃત્યુ પછી જ અમલી બને છે, જ્યારે પાવર ઑફ ઍટર્ની વ્યક્તિના જીવતે જીવ અમલમાં આવે છે. ટેક્નિકલી દૃષ્ટિએ જોઈએ તો, એ બન્ને વસ્તુઓ એકબીજાના વિકલ્પ નહીં, પણ એકબીજાની પૂરક છે.

ભારતમાં પાવર ઑફ ઍટર્ની

ભારતમાં પાવર ઑફ ઍટર્ની ઍક્ટ, ૧૮૮૨ હેઠળ પાવર ઑફ ઍટર્નીનું કામકાજ ચાલે છે. આ કાયદાની કલમ ૧એ મુજબ પાવર ઑફ ઍટર્નીમાં કોઈ એક નિશ્ચિત વ્યક્તિને આ દસ્તાવેજ બનાવનાર વ્યક્તિ વતી નિર્ણયો લેવાનો અધિકાર હોય છે.

પાવર ઑફ ઍટર્ની ઍક્ટ અને ઇન્ડિયન કોન્ટ્રેક્ટ ઍક્ટ, ૧૮૭૨ એ બન્ને અલગ અલગ છે, પરંતુ પાવર ઑફ ઍટર્નીના દસ્તાવેજના મૂળભૂત સિદ્ધાંતોને કારણે એને ઇન્ડિયન કોન્ટ્રેક્ટ ઍક્ટની અનેક જોગવાઈઓ લાગુ પડે છે.

પાવર ઑફ ઍટર્નીની જરૂર કોઈ વ્યક્તિ વૃદ્ધાવસ્થા, બીમારી, અનુભવની કમી કે બીજા કોઈ કારણસર પોતાનાં અંગત, કાનૂની અને બિઝનેસનાં કામકાજ સંભાળવા સક્ષમ ન હોય એવા વખતે પાવર ઑફ ઍટર્ની કરાવવા વિશે વિચાર કરી શકાય. પોતાના વેપાર-ધંધા, રોજગાર, ઍસેટ્સ, વગેરેને



લગતાં કામકાજ કરવા માટે તમને કોઈ વિશ્વાસુ વ્યક્તિની જરૂર પડે અને તમારા વતી કામ કરવા કોઈ વ્યક્તિ સક્ષમ હોય ત્યારે એમને પાવર ઑફ ઍટર્ની તરીકેના અધિકાર આપી શકો છો.

પાવર ઑફ ઍટર્નીના પ્રકાર

પાવર ઑફ ઍટર્નીના મુખ્યત્વે ત્રણ પ્રકાર છેઃ

જનરલ પાવર ઑફ ઍટર્ની, સ્પેશિયલ પાવર ઑફ ઍટર્ની અને ડ્યુરેબલ પાવર ઑફ ઍટર્ની.

જનરલ પાવર ઑફ ઍટર્નીઃ

જનરલ પાવર ઑફ ઍટર્નીમાં પ્રિન્સિપાલે પોતાના વતી અમુક કાર્યો કરવા માટે સર્વાધિકાર આપ્યા હોય છે. સર્વાધિકારનો અર્થ એ થાય છે કે પ્રિન્સિપાલે કોઈ મર્યાદિત પ્રમાણમાં નહીં, પરંતુ બધા પ્રકારના અધિકાર આપ્યા હોય છે. આવા સ્વરૂપના અધિકાર આપવા માટેનું લખાણ તૈયાર કરતી વખતે સાવધાની રાખવી જરૂરી છે. એમાં કોઈ વિષય નિશ્ચિત રીતે લખવો જોઈએ નહીં.

દાખલા તરીકે અંકિત પટેલની સંસ્થામાં મેનેજર તરીકે પ્રસાદ શાહ કામ કરે છે. પટેલે શાહને પોતાની બિઝનેસ ચલાવવા માટેના જનરલ પાવર ઑફ ઍટર્ની આપ્યા છે. કંપનીના સરળ વહીવટ માટે શાહને કોઈ પણ કામ કરવા માટેનો અધિકાર હોય છે. તેમાં બેન્ક અકાઉન્ટ ખોલાવવાથી માંડીને બિઝનેસના તમામ વ્યવહારો માટેનાં પેમેન્ટ કરવાનો સમાવેશ થાય છે.

સ્પેશિયલ પાવર ઑફ ઍટર્નીઃ

આ પ્રકારમાં ઍજન્ટની નિમણૂક કરવાનું લખવાની સાથે સાથે એમને કયા કામનો કેટલો અધિકાર છે એની પણ નોંધ કરવામાં આવે છે. પ્રિન્સિપાલે નક્કી કરેલાં નિશ્ચિત કાનૂની કે નાણાકીય નિર્ણયો લેવા માટે નિશ્ચિત અધિકાર આપવામાં આવે છે, જેમકે કોઈ એક પ્રોપર્ટીનું વેચાણ કરીને એનું ટાઇટલ થર્ડ પાર્ટીને કન્વીન કરવાના નિશ્ચિત કાર્ય માટે આપવામાં આવતો પાવર ઑફ ઍટર્ની. પ્રોપર્ટી વેચાઈને એનું કન્વેયન્સ થઈ જાય એટલે એ પાવર ઑફ ઍટર્ની આપોઆપ ખતમ થઈ જાય છે. પ્રિન્સિપાલ આવાં અલગ અલગ કાર્યો માટે અલગ અલગ પાવર ઑફ ઍટર્ની બનાવી શકે છે અથવા એક જ ઍજન્ટને અલગ અલગ કાર્યો કરવા માટેનો અધિકાર આપવા એક અથવા વધુ પાવર ઑફ ઍટર્ની બનાવી શકે છે.

અલગ અલગ કોન્ટ્રેક્ટ કરવા, પર્સનલ પ્રોપર્ટીના વ્યવહારો કરવા, નાણાકીય અને કરવેરાને લગતી બાબતોનો વહીવટ કરવો, પોતાના ઘર અને આરોગ્ય સેવા બાબતેની અલગ અલગ ફરજો બજાવવી, વગેરે જેવાં કાર્યો માટે એક અથવા વધુ પાવર ઑફ ઍટર્ની બનાવી શકાય છે.

ડ્યુરેબલ પાવર ઑફ ઍટર્નીઃ

ડ્યુરેબલ શબ્દ પરથી જ ખયાલ આવે છે કે આ પાવર ઑફ ઍટર્ની લાંબા ગાળા માટેનો હોય છે. જો પ્રિન્સિપાલના મૃત્યુ પહેલાં રદ કરવામાં આવે નહીં તો એ એમના મૃત્યુ સુધી લાગુ રહે છે. પ્રિન્સિપાલ શારીરિક રીતે અક્ષમ થઈ જાય તોપણ એમના મૃત્યુ સુધી આ પાવર ઑફ ઍટર્ની લાગુ રહે છે. જોકે, પ્રિન્સિપાલ માનસિક રીતે અક્ષમ થઈ જાય તો આ પાવર ઑફ ઍટર્ની રદ થઈ જાય છે .■

feedback@bombaysamachar.com

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક

કફ સિરપ કેમ બની જાય છે જીવલેણ...?

બાળકો માટે શરદી- ઉધરસની દવા કેટલી ઉપયોગી- કેટલી જોખમી?

તાજેતરમાં કફ સિરપના ઉપયોગથી - મધ્ય પ્રદેશના છીંદાવાડામાં ૨૦ જેટલાં બાળકના દુખદ મૃત્યુ થયાના સમાચારે ચોતરફ સન્નાટો મચાવી દીધો છે. આના માટે કારણભૂત ગણાતી તામિળનાડુની એક ફાર્માસ્યુટિકલ કંપનીના માલિકની ધરપકડ પણ થઈ છે... સમાચાર અનુસાર એ દવા કંપનીના સિરપમાં ૪૬% જેટલું 'ડાયાથિલિન ગ્લાયકોલ (DEG)' હોવાનું જાણવા મળ્યું છે. આ એક ઝેરી રસાયણ છે, જે કિડનીને જીવલેણ ક્ષતિ પહોંચાડે છે.

આપણે શરદી- ખાંસીની દવાઓની જાહેરાતો જોતા હોઈએ છીએ. આ દવાઓ તબીબના પ્રિસ્ક્રિપ્શન વિના ખરીદી શકાતી હોવાથી તેને આપણે સામાન્ય રીતે સલામત દવા માનીએ છીએ, પણ એવું નથી. દવા કોઈપણ હોય તેની સંભવિત આડઅસરો અને જોખમો નિષ્ણાત તબીબ પાસેથી જાણી લેવા અત્યંત જરૂરી છે. ખાસ કરીને જ્યારે દવાઓ બાળકોને આપવાની હોય ત્યારે વિશેષ તકેદારી લેવાની જરૂર હોય છે.

અનેકવિધ અભ્યાસ દ્વારા એ જાણવા મળ્યું છે કે ખાંસી અને શરદીની દવા કે કફ સિરપ ઘણીવાર નાના બાળકોમાં ઉધરસનો સમયગાળો નોંધપાત્ર રીતે ઘટાડતું નથી. ઉપરાંત, તેમાં એવા ઘટકો હોય છે જે ગંભીર આડઅસર પેદા કરી શકે છે. આ દવાઓ જે તમે પ્રિસ્ક્રિપ્શન વિના ખરીદી શકો છો તે ઘણીવાર એક કરતાં વધુ શરદીના લક્ષણોની સારવાર કરવાનો પ્રયાસ કરે છે. તેથી આ ઉત્પાદનોમાં ઍક્ટિવ ઘટકોને ભેગા કરવામાં આવે છે.

જાહેર આરોગ્ય એજન્સી અને તબીબી સંસ્થાઓ સામાન્ય રીતે ૧૨ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોમાં શરદી અને ઉધરસની દવાનો ઉપયોગ કરવાની ભલામણ કરતી નથી. આવી દવા ઉધરસ અને શરદીનાં લક્ષણોની સારવાર કરે છે, પરંતુ તે ચેપનો ઇલાજ કરતી નથી, તેથી બાળકને આરામદાયક લાગે તે માટે અન્ય પગલાં લેવાથી પણ ફાયદો થઈ શકે છે, પરંતુ જો તબીબ બાળક માટે ઉધરસ કે શરદીની દવા સૂચવે છે ત્યારે એ લખાવીને લેવાની ખાતરી કરો કે કેટલી વાર અને કેટલી માત્રામાં દવા આપવાની છે.

કેટલીક દવા સામાન્ય શરદીનાં લક્ષણોમાં રાહત આપે છે, પરંતુ મોટાભાગે સાધારણ તાવ આવવો એ એક સારો સંકેત છે કે શરીર વાયરસને દૂર કરી રહ્યું છે.

તાવની સારવાર કરવાનું મુખ્ય કારણ તમારા બાળકને વધુ આરામદાયક બનાવવાનું છે. શરદી, ઉધરસ કે તાવની દવામાં ઊંઘ આવે તેવાં ઘટક હોય છે, પરંતુ બાળકને ઊંઘ આવે તે માટે આ દવાનો ઉપયોગ કરશો નહીં. ઉધરસ અને શરદીની અન્ય દવાઓ આપશો નહીં, જેમાં સમાન ઘટકો હોઈ શકે છે. જો તમે પહેલાં દવાનો ઉપયોગ કર્યો હોય તો પણ એના લેબલ પરનાં ઘટક તપાસો. ઉત્પાદકે ઘટકો બદલી પણ નાખ્યા હોઈ શકે છે. ઉપરાંત, સમાન બ્રાન્ડ નામવાળાં ઉત્પાદનોમાં વિવિધ હેતુઓ માટે અલગ અલગ ઘટક હોઈ શકે છે.

વૈશ્વિક ધોરણો મુજબ દવા ઉત્પાદકોએ યોગ્ય માપ સાથે ચિહ્નિત થયેલ કપ જેવા ડોઝિંગ સાધન આપવાના રહે છે, જેથી તબીબો જેટલા ડોઝની ભલામણ કરે તેટલો ચોક્કસ ડોઝ તમે બાળકને આપી શકો. દવા માપવા માટે ઘરગથ્થુ ચમચી અથવા અન્ય દવાઓના સાધનોનો ઉપયોગ ન કરો. જો તમે બાળક માટે હોમિયોપથિક દવા પસંદ કરવા માગતા હો, તો પણ તબીબની સલાહ લેવી આવશ્યક છે.

બાળકને એસ્પીરીન આપવી હિતકારક નથી. તેનાથી બાળકને 'રેય સિન્ડ્રોમ' નામની દુર્લભ જીવલેણ સ્થિતિ ઊભી થઇ શકે છે.

'અમેરિકન એકેડેમી ઓફ પેડિયાટ્રિક્સ' સલાહ આપે છે કે ઉધરસ અને શરદીની દવાનું જોખમ ઘણીવાર કોઈપણ ફાયદા કરતાં વધી જાય છે. ૪ થી ૬ વર્ષના બાળકને જો તબીબ દ્વારા ભલામણ કરવામાં આવે તો જ ખાંસી અને શરદીની દવા લેવી જોઈએ. ૭ વર્ષ અને તેથી વધુ ઉંમરના બાળક જરૂર પડ્યે શરદી અને ઉધરસની દવાનો સુરક્ષિત રીતે ઉપયોગ કરી શકે છે, પરંતુ યોગ્ય ઉપયોગ અને માત્રા મહત્ત્વપૂર્ણ છે. બાળકમાં શરદી અને ખાંસીની દવાઓ ૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ખતરનાક આડઅસરો પેદા કરી શકે છે, જેમ કે, ઉબકા કે ઉલટી, ઝડપી ધબકારા, મૂંઝવણ, આંચકી, માથાનો દુખાવો, ઉશ્કેરાટ અને મોટાં બાળકોમાં પણ, શરદી અને ઉધરસની દવાઓની આડઅસરો થઈ શકે છે જેમ કે સુસ્તી, ચક્કર, ઉબકા અને વધુ. ખાંસી એ શરદીનું સામાન્ય લક્ષણ છે, જે શરીરને વાયુમાર્ગમાંથી લાળ સાફ કરવામાં અને ફેફસાંને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે.

ઉધરસ માટે બિન-દવા સારવારમાં પુષ્કળ પ્રવાહી પીવાનો સમાવેશ થાય છે, ખાસ કરીને ગળાને શાંત કરવા માટે ગરમ પીણાં પીવાં વધુ લાભદાયક છે. ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

પ્રાણાયામના અભ્યાસથી ઊંડા શ્વાસોચ્છ્વાસની કાયમી ટેવ પડે છે

(ગતાંકથી ચાલુ)

પ્રાણમય શરીરમાં ઘટતી આ ચારે ઘટનાઓ આધ્યાત્મિક વિકાસ માટે અને શરીર-મનના સ્વાસ્થ્ય માટે ખૂબ ઉપયોગી જ નહિ, પરંતુ અનિવાર્ય છે.

ઉપરોક્ત ચારે હેતુ સિદ્ધ કરવા માટે પ્રાણાયામનો અભ્યાસ ખૂબ મૂલ્યવાન છે. વસ્તુતઃ પ્રાણાયામના અભ્યાસનો હેતુ જ આ છે.

આ હેતુ સિદ્ધ કરવા માટે પ્રાણાયામ કઈ રીતે ઉપયોગી બને છે, તે આધુનિક વિજ્ઞાનની પરિભાષામાં મૂકવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે. પ્રાણમય શરીર અને તેની ગતિવિધિ વિશે વૈજ્ઞાનિક ગણાય તેવો ખાસ અભ્યાસ થયો પણ નથી. પરંતુ શાસ્ત્ર અને હજારો વર્ષનો, અસંખ્ય યોગીઓનો અનુભવ સાક્ષી પૂરે છે કે ઉપરોક્ત હેતુ સિદ્ધ કરવા માટે પ્રાણાયામ અજોડ સાધન છે.

(ङ) બ્રહ્મચર્ય માટેઃ

બ્રહ્મચર્યના પાલનથી યોગસાધનામાં ઘણી સહાયતા મળે છે. તે સાથે એ જાણવું આવશ્યક અને રસપ્રદ છે કે યૌગિક ક્રિયાઓના અભ્યાસથી બ્રહ્મચર્યના પાલનમાં સહાય મળે છે.

પ્રાણાયામ, શીર્ષાસન, સર્વાંગાસન, વિપરીતકરણી, વજ્રાસન, ઉડ્ડિયાન, નૌલિ અને અશ્વિનીમુદ્રા બ્રહ્મચર્યપાલનમાં ઉપયોગી થાય તેવી ક્રિયાઓ છે. બીજી અનેક બાબતોની જેમ આ બાબતમાં પણ આ બધી ક્રિયાઓમાં પ્રાણાયામ શિરમોર સાધન છે, એમ અતિશયોક્તિ વિના કહી શકાય તેમ છે.

પ્રાણના નિમ્નગામી પ્રવાહો વ્યક્તિને ભોગ તરફ ખેંચી જાય છે, એ જ પ્રાણના પ્રવાહો જ્યારે ઊર્ધ્વગામી બને ત્યારે સાધક ભોગમાંથી છૂટીને યોગ તરફ અગ્રેસર થાય છે. પ્રાણના આ પ્રવાહોને ઉલટાવવા માટે પ્રાણાયામ ચાવીરૂપ સાધના બની શકે તેમ છે.

આ ચાવીનો ઉપયોગ કુશળ અને અનુભવી શિક્ષકના માર્ગદર્શન પ્રમાણે જ કરવાનો હોય છે.

(च) શારીરિક ક્ષેત્રેઃ

(I) એક એવી ભ્રામક માન્યતા પ્રવર્તે છે કે પ્રાણાયામ દરમિયાન શરીરને વધુ ઑક્સિજન મળે છે. ભસ્ત્રિકા પ્રાણાયામના પ્રથમ ભાગ સિવાય કોઈ પ્રાણાયામમાં આમ બનતું નથી. પ્રયોગો દ્વારા સાબિત થયું છે કે પ્રાણાયામ દરમિયાન અભ્યાસી સામાન્ય શ્વાસોચ્છ્વાસ કરતાં પણ ઓછો ઑક્સિજન લે છે, કારણ કે દર મિનિટે સામાન્ય શ્વાસોચ્છ્વાસના આવર્તનો કરતાં પ્રાણાયામનાં આવર્તનો ઘણાં ઓછાં થાય છે.

પ્રાણાયામ દ્વારા શ્વસનતંત્રને અને સમગ્ર શરીરને જે ફાયદો થાય છે, તે બીજી રીતે થાય છે. પ્રાણાયામ અભ્યાસીના શ્વસનતંત્રને એવી રીતે તૈયાર કરે છે કે પ્રાણાયામના અભ્યાસ કાળ પછી આખા દિવસ દરમિયાન અભ્યાસી સામાન્ય કરતાં વધુ ઑક્સિજન લઈ શકે છે. શ્વસનતંત્રની કાર્યક્ષમતા કાયમી ધોરણે વધી જાય છે. આ બહુ મહત્ત્વપૂર્ણ ઘટના છે.

પ્રાણાયામ દ્વારા શ્વસનતંત્રની આ કેળવણી કેવી રીતે થાય છે?

* રેચક અને પૂરક દરમિયાન ફેફસાંને સામાન્ય શ્વાસોચ્છ્વાસ કરતાં વધુ સારો મસાજ મળે છે, તેથી તેમની કાર્યક્ષમતા વધે છે. વળી શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં મહત્ત્વનો ભાગ ભજવનાર ઉદરપટલ અને છાતીનાં સ્નાયુઓ પણ લાંબા અને ઊંડા રેચકપૂરકના અભ્યાસથી વધુ કાર્યક્ષમ બને છે. આમ બનવાથી શ્વસનતંત્રની કાર્યક્ષમતામાં કાયમી ધોરણે વધારો થાય છે.

* પ્રાણાયામના અભ્યાસથી અભ્યાસીને ઊંડા શ્વાસોચ્છ્વાસની કાયમી ટેવ પડે છે. આ ટેવ અભ્યાસકાળ સિવાય પણ આખા દિવસ દરમિયાન ચાલુ રહે છે.

* ઊંડા પૂરક અને રેચક કુંભકના અભ્યાસથી ફેફસાંમાં રહેલા બંધ વાયુકોશો ખૂલે છે અને એકવાર ખૂલા થયેલા આ વાયુકોશો અભ્યાસના સાતત્યથી કાયમી ધોરણે ખૂલા જ રહે છે. પરિણામે ફેફસાંની વાયુધારણ કરવાની શક્તિ વધે છે.

* પ્રાણાયામ દરમિયાન ઊંડા રેચકથી ફેફસાં સામાન્ય શ્વાસોચ્છ્વાસ કરતાં વધુ ખાલી થાય છે. આમ બનવાથી કાર્બન ડાયોક્સાઈડથી દૂષિત થયેલો વાયુ વધુ પ્રમાણમાં બહાર કાઢી શકાય છે અને ઊંડા પૂરકને પરિણામે વધુ પ્રમાણમાં ઑક્સિજન અંદર લઈ શકાય છે. પ્રાણાયામના અભ્યાસ પછી પણ શ્વસનતંત્રની આ ટેવ ચાલુ રહે છે. આ રીતે પ્રાણાયામ દ્વારા સમગ્ર શરીરતંત્રનું શોધન થાય છે.

(II) પ્રાણાયામના અભ્યાસ દરમિયાન હૃદયને સામાન્ય શ્વાસોચ્છ્વાસ કરતાં વધુ સારી રીતે મસાજ મળે છે. પરિણામે હૃદયની કાર્યક્ષમતા અને સ્વાસ્થ્યમાં સુધારો થાય છે.

ભસ્ત્રિકા જેવા પ્રાણાયામના અભ્યાસથી શરીરના છેક દૂર દૂરના કોશો સુધી પર્યાપ્ત પ્રમાણમાં લોહી પહોંચે છે. વળી ધમનીઓ અને રક્તવાહિનીઓને પર્યાપ્ત શોધન, મસાજ અને વ્યાયામ મળી રહેતાં તેમની કાર્યક્ષમતા વધે છે.

(III) પ્રાણાયામના અભ્યાસ દરમિયાન શ્વાસોચ્છ્વાસની ગતિ મંદ પડે છે, પરંતુ તેથી ઊલટું મગજના રુધિરાભિસરણની ગતિ વધે છે, કારણ કે એમ નોંધાયું છે કે કાર્બન ડાયોક્સાઈડના સંચયથી મગજના રુધિરાભિસરણમાં વધારો થાય છે. આમ થતાં પ્રાણાયામના અભ્યાસથી મગજની અને પરિણામે જ્ઞાનતંત્રની કાર્યક્ષમતા વધે છે.

(IV) શ્વસનતંત્ર, રુધિરાભિસરણતંત્ર અને જ્ઞાનતંત્રની કાર્યક્ષમતા વધતાં, તે ત્રણેની અસરથી અંતઃસ્ત્રાવીતંત્રની કાર્યક્ષમતા અને સ્વાસ્થ્યમાં પણ અચૂક સુધારો થાય છે.

(V) પ્રાણાયામના અભ્યાસથી હોજરી, આંતરડાં, કાળજું, પેનક્રિયાસ વગેરેને સારો મસાજ મળે છે અને પેટના સ્નાયુઓને વ્યાયામ મળે છે. પરિણામે ઉત્સર્ગતંત્ર અને પાચનતંત્રની કાર્યક્ષમતા વધે છે.

આમ, પ્રાણાયામના અભ્યાસથી શ્વસનતંત્ર, રુધિરાભિસરણ તંત્ર, જ્ઞાનતંત્ર, અંતઃસ્ત્રાવીતંત્ર, પાચનતંત્ર, ઉત્સર્ગતંત્ર અને કાંઈક અંશે સ્નાયુતંત્રની કાર્યક્ષમતા અને સ્વાસ્થ્યમાં વધુ ઊંડો અને વધુ સ્થાયી સુધારો થાય છે. આનો અર્થ એમ થયો કે પ્રાણાયામના અભ્યાસથી સમગ્ર શરીરના સ્વાસ્થ્ય અને કાર્યક્ષમતામાં અપ્રતિમ સુધારો થાય છે.

સ્વામી કુવલયાનંદજીએ ઉચિત રીતે જ કહ્યું છે-

No Physical exercise can have even one hundredth of efficacy of Pranayam.

''(શરીર સ્વાસ્થ્યની બાબતમાં પણ) શારીરિક શિક્ષણની કોઈ પણ પદ્ધતિ પ્રાણાયામના સોમા ભાગની પણ ક્ષમતા ધરાવતી નથી.''

આ બધું છતાં આપણે અહીં ફરીથી એ હકીકતનું સ્મરણ કરીએ કે પ્રાણાયામનો ઉદ્દેશ શારીરિક સ્વાસ્થ્ય નહિ, પરંતુ આધ્યાત્મિક વિકાસ છે. શારીરિક સ્વાસ્થ્ય તો પ્રાણાયામના અભ્યાસની આડપેદાશ છે.

૧૧. પ્રાણાયામ વિષયક વૈજ્ઞાનિક સંશોધનઃ

પ્રાણાયામ દ્વારા થતાં આંતરિક ફેરફારોને આધુનિક વૈજ્ઞાનિક સાધનો દ્વારા ચકાસવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે. વળી આ વિષય અંગે બહુ વૈજ્ઞાનિક સંશોધન થયું પણ નથી. એટલું જ નહિ, એ પણ સમજી લેવું જોઈએ કે આધ્યાત્મિક ક્ષેત્રની ઘટનાઓ વિશે વૈજ્ઞાનિક સંશોધનનું કાર્ય ખૂબ જ મર્યાદિત કક્ષાનું જ રહેવાનું. આમ છતાં પ્રાણાયામ વિશે જે કાંઈ વૈજ્ઞાનિક સંશોધન થયું છે, તે અહીં પ્રસ્તુત છે.

(૧) રેચક-પૂરકમાં શ્વાસોચ્છ્વાસની ગતિ ધીમી પડે છે અને કુંભકમાં શ્વાસ બંધ રહે છે. પરિણામે દેખીતું જ છે કે પ્રાણાયામના અભ્યાસ દરમિયાન શરીરમાં કાર્બન ડાયોક્સાઈડ જમા થવાનું પ્રમાણ વધે છે. હવે એ એક હકીકત છે કે કાર્બન ડાયોક્સાઈડ મગજના રક્તાભિસરણ માટે ઉત્તમ ઉત્તેજક છે. મગજના રક્તાભિસરણમાં સુધારો થવાથી મગજના સ્વસ્થ્યમાં ખૂબ સુધારો થાય છે. શરીરની ઐચ્છિક અને અનૈચ્છિક ક્રિયાઓને નિયંત્રિત કરતાં મગજના કેન્દ્રની કાર્યક્ષમતામાં પણ સુધારો થાય છે. પરિણામે સમગ્ર શરીરના સ્વાસ્થ્ય પર તેની અનુકૂળ અસર થાય છે.

(૨) કાર્બન ડાયોક્સાઈડનો સંચય મગજ માટે ઉત્તમ પ્રશાંતકનું કાર્ય કરે છે. તેનાથી માનસિક શાંતિ માટેની અનુકૂળ પરિસ્થિતિ તૈયાર થાય છે.

(૩) પ્રાણાયામ દરમિયાન શરીરને મળતાં ઑક્સિજનના પ્રમાણમાં ઘટાડો થાય છે, પરંતુ આ ઘટાડો એટલો ધીમો ધીમો થાય છે કે શરીર આ નવી પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધી લે છે. એટલે જો પ્રાણાયામનો અભ્યાસ લાંબા સમય સુધી કરવામાં આવે તો શરીરમાં ઓછા ઑક્સિજનથી કામ ચલાવવાની અને પ્રાપ્ત ઑક્સિજનનો કાર્યક્ષમ ઉપયોગ કરવાની એક વિશેષ શક્તિ પેદા થાય છે. આ બહુ મહત્ત્વનો, મૂલ્યવાન અને મૂલગામી સુધારો છે.

અહીં એ નોંધવું પણ ઉપયોગી થશે કે અંતરંગયોગના અભ્યાસ દરમિયાન શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ ખૂબ ઘટી જાય છે અને ક્વચિત બંધ પણ પડી જાય છે. જો પ્રાણાયામના અભ્યાસથી શરીર ઉપરોક્ત રીતે તૈયાર ન થયું હોય તો તેના પર વિપરીત અસર થવાનો પૂરો સંભવ છે. એથી ઊલટું પ્રાણાયામના અભ્યાસથી શરીર ઓછા ઑક્સિજનથી ચલાવી લેવા માટે તૈયાર થયું હોય તો તે આ મુશ્કેલીથી બચી જાય છે.

(૪) શરીરના ભિન્ન ભિન્ન તંત્રોમાં જ્ઞાનતંત્ર એક એવું તંત્ર છે કે જે વ્યક્તિની માનસિક ક્રિયાઓ સાથે સૌથી વધુ સંબંધ ધરાવે છે. પરિણામે મનઃસ્વાસ્થ્ય અને આધ્યાત્મિક વિકાસ માટે જ્ઞાનતંત્રની કેળવણી બહુ મૂલ્યવાન અને આવશ્યક છે. આ હેતુ સિદ્ધ કરવા માટે પ્રાણાયામ સર્વોત્તમ સાધન છે, એમ જરા પણ અતિશયોક્તિ વિના કહી શકાય તેમ છે. આ વિશેની કેટલીક હકીકતો આપણે જોઈ ગયા છીએ. થોડી વધુ વિગતો અહીં જોઈએઃ

(I) પ્રાણાયામના અભ્યાસ દરમિયાન શ્વાસની આપલે ખૂબ ધીમે ધીમે થાય છે અને કુંભકમાં તો શ્વાસ બંધ પડી જાય છે. આમ બનવાથી પ્રાણાયામ દરમિયાન સામાન્ય શ્વાસોચ્છ્વાસ કરતાં કાંઈક વિશિષ્ટ પ્રકારના સંદેશાઓ શ્વસનતંત્રનાં અવયવોમાંથી મગજ સુધી મોકલવામાં આવે છે. વળી મગજ તરફથી થતી પ્રતિક્રિયાનું સ્વરૂપ પણ સામાન્ય શ્વાસોચ્છ્વાસ કરતાં પ્રાણાયામમાં તદ્દન જુદું જ હોય છે. પ્રાણાયામના અભ્યાસ દરમિયાન જ્ઞાનતંત્રની આ વિશિષ્ટ અને નવી રીતની ક્રિયાપ્રતિક્રિયા સતત થયા જ કરે છે. પરિણામે પ્રાણાયામના દીર્ઘ અભ્યાસથી જ્ઞાનતંત્રની કાર્યપ્રણાલિનું નવસંસ્કરણ થાય છે. આ નવસંસ્કરણ (Reconditioning)ની અસર વ્યક્તિના માનસિક બંધારણ પર સાનુકૂળ સ્વરૂપે થાય છે. તેમ થવાથી આધ્યાત્મિક વિકાસમાં સહાય મળે છે.

(II) શ્વાસોચ્છ્વાસની ક્રિયા અર્ધ ઐચ્છિક અને અર્ધ અનૈચ્છિક છે. પ્રાણાયામમાં આપણે આ ક્રિયા વધુ ને વધુ ઐચ્છિક બનાવી રહ્યા છીએ. આમ થવાથી પ્રાણાયામના દીર્ઘ અભ્યાસથી અનૈચ્છિક જ્ઞાનતંત્ર પર ઐચ્છિક જ્ઞાનતંત્રનું આધિપત્ય વધે છે.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

ધનતેરસ તો આવશે-જશે, પણ ધનની તરસ નઈ જાય...!

ભગવાન-માતાજીની પાંચ સુપરહિટ જોડીઓમાં લક્ષ્મીનારાયણનું નામ મોખરામાં ગણાય. એટલે વિચાર્યું કે સવારે લક્ષ્મીનારાયણના મંદિરમાં જઈ દર્શન કરીએ ને પ્રભુ કઈ ધન-બન આપે તો દિવાળી સુધરી જાય એટલે બંદા ઉપડ્યા મંદિરે... મંદિરે પહોંચ્યો તો પાણીમાંથી જળબિલાડી મોઢું બહાર કાઢે એમ પડદામાંથી પૂજારી મોઢું બહાર કાઢી બોલ્યો :

'બોલો કોનું કામ છે?'

'કોનું એટલે? આ મંદિર છે તો પોલીસ કે ડોકટરનું તો કામ નઈ હોયને?'

'ઓહ... યુ મીન તમે ભગવાન વિષ્ણુના દર્શન કરવા આવ્યા છો?'

'તો શું હું આરતી વખતે પાર્ટ ટાઇમ ઘંટ વગાડવાની નોકરીનું ફોર્મ ભરવા આવ્યો છું? ચલ, જલદી દર્શન કરાવો'

'સી..ઈ..ઈ..ઈ ધીરે..ધીરે' પૂજારીએ સિસકારો કર્યો :

'કાલે ભગવાનોની મીંટિગમાં વિષ્ણુ ભગવાનને થયું ને ઉજાગરો હોવાથી હમણાં સૂઈ ગયા છે.'

'અરે વોટ ડુ યુ મીન સૂઈ ગયા છે? અરે, બ્રહ્મા થોડીવાર સર્જન અટકાવી શકે ને મહેશ વિસર્જન અટકાવી શકે, પણ ૨૪ કલાક સૃષ્ટિ ચલાવવાવાળો ભગવાન વિષ્ણુ સૂઈ જાય તો આપણે કાયમ માટે સૂઈ જવું પડે. સમજ્યા?'

'હું તો સમજ્યો પણ અત્યારે તો ક્યારે સુવાડવા કે જગાડવા એ ટ્રસ્ટીઓ પર આધાર છે ને હું કાચી ઉંઘમાંથી જગાડું તો પ્રભુ સાથે માંડ માંડ બાંધેલા સંબંધોની પથારી ફરી જાય. સાંજે આવો.'

'અરે, તારી પથારી, ગાદલાં કે પલંગ ભલે ફરી જાય પણ દર્શન તો હમણાં જ કરવા પડશે' મારી જબાન પર માનાર્થેને બદલે 'તુકાર' આવી ગયો. થોડી રકઝક પછી ધનવાન ધનજી શેઠ પણ દર્શન માટે આવ્યા ત્યારે પૂજારીએ સેઈમ જવાબ આપ્યો કે 'સોરી, પ્રભુ સૂઈ ગયા છે' ત્યાં તો શેઠે તો ૫૦૦ની કડકડતી બતાવી :

'બોલ હવે?'

'હે..હે..હે..હે એ તો જાગે, એવું થોડું હોય કે સૂઈ ગેયેલો ન જાગે.'

એટલું બોલતા પૂજારીએ ૫૦૦ની પોતાના તરફ સરકાવી દીધી.

આ દૃશ્યથી મારી નસનસમાં ખુન્નસ ઉપાડ્યું ને ભડક્યોઃ

'ભ્રષ્ટાચાર કરો છો? લાંચ લો છો? તું તો રાજકારણી છે કે પૂજારી?'

'કોને કીધું?'

'કોને કીધું શું? મને કીધું વિષ્ણુ ભગવાન સૂઈ ગયા છે, ને પેલાએ કડકડતી ૫૦૦ની આપી એટલે...'

'અરે માથાકૂટ નઈ ....લક્ષ્મીજી આવે તો વિષ્ણુ ભગવાન પણ જાગી જાય, સમજ્યા? તમે આપ્યા હોત તો તમને પણ..'

'અરે, પણ પ્રભુને જગાડવા જેટલી લક્ષ્મી તો મારી પાસે હોવી જોઈએ ને? એ પૂજારી બકા, આ શેઠની સાથે મને પણ દર્શન કરાવી દેને. પ્લીઝ, માય હમ્બલ રિક્વેસ્ટ..'

'ઓકે જાઓ અંદર... હું આવું થોડી વારમાં.'

એટલું બોલી પૂજારી નીકળી ગયો, શેઠ પણ દાનપેટીમાં દસની નોટ ને માંગણીઓનું મોટું લીસ્ટ મૂકી નીકળી ગયા, હું બેઠો બેઠો વિચારવા લાગ્યો કે મૂર્તિમાંથી ઈશ્વર બોલતો હોત તો?'

ત્યાં તો મૂર્તિમાંથી અવાજ આવ્યોઃ

'લે આ બોલ્યો હવે તું બોલ. આપણે બે જ જણા છીએ'

હું ચમક્યો 'પ્રભુ, ત..ત..તમે? પણ આપના ચહેરા પર અશાંતિ દેખાય છે. એની પ્રોબ્લેમ? મે આઈ હેલ્પ યુ? અને ક્યાં ગયા મિસીસ નારાયણ આઈ મીન લક્ષ્મીજી?'

'લક્ષ્મીજી?' પ્રભુ થોડા ઢીલા અવાજે બોલ્યા. 'એ તો કોઈના પાકીટમાં -કોઈના ખિસ્સામાં-કોઈ શેઠની તિજોરીમાં, બેન્કના લોકરમાં વિચરે છે....એ ક્યાં મારી સાથે હોય છે. મારી ક્યાં વેલ્યૂ જ છે? ક્યારેક તો થાય હું ભગવાન બન્યો શું કામ?'

'મગજ ગુમાવ્યા વગર માંડીને વાત કરો... પ્રભુ., શું થયું?...'

'થાય શું? આ મારું બેટું કેવું કોઈના પરિવારમાં દીકરી જન્મે તો હરખપદુડો થઈ બોલશે 'લક્ષ્મીજી પધાર્યા..લક્ષ્મી અવતરી' પણ કોઈ માઈનો લાલ કે લાલી દીકરાની જન્મની વધામણીમાં બોલ્યા કે વિષ્ણુજી પધાર્યા કે નારાયણ અવતર્યા? ના જ બોલો ! આવો ભેદભાવ? આવો અન્યાય? હાડોહાડ લાગી ન આવે?. બધા ધનતેરસે વોટ્સેપમાં એઠો વરસાદ વરસાવશે કે 'આપના ઘરમાં લક્ષ્મીનો વાસ હો' તો મારે શું અનાથાશ્રમમાં રહેવા જવાનું? ભૂલી ગયો કે કે આઈ એમ હસબંડ ઓફ લક્ષ્મી... હું લક્ષ્મીનો પતિ પરમેશ્વર છું! આટલાં વર્ષોમાં ચોપડા પૂજનમાં કોઈ લખતું જ નથી કે 'લક્ષ્મી સાથે વિષ્ણુનો પણ વાસ હજો..!'

'વાય?' વિષ્ણુ ભગવાને હૈયાવરાળ કાઢી

'એવું ન બોલો પ્રભુ, પેલા ધનજી શેઠે દર્શનના ૫૦૦ આપ્યા એ લક્ષ્મી જ કહેવાય ને.'

'એ ૫૦૦ આપીને ૫૦ લાખ માગે છે એનું શું?'

'અરે સ્વામી, એને ધન કહેવાય લક્ષ્મી નઈ. ને નીધન થાય ત્યાં સુધી ધન ભેગું કર્યા કરશે. એને ખબર નથી કે ધનથી પ્રતિષ્ઠા ખરીદાય - લાગણીઓ નઇ.'

અચાનક પાછળ છૂપાયેલાં લક્ષ્મી પ્રગટ થઈને ઉવાચ :

'ને નાથ એ તો માગે એને બિચારાને એમ છે કે માતાજી-ભગવાન પાસે બધુ જ હોય ને આપે જ.'

'અરે, આપવાની ક્યાં ના છે પણ આ ભૂખડી બારસ ફૂલ આપીને બગીચો માગે છે, એના હાડકા જ હરામના નથી હોતા એનું હૃદય પણ હરામનું જ હોય છે. જો બકા, આવા લોકો માટે ધનતેરસ આવશે-જશે પણ ધન-તરસ નઈ જાય'

'સમજી ગયો, પ્રભુ ચાલો હું નીકળું' મેં રજા માગી

'કેમ? ઉતાવળ છે? આવ્યો છે તો થોડો રોકાઈ જા.'

'ના પ્રભુ ફરી આવીશ, સાચું કઉ તો દીવાળી સુધારવા હું પણ તારી પાસે માગવા આવેલો, પણ હું જે માગું એ તમારી પાસે ન હોય તો કારણ વગર આપણા સંબધો ખરાબ થઈ જાય એટલે.'

'એક વાત કઉ? તું માગવા આવે છે એના કરતાં એકવાર માત્ર મળવા આવ તને જિંદગીભર માગવાની જરૂર નઈ પડવા દઉં.'

હવે બોલો, મંદિરે માગવા જવું છે કે મળવા?

શું કહો છો? ■

feedback@bombaysamachar.com
ફોક્સ
ડો. માજીદ અલીમ

વધારે પડતું ચાલવાનું નુકસાનકારક પણ પુરવાર થઈ શકે...

આમ તો WALKING અર્થાત ચાલવું - ચાલવા જવું એ એક ખૂબ જ આસાન અને ફાયદાકારક કસરત છે. આમાં કાંઈ વધારે પડતું કરવાનું નથી હોતું ને તેના ફાયદા ઘણા હોય છે. ચાલવા જવા માટે એક સારા શૂઝ અને ડીહાઈડ્રેટ ન થઈ જવાય તેની માટે એક સીપ્પર જોઈએ.???

બેંગ્લૉર એ એવી જગ્યા છે, જેનું વાતાવરણ હંમેશાં સ-રસ ને ખુશનુમા હોય છે. ઓફિસમાં કામ કરતા લોકો જેમનું ઘર માત્ર પાંચ કે છ કિલોમીટરના અંતરે હોય એ ધારે તો ઘર-ઓફિસ વચ્ચે ચાલીને જઈ શકે. કલાકો ટ્રાફિકમાં ફસાવા કરતા ચાલીને જવું સારું. આનાથી એમની કસરત થાય અને ઘર-ઓફિસ આવવા જવાના પૈસા પણ બચે છે. અઠવાડિયામાં બે કે ત્રણ વખત તમે આવું કરી શકો છો. જોકે, રોજ આવું કરવા જાવ તો નુકસાન પણ થઈ શકે છે.

ચાલો, જાણીયે વધારે ચાલવાથી થતાં ગેરફાયદા વિશે...

પગમાં દુખાવો ...

વધારે ચાલવાથી એડી અને પંજામાં દુખાવો થાય છે. વધારે પડતું ચાલવાથી લીગામેન્ટમાં સોજો આવી શકે છે. ચાલતી વખતે બ્રેક ન લેવો કે પછી ચપ્પલ પહેરીને ચાલવાથી પગમાં દુખાવો પણ થઈ શકે છે અથવા તો જો તમારા શૂઝ વધારે ટાઈટ હોય અથવા તો શૂઝ પહેલી વાર પહેર્યા હોય તો પણ પગમાં દુખાવો કે પછી પગમાં ડંખ પડે છે.

માંસપેશીઓમાં દુખાવો ...

વધારે પડતું સતત પગપાળા ચાલવાથી પગની પીંડીઓમાં દુખાવો થાય છે. આ દુખાવો ૨૪ થી ૪૮ કલાકમાં એટલો વધી જાય છે કે બે ડગલાં ચાલવું પણ મુશ્કેલ બની જાય. વધારે ચાલવાથી ગોંઠણમાં અને જોઈન્ટસમાં પણ દુખાવો થાય છે. પગ અને ઘૂંટીઓમાં સોજો આવે છે, જેનાથી પગના ટિશ્યૂમાં ફ્લૂડ પ્રવાહી જમા થઈ જાય છે. પગની પીંડી અચાનક ખેંચાઈ જવી કે પછી પગની અંદરના ભાગમાં દુખાવાની તકલીફ ઘણા દિવસ સુધી રહે છે.

થાક - શરીરમાં અશક્તિ...

વધારે ચાલવાથી શરીર થાકી જાય છે અને એટલો થાક લાગે કે, બીજા દિવસે ઓફિસ જઈને કામ કરવાની ઈચ્છા નથી થતી.

હૃદય પર પણ આડ - અસર ...

જેમને હૃદય સંબંધી તકલીફો હોય એ લોકો જો વધારે પડતું ચાલે તો એમને હૃદયસંબંધી વધારે તકલીફ ઊભી થઈ શકે. વધારે ચાલવાથી હૃદયના ધબકારા વધી જાય છે. બ્લડપ્રેશર પણ વધે છે માટે જે હાર્ટના પ્રોબ્લેમથી પીડાતા હોય એમણે વધુ પડતા ચાલવાનો શ્રમ ન કરવો...

ડિહાઈડ્રેશન...

વધારે ચાલવાથી શરીરમાં પરસેવો થાય છે જેનાથી શરીરમાં પાણી અને ઈલેક્ટ્રોલનું પ્રમાણ ઘટી થાય છે. ચાલતી વખતે થોડી થોડી વારે પાણી પીતા રહેવું. જેથી ચક્કર ન આવે કે થાક ન લાગે.

ઊંઘ ન આવવી...

ચાલવાથી સારી ઊંઘ આવે છે , પરંતુ વધારે ચાલવાથી શરીરમાં કોર્ટીસોલ હોર્મોનની માત્રા વધી જાય છે, જેનાથી ઊંઘ નથી આવતી. વધારે પડતો થાક લાગવાથી પગમાં દુખાવો થાય છે જેના લીધે ઊંઘમાં બાધા આવે છે.

ટૂંકમાં કહીએ તો જેમને હૃદયસંબંધી બીમારી હોય, ગર્ભવતી મહિલાઓ,આસ્ટિયોપોરેસિસ, ન્યુરોપેથી જેવી સ્વાસ્થ્ય સંબંધી પરેશાની હોય એમણે વધારે પડતા ચાલવાથી સંભાળવું જોઈએ. આ તમામ રોગમાં શરીરના હાડકાં નબળા પડી જાય છે અને ચાલવાથી માંસપેશીઓ પર વધારે દબાણ આવે છે. કમર અને પીઠમાં પણ દુખાવો રહે છે. મહિલાઓ જો વધારે પડતું ચાલે તો માસિક ચક્રની સમસ્યાઓ વધે છે.

નિષ્ણાતોના કહેવા પ્રમાણે ૧૦ હજાર સ્ટેપ્સ રોજ ચાલવા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે એટલે કે, રોજનું ૩૫ થી ૪૦ મિનિટનો વોક કે બ્રિસ્ક વોક આપણા માટે ફાયદાકારક હોય.

આજ રીતે ખાલી પેટ ચાલવું એ હિતકારક નથી. જે એમ માને છે કે, ખાલી પેટ ચાલવાથી વજન ઓછું થશે, મેટાબોલિઝમ વધે છે, પરંતુ ખાલી પેટે ચાલવાથી થોડા સમય બાદ લો ફીલ થાય છે અને ગ્લુકોઝ લેવલ ઓછું થઈ જાય છે તેથી શરીર માંસપેશીઓના પ્રોટીનનો ઉપયોગ કરવાનું શરૂ કરે છે, જેથી કમજોરી લાગે છે. ખાલી પેટે ચાલવાથી પેટમાં એસિડ થાય છે જેનાથી પેટમાં દુખાવો થાય છે અને એસિડિટી પણ વધે છે.

ચાલવા જતી વખતે ખાસ વાતનું ધ્યાન રાખવું કે, હલકો નાસ્તો કરીને નીકળવું (કેળા, ડ્રાય ફ્રુટસ કે પછી જયૂસ, સરખું પાણી) અને પોતાના શરીરને અનુરૂપ જ ચાલવું જેથી કરીને કમજોરી ન લાગે.

પ્રકરણ-૩૧

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...



યોગેશ સી પટેલ

'ભૂત ઝાડ પર લટકેલું હતું કે રસ્તા પર ચાલતું હતું!' કહીને ઈન્સ્પેક્ટર ગોહિલની નજર ઘટાદાર વૃક્ષ પર તકાયેલી હતી. રસ્તા પર ઊભાં ઊભાં તે ઝાડનું બારીકાઈથી નિરીક્ષણ કરતો હતો. તેની આંખે ઝાડની બખોલમાં સંતાડેલી કોઈક વસ્તુ પકડી પાડી હતી.

'દળવી... કોઈ વાંદરાને બોલાવો, જે સડસડાટ ઝાડ પર ચઢી શકે!' ગોહિલે આદેશ આપ્યો.

'શું થયું, સર! ઝાડ પર શું છે?' એપીઆઈ પ્રણય શિંદેએ પૂછ્યું.

'આ ઝાડની જ તો કમાલ છે, શિંદે. ભૂત આ જ વૃક્ષમાં હોવાનું લાગે છે!' ગોહિલ હજુ ઝાડનું નિરીક્ષણ કરતો હતો.

'ચ્યા માયલા! ભૂત ઝાડમાં છે?' દળવીએ અચરજ સાથે ઝાડ પર જોયું.

'ઝાડમાં ભૂત... એય દિવસમાં... તમને દેખાય છે?' શિંદેની નજર પણ ઊંચે હતી.

બધા અધિકારીની ઝાડ પર ચોંટી હતી, પરંતુ કોઈને સ્પષ્ટ દેખાતું નહોતું.

'ઝાડના થડના ઉપરના ભાગમાં ધ્યાનથી જુઓ... નાની બખોલ જેવું છે!' ગોહિલે આંગળી ચીંધી.

'હાં..!' લગભગ બધાનાં મોંમાંથી આ શબ્દ નીકળ્યો.

'એ બખોલમાં શું દેખાય છે?'

'કાચ જેવું કંઈ છે... સર!' કદમ બોલ્યો.

'હા... એને કઢાવો!' ગોહિલે આદેશ આપ્યો.

દળવીએ તરત જ પાસેના પાડાના એક યુવાનને ફોન કર્યો અને લાંબી સીડી મગાવી. ગણતરીની મિનિટોમાં જ બે યુવાન તેમના મંડળની સીડી સાથે દોડતા આવ્યા.

'તમારામાંથી એક જણ સીડી પર ચઢીને સર કહે છે એ... ઝાડ પરની પેલી વસ્તુ કાઢી લાવો!' દળવીએ યુવાનોને કહ્યું.

'જી... સાહેબ!' કહીને એક યુવાન ચપળતાથી સીડી ચઢી ગયો.

'આ તો નાની સાઈઝનો સીસીટીવી કૅમેરા લાગે છે, પણ એને આ રીતે સંતાડીને શા માટે રાખવામાં આવ્યો હશે?' ઝાડ પરથી કાઢેલો કૅમેરા યુવાને ગોહિલને સોંપતાં કદમે સવાલ કર્યો.

ઝાડમાં સાવધાનીથી બખોલ કરીને ડાળીઓ વચ્ચે કૅમેરા ગોઠવવામાં આવ્યો હતો. સહેલાઈથી કોઈની નજર ન પડે અને તેની લૅન્સ મુખ્ય રસ્તા તરફ રહે એ રીતે ડાળખીઓ અને પાનથી ઘેરાયેલા ઝાડના થડમાં કૅમેરા ફિટ કરાયો હતો, પણ ગોહિલની ચતુર નજરે એ ઝીણી લૅન્સને પકડી પાડી હતી. જોકે તેની સાથે કોઈ વાયર જોડાયેલો નહોતો.

'કદમ... ભૂતનું રહસ્ય આ જ હોવાનું લાગે છે. મારું માનવું છે કે આ સામાન્ય સીસીટીવી કૅમેરા નથી!'

પછી ગોહિલે કહ્યું: 'સબ-ઈન્સ્પેક્ટર રાજપૂતને કહીને આ કૅમેરા કોઈ એક્સપર્ટ પાસે ચેક કરાવો!'

* * *

વિરોધી પક્ષ નેતા ગજાનન બાપટે આરેમાં જીવ ગુમાવનારાઓના આત્માની શાંતિ માટે કૅન્ડલ માર્ચની યોજના બનાવી હતી. છેલ્લા અમુક દિવસોમાં આરેના જંગલમાં ચાલતાં ગેરકાયદે કાર્યોની વણજાર સામે આવતાં રાજકીય લાભ મેળવવા તેમણે આ પાસો ફેંક્યો હતો. બે દિવસ પછી ગોરેગામમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેથી યુનિટ-૧૬ સુધીની આ માર્ચ માટે પોલીસ પરવાનગી માગવામાં આવી હતી.

બાપટને કૅન્ડલ માર્ચનો વિચાર પડતો મૂકવાનું સમજાવીને તેમણે કરેલા આક્ષેપોનો આધાર જાણવાનું ડીસીપી સુનીલ જોશીએ આરે પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડને કહ્યું હતું. એટલે ગાયકવાડ ઈન્સ્પેક્ટર રવિ કદમ સાથે બાપટની ઑફિસે આવ્યા હતા. બાપટ પક્ષના પદાધિકારીઓ સાથે મીટિંગમાં વ્યસ્ત હોવાથી બન્ને તેમની રાહ જોતા બેઠા હતા.

'સાહેબે તમને અંદર બોલાવ્યા છે.' ગણતરીની મિનિટમાં જ બાપટના કર્મચારીએ સંદેશો આપ્યો એટલે ગાયકવાડ અને કદમ કૅબિનમાં ગયા.

'આવો... ગાયકવાડ. બેસો!' બાપટે વિવેક દાખવ્યો.

ગાયકવાડ અને કદમને બેસવા માટે બે પદાધિકારીએ ખુરશી ખાલી કરી આપી.

'અગત્યના મુદ્દા પર ચર્ચા ચાલતી હતી એટલે થોડી વાર તમારે રાહ જોવી પડી... સૉરી!' બાપટે વિવેક ચાલુ રાખ્યો.

'સર, થોડી કામની વાત કરવી હતી એટલે તમારો કીમતી સમય લીધો!' ગાયકવાડે પણ સામો શિષ્ટાચાર દાખવ્યો.

'બોલો... આ જનતાના નોકરને કઈ રીતે યાદ કર્યો?'

'જોધપુરી સૂટ, ગળામાં સોનાની જાડી ચેન, જમણા કાંડામાં સોનાનું બ્રેસલેટ અને ડાબા કાંડે રૉલેક્સની ઘડિયાળ... વાહ! શું જનતાનો નોકર છે!' બાપટનું નિરીક્ષણ કરી કદમે વિચાર્યું.

ગાયકવાડે કૅબિનમાં હાજર પદાધિકારીઓ સામે જોયું એટલે બાપટે જ કહ્યું: 'કોઈ વાંધો નહીં, ગાયકવાડ... આપણા જ માણસો છે. જે કહેવું હોય તે આમની સામે કહી શકો છો!'

'સર... તમે આરેમાં કૅન્ડલ માર્ચની પરવાનગી માગી છે તો...' ગાયકવાડે વાક્ય અધૂરું છોડ્યું.

'હા... તો એના માટે અહીં આવવાની તસ્દી શા માટે લીધી?' બાપટે કહ્યું.

'ડીસીપી સરે કહ્યું છે કે તમે કૅન્ડલ માર્ચનો વિચાર પડતો મૂકો તો સારું... આ વિનંતી છે!'

'કેમ?'

'અત્યારે વિસ્ફોટક સ્થિતિ છે. આમ કૅન્ડલ માર્ચથી નાગરિકોમાં ગુસ્સો વધશે અને કાયદો-વ્યવસ્થાની સમસ્યા ઊભી થશે.' ગાયકવાડે સમજાવ્યું.

'નાગરિકોના હિત માટે કોઈએ તો રસ્તા પર ઊતરવું પડેને, નહીંતર સરકારની આંખ કઈ રીતે ઊઘડશે?'

બાપટે વધુમાં કહ્યું: 'સરકારની આંખ લાલ થશે તો પોલીસ પોતાનું કામ ઝડપથી અને અસરકારક રીતે કરશેને!'

'સર... તમને કોઈ પણ પ્રકારનો સહકાર જોઈએ તો અમે આપવા તૈયાર છીએ, પણ કૅન્ડલ માર્ચથી આરેના રહેવાસીઓમાં પોલીસ વિરુદ્ધ ખોટો મેસેજ જશે અને તેમનો વિશ્વાસ પણ ઘટી જશે.' હવે કદમે સમજાવવાનો પ્રયાસ કર્યો.

'કૅન્ડલ માર્ચ તો કાઢવી જ પડશે, ઑફિસર. જંગલમાં આટલાં મોટાં કાંડ ચાલતાં હોવાનું સામે આવ્યા પછી કેટલાની ધરપકડ થઈ?' બાપટના આ સવાલનો કોઈ જવાબ ગાયકવાડ પાસે નહોતો.

'તમે સરકાર પર આરોપ લગાવો છો એનો કોઈ તો આધાર હશે? તમારી પાસે એવી કોઈ માહિતી હોય તો અમારી સાથે શૅર કરો... અમે એને આધારે કાર્યવાહી કરી શકીશું!' ગાયકવાડ મૂળ વાત પર આવ્યા.

'આધાર શેનો? આંખની સામે બધું છે છતાં ન દેખાતું હોય એવી વાત કરો છો!' બાપટે મોઘમ જવાબ આપ્યો.

'સર, તમે પેલા દિવસે આરોપ કર્યો હતો કે સરકારના વરદહસ્ત હેઠળ આ બધાં કાંડ થાય છે... તો પુરાવા કે એવું કંઈ તમારી પાસે છે?' કદમે પણ મુદ્દાની વાત કરી.

આટલાં મોટાં કારસ્તાનો સરકારની મરજી વિના થાય ખરાં? કે પછી... આમાં કોઈ પોલીસ અધિકારીની પણ સંડોવણી છે?

'પુરાવા તો તમારે ભેગા કરવાના હોય... એય હું આપું તો તમે શું કરશો?'

બાપટે દાણો ચાંપી જોયો: 'કેમ... ડ્રગ્સનો કારોબાર કરનારા સલ્લુને ઑપરેશન માટે આર્થિક મદદ પૂરી પાડવા માટેનો ભલામણ પત્ર કોણે આપ્યો હતો?'

ગાયકવાડ અને કદમ આ સાંભળીને ચોંક્યા. વિધાનસભ્ય જાંભુળકરના ભલામણ પત્રની વાત ડિપાર્ટમેન્ટની બહાર ન જવી જોઈએ, એવી કડક સૂચના ડીસીપી જોશીની હતી. છતાં બાપટને આ વાતની જાણ કઈ રીતે થઈ?

'...અને આટલાં મોટાં કારસ્તાનો સરકારની મરજી વિના થાય ખરાં? કે પછી... આમાં કોઈ પોલીસ અધિકારીની પણ સંડોવણી છે?' બાપટે અનેક સવાલો ઊભા કરી પોલીસને પણ સાણસામાં લીધી.

'તેમ છતાં અમારી વિનંતી છે કે કૅન્ડલ માર્ચ રદ કરો... તમારી સુરક્ષાનો પણ અમારે વિચાર કરવો પડેને, સર!'

છેલ્લા વાક્યમાં વિનંતી સાથે ચેતવણી આપી ગાયકવાડ કદમ સાથે કૅબિન બહાર નીકળ્યા. તેમને જતા જોઈને લુચ્ચું હસી બાપટે ફરી પાસા ફેંકવા બીજી બાજી મનમાં ગોઠવી કાઢી...

×××

'બ્રેકિંગ ન્યૂઝ... આરેના શાંત-સુંદર જંગલમાં રોજ નવા ધડાકા થાય છે... પ્રથમ વાર અહીં હેલિકૉપ્ટર તૂટી પડ્યું... પછી જમીનમાં દટાયેલાં શબનો ઢગલો મળ્યો... એ કોકડું વણઊકલ્યું છે ત્યારે ડ્રગ્સ લૅબોરેટરીનો ભાંડો ફૂટ્યો... એસઆઈટી ડ્રગ્સના મામલાનો ઉકેલ લાવે તે પહેલાં લૅબોરેટરી ચલાવનારા સલ્લુની લાશ મળી... હજુ કેટલા આંચકા ખમવાના છે?'

'એ હિલતા મકાન! યે ચૅનલવાલોં કો ઔર કોઈ ખબર નહીં મિલતી હૈ ક્યા?'

ચૅનલો પર સતત આરેના સમાચારો આવતા હતા. રિમોટનાં બટન દબાવીને કંટાળેલા વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકરે તેમના પીએ પ્રસન્ન ચૌધરીને બૂમ પાડી. હંમેશ મુજબ તે મોબાઈલ પર કોઈની સાથે ગપ્પાં મારતો હતો. વાતચીતમાં મશગૂલ ચૌધરીને જાંભુળકરનો અવાજ સંભળાયો જ નહીં.

'અરે, સુનાઈ દેતા હૈ કી નહીં... ફોન રખ!' જાંભુળકરનો અવાજ મોટો થયો એટલે ગૅલરીમાં ઊભેલા ચૌધરીને સંભળાયો. તરત કૉલ કટ કરી તે જાંભુળકર નજીક આવ્યો.

'યે ચૅનલ...' જાંભુળકર કંઈ બોલવા જતા હતા ત્યાં ચૅનલ પર બીજા બ્રેકિંગ ન્યૂઝ ફ્લૅશ થવા લાગ્યા.

'આ જંગલ વધુ ને વધુ રહસ્યમય અને ભયાનક બની રહ્યું છે... હવે જૉની-બૉની ગુમ થઈ ગયા... બન્ને માનસિક રીતે અસ્વસ્થ હતા અને યુનિટ સત્તરમાં રહેતા હતા... માસૂમ જૉની-બૉનીની પણ હત્યા કરવામાં આવી હશે કે તેમની સાથે બીજું કંઈ બન્યું હશે?... વધુ અહેવાલો માટે જોતા રહો અમારી ચૅનલ...'

'અબ યે ક્યા હૈ? કૌન હૈ યે જૉની-બૉની?' જાંભુળકરે માથું કૂટ્યું.

'સા'બ... મૈં પતા લગવાતા હૂં!' ચૌધરી પણ ટેન્શનમાં જણાતો હતો.

'તું ક્યૂં ટેન્શન મેં હૈ?'

'ઐસી કોઈ બાત નહીં, સા'બ... મૈં ભી હૈરાન હૂં યે સબ ન્યૂઝ દેખ કે!'

'ડ્રગ્સવાલે સલ્લુ કા બૉડી મિલા હૈ તો મેરી બોલતી બંધ હૈ... અબ યે જૉની-બૉની કી ભી લાશેં મિલી તો મૈં પબ્લિક કે સામને કૈસે જાઉંગા!' જાંભુળકર ચિંતામાં હતા.

'મુઝે તો લગતા હૈ પૂરા મીડિયા બીક ગયા હૈ!' જાંભુળકર ભળતી વાત પર ઊતરી આવ્યા એટલે ચૌધરીને કંઈ સમજાયું નહીં.

'યે રિપોર્ટર ઉસ બાપટ કે લિયે કામ કરતે હૈ ઐસા લગ રહા હૈ!' હવે ચૌધરીને જાંભુળકરની વાત સમજાઈ.

'ઐસા ક્યૂં લગતા હૈ આપકો?'

'બાપટ પૈસા ફેંક કે ચૅનલો પર યહ ન્યૂઝ બાર બાર ચલવાતા હોગા!'

પછી જાંભુળકરે કહ્યું: 'બડા ખિલાડી હૈ બાપટ... મુઝે હટાને કે લિયે વહ શતરંજ કી જાલ બિછા શકતા હૈ!'

'સા'બ... લેકિન આરે મેં યહ સબ હો રહા હૈ યહ ભી તો સચ હૈના!' ચૌધરીની વાત ખંજરની જેમ ખૂંચી.

'તુ મેરા પીએ હૈ યા ઉસકા... તુઝે જંગલ કી હર બાત પતા ચલ જાતી હૈ તો બાપટ કી અગલી ચાલ ક્યા હોગી ઉસકા પતા લગા!'

'સા'બ હમ ભી કોઈ જૂઠી ખબર ચલવાતે હૈ... શાયદ બાપટ શાંત બૈઠે!' ચૌધરીએ તુક્કો લગાવવા કહ્યું.

'જૂઠી ખબર? કૌન સી?'

'બાપટ કે બારે મેં મીડિયા કો ગલત સમાચાર દેતે હૈ! યહ સબ બાપટ કા કિયા હૈ ઐસા બોલતે હૈ!'

'યહ જૂઠ નહી, સચ હૈ. યે ઉસકા હી કિયાકરાયા હોગા!' જાંભુળકર ખરેખર બફાટ કરી રહ્યા હતા.

'કલ મીડિયા કો બૂલા લેતા હૂં... તબ તક સ્પીચ તૈયાર કર લેતે હૈ!' ચૌધરીએ તખતો ગોઠવવા માંડ્યો.

'ઔર મેરી ભી કિસ્મત ફૂટી હૈ... એક કે બાદ એક બૂરી ખબર આ રહી હૈ!'

જાંભુળકર ચિંતામાં બોલ્યા: 'પતા નહીં, મુઝે ફસાને કે લિયે બાપટ આગે કૌન સી કાતિલ ચાલ ચલેગા... મુઝે પક્કા લગતા હૈ કિ બાપટ નયી ગેમ ખેલને કી તૈયારી મેં હોગા?' (ક્રમશઃ)■

ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

A	B
બાંક	FIGHT
બાંકપન	BENCH
બાધવું	HAPPINESS
બાળવું	VAPOUR
બાફ	BURN

ઓળખાણ પડી?

વગડામાં વરસાદ પછી વેલાની માફક ઊગી નીકળતા છોડની ઓળખાણ પડી? કૌચ નામે ઓળખાતા એના બિજ આયુર્વેદમાં વપરાય છે.

અ) શક્કરિયા બ) કાતરા ક) ભેરવશિંગ ડ) કોકમ

ગયા વખતનો ઉકેલ

૧ ઘ	૨ ન	ઘો	૩ ર	■	૪ વ	૫ ન	૬ રા	જી	■
૭ ના	દ	■	૮ મ	૯ ઝા	■	૧૦ ટ	ન	■	૧૧ ભ
કા	■	૧૨ પો	ત	ડી	■	વ	■	૧૩ હૈ	યા
૧૪ ર	ખા	ત	■	■	૧૫ ઝ	ર	ણું	■	ન
■	■	પો	■	૧૬ ખા	ટ	■	■	૧૭ પા	ક
૧૮ આ	ત	તા	યી	■	૧૯ પ	૨૦ ત	૨૧ રા	ળી	■
ચ્છા	■	નું	■	૨૨ પ	ટ	રા	ણી	■	૨૩ હ
૨૪ દ	સ	■	૨૫ ઘા	ન	■	૨૬ હ	સા	હ	સ
ન	■	૨૭ બા	■	૨૮ ઘ	ર	■	હે	■	ર
■	૨૯ ખ	ટ	પ	ટ	■	૩૦ શ	બ	વ	ત

શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

૧		૨	૩		૪	■	૫	૬	
	■	૭		■	૮	૯	■		■
૧૦	૧૧		■	૧૨			■	૧૩	૧૪
૧૫		■	૧૬		■	૧૭		■	
■	૧૮	૧૯		■	૨૦			■	
૨૧	■	૨૨		૨૩	■		■	૨૪	
૨૫	૨૬	■	૨૭		■	૨૮	૨૯		
૩૦		■		■	૩૧	■		■	
	■	૩૨				■	■	૩૩	■
■	૩૪			■	૩૫				

આડી ચાવી

૧. ડાકુને મહિલા ગુરુએ સંત બનાવ્યો (૩,૩)
૫. ભાખા --- સંત કવયિત્રી (૩)
૭. પોપટ (૨)
૮. વીર, સત્ય ને રસિક ટેકીપણું, અરિપણ --- દિલથી (૨)
૧૦. બૂમ, સાદ, રાડ (૩)
૧૨. સ્ત્રી ગુરુ (૩)
૧૩. કસબ (૨)
૧૫. બાતલ (૨)
૧૬. પ્રદાન (૨)
૧૭. ભાઇ (જો. છૂ.) (૨)
૧૮. વેચાણ ઉપરનું વળતર (૩)
૨૦. બહેનની માતાના જમાઇ (૩)
૨૨. સોયમાં દોરો--- જુઓ (૩)
૨૪. ભેંસ, ગાયની વિષ્ટા (૨)
૨૫. છૂટ્ટી (૨)
૨૭. ધાર (૨)
૨૮. મોટા બારણાં (૪)
૩૦. કિલ્લાના કોટની દીવાલની બાજુ (૨)
૩૨. તંદુરસ્ત (૪)
૩૪. સૂર્યપત્ની (૩)
૩૫. પોતળા વિચારોનો ચુસ્ત આગ્રહી (૫)

ઊભી ચાવી

૧. સાડીઓ માટેનું પ્રખ્યાત ગુજરાતનું શહેર (૪)
૨. રેખા (૩)
૩. તર, મલાઇ (૨)
૪. થોડુંક (૩)
૬. એક અલંકાર (૩)
૯. પ્રિયતમા હિમાલયમાં ઓગળી, પ્રેમીએ જંતર વગાડયું (૨,૪)
૧૧. કીચડ (૩)
૧૨. શંકરની દૂત (૨)
૧૪. એક જાણીતો વેપારી વણજારો (૨,૪)
૧૬. પતિએ પત્નીને એના પ્રિયતમ પાસે વળાવી (૩,૪)
૧૯. ઘોડાના ચાલવાનો અવાજ (૨)
૨૧. પંજાબની અમર પ્રેમ કથા (૨,૨)
૨૩. બહાદુર (૨)
૨૪. સિંહબાળ (૨)
૨૬. ---ને જાદવા કૃષ્ણ ગોવાળિયા (૨)
૨૯. ધૂળ (૨)
૩૧. માથું (૩)
૩૨. દક્ષિણ ભારતીય અંકલ (૨)
૩૩. બીમારને આપો (૨)

ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'કલાનો પ્રમુખ ધ્યેય ધ્યાનમાં રાખવો' પંક્તિમાં 'ધ્યેય' શબ્દનો અર્થ જણાવો.

અ) પસંદગી બ) હેતુ ક) પ્રમાણ ડ) પરિસ્થિતિ

માતૃભાષાની મહેક

શગ એટલે દીવાની જ્યોત. શગ કાઢવી એટલે દીવાની વાટ ઊંચી ચડાવવી અથવા જ્યોત વધારવા માટે વાટ ઊંચી કરવી. શગ મોરવી એટલે દીવાની વાટ કાપવી. રાવજી પટેલની અમર રચનામાં શગનો ઉલ્લેખ હૃદયદ્રાવક છે: મારી આંખે કંકુના સૂરજ આથમ્યા, મારી વે'લ શંગારો વીરા, શગને સંકોરો રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ!

ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ PHARMACOGNOSY માટે રુચિ ધરાવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) પરિશ્રમ બ) સમુદ્ર ક) વનસ્પતિ ડ) પ્રાણી

ઈર્શાદ

હું ભીંતો પર તમારા હસતા ફોટા જોઉં છું ત્યારે,
વિચારું છું થયા છે ક્યાં હજી નારાજ ગાંધીજી.

– શેખાદમ આબુવાલા

સુડોકુ-૯૧૧૬

			૨			૮		
			૭	૬				૫
	૯	૧					૭	૨
		૫				૯		૪
	૭						૮	
૧		૩				૨		
૨	૫					૪	૯	
૪				૫	૩			
		૬			૭			

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૯૧૧૫

૨	૫	૬	૪	૯	૮	૩	૭	૧
૭	૪	૧	૬	૩	૫	૯	૮	૨
૮	૯	૩	૨	૧	૭	૪	૬	૫
૬	૭	૨	૮	૪	૧	૫	૯	૩
૩	૧	૪	૭	૫	૯	૮	૨	૬
૯	૮	૫	૩	૬	૨	૭	૧	૪
૧	૨	૭	૫	૮	૪	૬	૩	૯
૫	૩	૮	૯	૨	૬	૧	૪	૭
૪	૬	૯	૧	૭	૩	૨	૫	૮

માઈન્ડ ગેમ

વિશ્વના કયા દેશમાં તમાકુનું સૌથી વધુ ઉત્પાદન થાય છે એ જણાવો. વિશ્વની જરૂરિયાતની ૩૫ ટકા નિકાસ આ દેશથી થાય છે.

અ) થાઈલેન્ડ બ) ઈજિપ્ત ક) ચીન ડ) પનામા

ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

A	B
બંડ	REVOLT
બંડી	WAISTCOAT
બંદી	PRISONER
બંધી	PROHIBITION
બંસી	FLUTE

ઓળખાણ પડી? ભૃંગરાજ

ગુજરાત મોરી મોરી રે: સિક્કા

ચતુર આપો જવાબ અર્થ જણાવો: બળદ

માઈન્ડ ગેમ: ગ્રીસ

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) તાહેર ઔરંગાબાદવાલા (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૭) રસીક જુઠાણી (કેનેડા-ટોરન્ટો) (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પુષ્પા પટેલ (૧૩) મીનળ કાપડિયા (૧૪) હર્ષા મહેતા (૧૫) હર્ષા મહેતા (૧૬) લજીતા ખોના (૧૭) જ્યોતી ખાંડવાલા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) નિતીન જયંતિલાલ બજરિયા (૨૧) મહેશ સંઘવી (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) પ્રવીણ વોરા (૨૫) વિપીન શાહ (૨૬) નૂતન વિપીન શાહ (૨૭) મહેશ દોશી (૨૮) અરવિંદ કામદાર (૨૯) મહેન્દ્ર લોઢાવિયા (૩૦) વીણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) જયવંત પદમશી ચિખલ (૩૩) ભાવના કર્વે (૩૪) અંજુ ટોલીયા (૩૫) ડાયના સંતોકે (૩૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૭) અલકા વાણી (૩૮) શિલ્પા શ્રોફ (૩૯) નીતા દેસાઈ (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) હીનાબેન દલાલ (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

પિપ્પલીઃ સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી મસાલો છે

ભારતીય ભોજન મસાલાના ઉપયોગ વગર અધૂરું લાગે છે. ભોજનમાં મસાલાનો ઉપયોગ ફક્ત સ્વાદ વધારવાનું કામ નથી કરતો. સ્વાદની સાથે તંદુરસ્તી જાળવવામાં મદદ કરે છે. તેથી જ તો ભારતીય ભોજન આજે વિશ્વમાં અતિ-લોકપ્રિય બની ગયું છે. તો બીજી તરફ ભારતીય મસાલાની માગ વિશ્વના અનેક દેશોમાં વધવા લાગી છે. પિપ્પલી કુદરતી ઔષધી ગણાય છે. સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી મસાલો ગણાય છે. તેમાં પ્રોટીન, મિનરલ્સ, કાર્બોહાઈડ્રેટ તથા વિટામિન્સની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જે શરીર માટે લાભકારક ગણાય છે. લાંબી કાળી મરચાં જેવી દેખાતી પિપ્પલીનો ઉપયોગ શિયાળામાં મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. તેને સ્વાસ્થ્ય માટે વરદાન સમાન ગણવામાં આવે છે. પિપ્પલીને વિવિધ ભાષામાં અલગ અલગ નામે ઓળખવામાં આવે છે, જેમ કે સંસ્કૃતમાં પિપ્પલી, કૃષ્ણા કે ચપલા, અંગ્રેજીમાં લૉંગ પેપર, ઈન્ડિયન લૉંગ પેપર, હિન્દીમાં પિપલી કે પીપર, મરાઠીમાં પિંપલી, મલયાલમમાં તિપ્પલી, પંજાબીમાં પિપ્પલીજડ, બંગાળીમાં પીપુલ કે પિપ્પલી, ગુજરાતીમાં પીપર કે પીપરીજડ, કન્નડમાં હિપ્પલી, ઓરિયામાં બૈદેહી. પિપ્પલીનો છોડ તેના ઔષધીય ગુણોને લીધે ઓળખાય છે. વળી તેની સુગંધ તથા તેના તીખા સ્વાદને કારણે જાણીતો છે. તેનો ઉપયોગ વિવિધ ઉપચારોની સાથે અનેક સ્વાસ્થ્ય સંબંધિત તકલીફમાં વરદાન સમાન ગણાય છે.

પિપ્પલીની વેલ જમીન ઉપર પણ ફેલાવા લાગે છે જેને કારણે તેમાં એક અલગ મીઠી સુગંધ ઉમેરાય છે. જેથી તેમાં રહેલાં ઔષધીય ગુણો વધુ અસરકારક બને છે. આયુર્વેદમાં પિપ્પલીની ચાર પ્રજાતિ દર્શાવવામાં આવી છે. પરંતુ વ્યવહારમાં નાની-મોટી તેમ બે પિપ્પલી જોવા મળે છે. તેનો સ્વાદ તીખો હોય છે. પિપ્પલીનું સેવન પાઉડર, તેલ કે કાઢા તરીકે કરી શકાય છે.

આરોગ્યવર્ધક ગુણો :

વજનને ઘટાડવામાં મદદરૂપ : તહેવારો નજીક આવે તેમ સુંદર દેખાવા માટે વજન ઘટાડવાનું લગભગ પ્રત્યેક વ્યક્તિ પસંદ કરે છે. પિપ્પલીનું સેવન મેટાબોલિઝમને ઝડપી બનાવવાની સાથે ચરબીને ઓગળવામાં મદદ કરે છે. શરીરમાં રહેલાં ટોક્સિનને દૂર કરવામાં મદદ કરે છે. પિપ્પલીના પાઉડરને વહેલી સવારના નરણાં કોઠે મધ સાથે લેવાની નિષ્ણાત આહાર તજજ્ઞો તથા આયુર્વેદાચાર્યો સલાહ આપે છે.

કબજિયાતથી છુટકારો : જીવનશૈલીમાં મોટા બદલાવને કારણે અનેક લોકો કબજિયાત, ગૅસ, અપચાની તકલીફથી સતત મુશ્કેલી અનુભવતાં હોય છે. પિપ્પલી અનેક લોકોને છાતીમાં બળતરાં તથા પેટ સંબંધિત અન્ય તકલીફથી છુટકારો મેળવવામાં મદદ કરે છે. પિપ્પલીનો ઉપયોગ નિયમિત કરવાથી તે ડાયજેસ્ટિવ ઍજન્ટ તરીકે કામ કરે છે. ભોજનને યોગ્ય રીતે પચવામાં મદદ કરે છે.

શરદી-ખાંસી-તાવમાં લાભકારી : પિપ્પલીની તાસિર ગરમ હોય છે તેથી ઠંડીમાં થતી શરદી-સળેખમ કે તાવની તકલીફમાં પિપ્પલીનો ઉપયોગ લાભકારી ગણાય છે. ઍન્ટિ-ઈન્ફલેમેટરી, ઍન્ટિ-ઑક્સિડન્ટના ગુણોથી ભરપૂર હોવાને કારણે શરીરને વાયરલ ઈન્ફેક્શનથી બચાવે છે. નિયમિત સેવન કરવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. અસ્થમાની તકલીફમાં રાહત આપવામાં ઉપયોગી ગણાય છે. કફ તથા અસ્થમાની તકલીફમાં પિપ્પલીનો ઉપયોગ લાભકારક ગણાય.

નિંદર ના આવવાની સમસ્યામાં લાભકારક : અનેક લોકોને રાત્રે ગાઢ નિંદર આવતી નથી. તેમને માટે પિપ્પલીનું સેવન લાભકારક ગણાય છે. નિયમિત રાત્રે સૂતાં પહેલાં એક ચમચી મધમાં પિપ્પલીનો પાઉડર ચાટી જવાથી તણાવ દૂર કરવામાં મદદ મળે છે. વારંવાર થાક લાગી જતો હોય શરીરમાં નબળાઈ લાગે ત્યારે પિપ્પલીનો પાઉડર દૂધમાં નાખીને પીવાથી લાભ મળે છે.

દાંતના દુખાવામાં લાભકારી : ફલૅવોનોઈડસ તથા અન્ય વિશેષ તત્ત્વોને કારણે લોહીમાં કૉલેસ્ટ્રોલની માત્રાને નિયંત્રિત કરવામાં મદદરૂપ થઈ શકે છે. પાચનશક્તિની વિવિધ સમસ્યામાં પિપ્પલીનો ઉપયોગ ગુણકારી ગણાય છે.

ડાયાબિટીસની વ્યાધિમાં લાભકારક : ડાયાબિટીસના દર્દીઓ માટે પિપ્પલીનો ઉપયોગ લાભકારક બની શકે છે. કેમ કે પિપ્પલીના સેવનથી લોહીમાં ઈન્સ્યુલિનની સંવેદનશીલતા વધે છે. તેમ જ લોહીમાં શર્કરાની માત્રાને નિયંત્રણમાં રાખવામાં મદદ મળી શકે છે. તેમ છતાં ડાયાબિટીસના દર્દીઓએ તેનું સેવન કરતાં પહેલાં નિષ્ણાત ડૉક્ટરની સલાહ લેવી જરૂરી છે.

રોગપ્રતિકારક શક્તિ વધારે છે : શહેર હોય કે ગામ હોય પ્રત્યેક વ્યક્તિની જીવનશૈલીમાં મોટા બદલાવ જોવા મળે છે. સતત મોબાઈલ તેમ જ સ્પર્ધાત્મક વાતાવરણને કારણે વ્યક્તિ સતત માનસિક તાણ અનુભવે છે. જેને કારણે શરીરમાં નબળાઈ આવી જવાની સમસ્યા વધી જતી હોય છે. આવા સંજોગોમાં પિપ્પલીનો ઉપયોગ શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. કેમ કે પિપ્પલીમાં ઍન્ટિ-ઓક્સિડન્ટ તથા ઍન્ટિ-ઈન્ફલેમેટરી ગુણ સમાયેલાં છે. પિપ્પલીનો પ્રમાણભાન રાખીને ઉપયોગ કરવાથી શરદી-ખાંસી-કફ-જવર જેવી બીમારીથી બચી શકાય છે.

પિપ્પલીનો ઉપયોગ કઈ રીતે કરવો જોઈએ :

પિપ્પલીનું ચૂર્ણ મધ કે પાણી સાથે સરળતાથી લઈ શકાય છે.

પિપ્પલીને પાણીમાં તુલસી, આદું, તજની સાથે ઉકાળીને તેનો કાઢો બનાવીને પીવો ગુણકારી ગણાય છે.

હવે બજારમાં પિપ્પલીની ગોળી મળવા લાગી છે. તેથી આયુર્વેદિક ગોળીનો ઉપયોગ ચૂર્ણ કે કાઢાની બદલે કરી શકાય છે.

પિપ્પલીનું તેલ બજારમાં મળે છે તેનો ઉપયોગ કરી શકાય છે.

પિપ્પલી બે પ્રકારની હોય છે. એક લીલી તથા બીજી સૂકી. લીલી પિપ્પલીનો ઉપયોગ શાકમાં કરવાથી તે શાકને સ્વાદિષ્ટ બનાવે છે. સૂકી પિપ્પલીનો પાઉડર દાળ શાકમાં ઉપરથી ભભરાવીને લેવાથી તે વધુ ગુણકારી તથા સ્વાદિષ્ટ બને છે. પિપ્પલીને દૂધમાં થોડા પાણી સાથે ઉકાળીને પીવાથી સાંધાના દુખાવામાં રાહત મળે છે.

પિપ્પલી લેતાં પહેલાં રાખવાની સાવધાની : પિપ્પલીનો ઉપયોગ વધુ પડતો ન કરવો કેમ કે તેની તાસીર ગરમ હોવાથી શરીરમાં ગરમી વધી જવાની શક્યતા રહે છે જેને કારણે છાતીમાં બળતરા કે ત્વચા ઉપર ફોડલી દેખાવાની શક્યતા વધી જાય છે.

પિપ્પલીનો ઉપયોગ લાંબા સમય સુધી કરવો ટાળવો. ગર્ભાવસ્થામાં પિપ્પલીનો ઉપયોગ કરવાનું ટાળવું. નાના બાળકોને નિષ્ણાત ડૉક્ટરની સલાહ વગર પિપ્પલીનું સેવન ન કરાવવું. ■

પિપ્પલીનું કઢિયેલ દૂધ

સામગ્રી : ૨ ગ્લાસ ગાયનું દૂધ, ૧ કપ પાણી, ૩ ચમચી સાકર, ૧ ચમચી પિપ્પલીનો પાઉડર, ૨ ચમચી દૂધનો પાઉડર

બનાવવાની રીત : સૌ પ્રથમ ૨ ગ્લાસ ગાયનું દૂધ લેવું. તેમાં ૨ ચમચી દૂધના પાઉડરને ૧ કપ પાણીમાં ભેળવીને બરાબર હલાવીને ઉમેરવો. દૂધને ઉકાળવું. તેમાં ખાંડ ઉમેરીને ૧૦ મિનિટ માટે ઉકાળવું. બરાબર ઊકળી જાય ત્યારબાદ તેમાં ૧ ચમચી પિપ્પલી પાઉડર ભેળવીને હલાવી લેવું. ૫ મિનિટ ઉકાળીને ગરમાગરમ સ્વાદિષ્ટ કઢિયેલ દૂધને સવાર-સાંજ પીવાના ઉપયોગમાં લેવું.

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

એક છુપાયેલી ફેટ



આજના નવા સમયમાં વર્કિંગ કપલનું ચલણ વધતું જાય છે. આર્થિક ઉપાર્જનનું મહત્ત્વ ખૂબ જ મોટા પ્રમાણમાં વધવાને કારણે તેમ જ લક્ઝરી લાઇફસ્ટાઈલ માટે યુવા વ્યક્તિ ઉચ્ચ અભ્યાસ કરીને જોબ કરવાનું વધુ પસંદ કરે છે. સ્ત્રીઓ પોતાની આર્થિક સ્વતંત્રતા માટે આજે કામકાજ કે જોબ કરવાની પહેલી પસંદગી કરે છે. સ્ત્રીઓ આજે લગભગ બધાં જ ક્ષેત્રે કામ કરે છે. તેમને રસોડું ઓછું પસંદ છે. અભ્યાસ માટે વધુ સમય જોઈએ પછી જોબ કરવાના કારણે લગ્ન મોટી ઉંમરે થાય છે. આ વાતાવરણ વિદેશમાં છે તે આજે આપણાં નાના શહેરથી લઈને મોટી મેટ્રોસિટીમાં દેખાવા લાગ્યું છે. સોશ્યલ મીડિયાને કારણે તે કામકાજમાં તો ગામડાઓમાં પણ આજ વાતાવરણ દેખાય છે. મોટી ઉંમરે લગ્નના કારણે બાળકો પણ મોડા થાય છે. જેની અસર તેમની ઈમ્યુનિટી પર પડે છે.

કામકાજી કપલ જે બહારના ખાદ્ય-પદાર્થનો ઉપયોગ વધુ કરી રહે છે. જેના કારણે તેમની ઈમ્યુનિટી પણ ઓછી થઈ રહી છે. સંયુક્ત કુટુંબમાં રહેવાનું હવે પસંદ નથી તેથી બાહ્ય વસ્તુઓનો ઉપયોગ વધુ થવા લાગ્યો છે. આ બદલાતા વાતાવરણમાં સ્વાસ્થ્ય સમસ્યા એ મોટો પડકાર છે. નાની વયમાં જ સ્વાસ્થ્ય સમસ્યા વધી રહી છે. નાની વયમાં મૃત્યુનો આંક વધી રહ્યો છે. આનું કારણ છે ખાદ્ય-પદાર્થનાં ઝેરી તત્ત્વો અને કદાચ વધુ પડતો કામકાજી બોજ.

બાહ્ય ખાદ્ય-પદાર્થ ચોક્કસ રીતે બનતા નથી. તેને ટકાવવા કે સ્વાદ વધારવા માટે કેમિકલનો થતો વપરાશ. જેના કારણે તેમાંની કોઈ ચોક્કસ ફૂડ-વેલ્યૂ નથી. ફક્ત સ્વાદ અને પેટ ભરાય તેટલું જ. કેમિકલ, પ્રિઝર્વેટિવ્સ, સ્વાદ વધારવાવાળા કેમિકલના કારણે તે યોગ્ય રીતે પચતાં નથી. જેના કારણે શરીરમાં ગ્લાયસેમિક ઈન્ડેક્સ વધી જાય છે. અને વિસરલ ફેટનું પ્રમાણ વધી જાય છે. આ એક છુપાયેલી ફેટ છે. જે શરીરનાં અંદરના અવયવ જેમ કે લીવર, આંતરડા અને હૃદયની આસપાસ જમા થાય છે. જેના કારણે સોજા આવવા, ડાયાબિટીસ ટાઇપ-૨, હૃદયરોગ અને કંઈક પ્રકારના કેન્સરનું જોખમ રહે છે. કોલેસ્ટ્રોલની દવાને કારણે પગના ઘૂંટણ ખરાબ થાય છે.

વજન ઓછું કરવાના ઘણાં પ્રયત્નો કરે છે. જ્યારે તેમાં અસફળતા મળે છે. ત્યારે આ વિસરલ ફેટ આપણાં શરીરમાં છે તેનાં પર ધ્યાન દોરવું જરૂરી છે. શરીરમાં ત્રણ પ્રકારની ફેટ છે. સફેદ ફેટ, ભૂરી ફેટ અને આંતની કે છુપાયેલી ફેટ (વિસરલ ફેટ). તેમ જ બીજા નામ છે સંતૃપ્ત વસા, અસંતૃપ્ત વસા અને ટ્રાન્સ વસા. આ ટ્રાન્સ વસા એટલે વિસરલ ફેટ. જે સૌથી વધુ હાનિકારક છે. જે એલ.ડી.એલ. (ગુડ કોલેસ્ટ્રોલ)ને ઘટાડે છે.

સફેદ વસા (સંતૃપ્ત વસા) જે શરીરમાં લગભગ હોય જ જે ઊર્જાનો સંગ્રહ કરે. શરીરનાં અંગોને નિયંત્રણમાં રાખે છે. હોર્મોનને સંતુલિત કરે.

ભૂરી વસા (સંતૃપ્ત વસા) આ સફેદ વસા કરતાં ઓછી હોય છે. ઊર્જાનો સંગ્રહ કરે, તાપમાનને નિયંત્રિત કરે. જે તરલ અવસ્થામાં છે. કોલેસ્ટ્રોલ માટે લાભકારી છે.

આંત વસા (છુપાયેલી ફેટ) વિસરલ ફેટ જે આંતરિક અંગો, પેટના અંગોની ચારેય તરફ જમા થઈ જાય છે. જે ઉચ્ચ સ્તર પર હાનિકારક છે. આ ફેટ શરીરમાં વધતાં બીમારીઓ પણ વધતી જાય છે. ઘણીવાર પાતળા લોકો ખૂબ જ બીમાર રહે છે. અથવા જલદી મૃત્યુ થાય છે. કારણ તેઓ ભ્રમમાં હોય છે કે અમારી ફેટ વધતી જ નથી. અમે કાંઈપણ ખાઈ શકીએ છીએ. તેઓ વધુ ગ્લાયસેમિક ઈન્ડેક્સવાળી આહાર પદ્ધતિ અપનાવે છે. જેથી વિસરલ ફેટ વધી જાય છે. આ છુપાયેલી ફેટને કારણે તેમનામાં બીમારી જલદીથી આવે છે. કારણ કે આ એક સ્ટ્રોન્ગ ફેટ છે જેમાં કેમિકલ ખૂબ જ મજબૂત રીતે ચીપકેલા હોય છે. જે પેટ અને કમરનો ઘેરાવો કરે છે. જેના કારણે મલ્ટિપલ બીમારી થાય છે.

ખાદ્ય-પદાર્થ કેમિકલ અને પ્રિઝર્વેટિવ્સવાળા કે અતિ મીઠા, અતિ ખારા હોવાથી તેનાથી એસિડિટી વધી જાય છે.

એસિડિટીના કારણે નિંદર નથી આવતી. દવાઓને કારણે વધારે નિંદર ખરાબ થાય જેનાથી ઇન્સ્યુલીન સેલમાં શુગર પહોંચાડી શકાતું નથી. શુગર લોહીમાં રહી જતાં સેલ નબળા પડે છે અને લોહીમાં શુગરનું પ્રમાણ વધી જાય છે. જે ખરાબ ફેટમાં પરિવર્તિત થાય છે.

આ ફેટ લોહી દ્વારા હાર્ટમાં જતાં ત્યાં જમા થાય છે અને હાર્ટની બીમારીઓ થાય છે. હાર્ટ બરાબર કામ ન કરે તો પ્રેશર વધી જાય છે. પ્રેશર વધવાથી કિડનીને વધુ કામ કરવું પડવું, દવા લેવાથી કિડની પર કામનું પ્રેશર વધતાં કિડનીનું ક્રિએટીનાઈન બગડે પરિણામે ડાયાલિસીસ કરાવવું પડે છે. આ બધી વ્યાધિ ભોગવવી ન હોય તો વાચક મિત્રો જીવન પદ્ધતિમાં (લાઇફ સ્ટાઇલ) સુધાર કરવો જરૂરી છે. આર્થિક ઉપાર્જનની દોડ, લક્ઝરી પદ્ધતિ માટેની દોડ લોકોને બીમાર બનાવી રહી છે. બાળકોનું ભવિષ્ય પણ ખતરામાં છે. બાહ્ય ભોજન બંધ કરી ઘરમાં જૂની પારંપરિક પદ્ધતિથી ભોજન બનાવો, જેથી સ્વાસ્થ્ય સારું રહે. વધુ પડતાં પૈસા લક્ઝરી વસ્તુઓ ખરીદીમાં ન વેડફો. તે સારી સાચી ખાવાની વસ્તુઓ લેવામાં ખર્ચો.

બાહ્ય ભોજન ન લો પણ ઘરમાં શુદ્ધ ભોજન બનાવવું જરૂરી છે. બાહ્ય ભોજન ખરાબ છે તેની જાણ તો બધાને છે. આળસના કારણે જો ઘરમાં ભોજન પણ શુદ્ધ ન હોય તો આવી વિસરલ ફેટ જમા થવાની છે.

વિસરલ ફેટ સાકર, રિફાઈન્ડ તેલ, સોડા, ખરાબ પ્રકારનાં સોડિયમ, આઈસક્રીમ, બિસ્કિટ, જામ, સોસ, વધુ પડતાં તળેલાં ખાદ્ય પદાર્થથી થાય છે. ઘણીવાર ભૂખ ન હોવા છતાં પણ ખાવું એ પણ ફેટ બનાવે છે. ન જોઈતાં ડ્રિંક જેમ કે ચહા, કોફી, ચોકલેટ વગેરે સેલને મંદ કરી દે છે. ચાલ ધીમી થઈ જાય છે. ઊઠવું-બેસવું પણ તકલીફદાયક થાય છે. સુધારો કરવો એ જ ઈલાજ છે.

તહેવારોમાં વધુ પડતી મીઠાઈઓ અને ફરસાણ ન ખાશો. ડિસેમ્બરથી માર્ચ મહિના સુધી બીમારીઓ વધુ જોવા મળે છે. કારણ કે દિવાળીમાં આ બધા પદાર્થો વધુ ખવાય છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

આત્માની બારી એટલે આંખ...

માનવ કાયામાં નાનાં મોટાં અનેક અંગ-અવયવ છે. પ્રત્યેકની વિભિન્ન કાર્ય ભૂમિકા છે.

આમાં જેના દ્વારા આપણે જગતને જોઈ શકીએ છીએ એ ચક્ષુ આંખ વિના આપણને ક્ષણભર પણ ન ચાલે. દૃષ્ટિ વગર આપણી દુનિયા સાવ અંધકારમય. અને એટલે જ આંખને મન-તન આત્માની બારી તરીકે ઓળખાવામાં આવે છે...

સૃષ્ટિના સર્જનહારે, તેમની આ સુંદર રચનાને જોઈ શકીએ તે માટે આંખોનું નિર્માણ કર્યું છે. આમ આંખ એ પરમાત્માએ જગતની પ્રત્યેક જીવને આપેલી ખૂબ જ અમૂલ્ય ભેટ છે.

શું આપ જાણો છો કે, જ્યારે આંખના વીસ લાખ જેટલા અંશો એકસાથે કામ કરે ત્યારે જ આપણે જોઈ શકીએ છીએ? વળી, શું આપણે જાણીએ છીએ કે, આંખ પણ એક આધુનિક કેમેરો છે? જેમ આપણે વધુ Mega Pixel વાળો કેમેરો પહેલો પસંદ કરીએ છીએ, તેમ આપણી આંખ પણ ૫૭૬ Mega Pixelની ક્ષમતા ધરાવે છે અને આંખનું વજન માત્ર ૨૮ ગ્રામ જેટલું જ હોય છે...



આમ છતાં, આપણે ભગવાનની આ ભેટની જોઈએ તેવી કિંમત સમજતા જ નથી. આજે વિશ્વમાં સાડા ચાર કરોડથી વધુ લોકો દૃષ્ટિહીન છે, તો જરા વિચારો...! જો આપણે પણ તેમની જેમ દૃષ્ટિહીન હોત, તો શું આંખોનો દુરુપયોગ ક્યારેય કરતા હોત? આજે મોટા ભાગના લોકોની આંખ ટી.વી., સિનેમા, મોબાઈલ, કોમ્પ્યુટર વગેરેમાં કલાકો સુધી વ્યર્થ સમય વ્યતીત કરવાથી બગડે છે. તેમાં પણ આજની યુવા પેઢી તો દિવસના ૮-૧૦ કલાક સોશ્યલ મીડિયા પાછળ બગાડે છે, જેથી તેઓ ખૂબ જ નાની ઉંમરમાં ચશ્માંના શિકાર બનવા લાગ્યા છે. શું આપ જાણો છો કે, ૯૦ ટકા આંખોના રોગ આપણી બેદરકારીને કારણે જ થાય છે? તો શું આજથી આપણે સહુ પરમાત્માની આ અમૂલ્ય સોગાદનો ઉપયોગ ખૂબ જ વિવેકથી અને તેમને ગમે તેવી રીતે જ કરવા કટિબદ્ધ થઈશું?

સુટેવ : આંખોની જાળવણી કરવા...

* રોજ સવાર-સાંજ આંખમાં શુદ્ધ ઠંડા પાણીની છાલક મારવી.
* આંખોનો સ્પર્શ કરવો હોય ત્યારે હંમેશાં હાથ ધોઈને જ કરવો.
* આંખોને નિયમિત અંતરે પટપટાવવાની ટેવ પાડવી. જેથી લાંબા સમય માટે આંખોને શ્રમ ન પડે અને કોરી ન પડી જાય.
* કમ્પ્યુટર પર કામ કરતી વખતે ૨૦-૨૦-૨૦નો નિયમ રાખવો. દરેક ૨૦ મિનિટે ૨૦ સેકન્ડ માટે ૨૦ ફૂટ દૂર જોવું અથવા આંખો બંધ કરીને આરામ આપવો.
* ટી.વી. હંમેશાં ૮થી ૧૦ ફૂટ દૂર રહીને જ જોવું.
* દવાના ટીપાની બોટલને આંખનો સ્પર્શ ન થવા દેવો.
* પાંચ વર્ષનાં નાનાં બાળકોને મોબાઈલ, ટી.વી., કોમ્પ્યુટર, આઇપેડ, વીડિયોગેમ, વગેરે કોઈપણ લાઈટસ્ક્રીનમાં કાંઈપણ જોવા ન દેવું. કેમ કે તે ઉંમરમાં તેમની આંખો ખૂબ જ કોમળ હોય છે, તેથી આંખોને ખૂબ જ નુકસાન પહોંચે છે.

આંખને બગાડતી કુટેવ....

* નાના અક્ષરો કે ઓછી લાઈટમાં વાંચવું.
* સૂતા-સૂતા તથા ચાલુ ગાડીમાં વાંચવું.
* આંખોને વારંવાર હથેળી વડે ચોળવી.
* જેને આંખોનાં નંબર હોય તેમણે ચશ્માં વિના આંખો ખેંચાય તે રીતે વાંચવું કે કામ કરવું.

આંખ સંબંધી ખૂબ જ ઉપયોગી કસરતોઃ

નીચે મુજબની કસરતો આંખોના સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે.

રોજ દિવસમાં ૨-૩ વાર આંખોને આ રીતે ફેરવવી.



રોજ શીર્ષાસન કરવું



આંખોના સ્વાસ્થ્ય માટે યોગ્ય આહારઃ

* આંખોના સ્વાસ્થ્ય માટે વિટામિન-A થી ભરપૂર ખોરાક ખાસ લેવો. જેમ કે, લીલા પાંદડાવાળી ભાજી, ડોડીનાં કુમળાં પાન અને ફૂલનું શાક, ગાજર, શક્કરિયા, કોથમીરની ચટણી, તાજા મૂળા, લાલ કેપ્સિકમ, કેરી, દૂધ-દહીં, ઘી, માખણ, સાકરટેટી, લીલા વટાણા, ટમેટા, તુલસી વગેરે...
* તળેલાં અને વધુ ગળ્યા પદાર્થો આંખોના સ્વાસ્થ્ય માટે ખૂબ જ નુકસાનકારક છે.
* વધુ પડતાં ખારા, તીખા કે ક્ષારવાળા પદાર્થોનું સેવન કરવું નહીં.

બે દિવસની તેજીને બ્રેકઃ ટ્રમ્પ દ્વારા ચીન પર નવા ટેરિફની ચીમકીથી શૅરબજાર ફરી ગબડ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પહેલી નવેમ્બરથી ચીની માલ પર ૧૦૦ ટકા વધારાના ટેરિફની જાહેરાત બાદ આઇટી અને એફએમસીજી શેરોમાં વેચવાલી અને ગ્લોબલ માર્કેટમાં નબળા વલણને કારણે સોમવારે બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં ઘટાડો થયો હતો. સત્રના પાછલા ભાગમાં સેન્સેક્સ નીચા સ્તરેથી ૪૦૦ પોઇન્ટ જેવો પાછો ફર્યો હતો પરંતુ સુધારો ટકી શક્યો નહોતો અને અંતે બજાર નેગેટીવ ઝોનમાં ગબડ્યું હતું.

બે દિવસની તેજીને બ્રેક મારીને ત્રીસ શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ ૧૭૩.૭૭ પોઈન્ટ અથવા ૦.૨૧ ટકા ઘટીને ૮૨,૩૨૭.૦૫ પોઈન્ટ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૪૫૭.૬૮ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકાના ઘટાડા સાથે ૮૨,૦૪૩.૧૪ પોઈન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે પચાસ શેર ધરાવતો એનએસઈ બેન્ચમાર્ક નિફ્ટી ૫૮ પોઈન્ટ અથવા ૦.૨૩ ટકા ઘટીને ૨૫,૨૨૭.૩૫ પોઈન્ટની સપાટી પર બંધ થયો હતો. આ બેન્ચમાર્કના પચાસમાંથી ૩૦ શેરના ઘટાડા સામે ૧૯ સુધારો જોવા મળ્યો હતો.

સેન્સેક્સના શેરોમાં, ટાટા મોટર્સ, ઇન્ફોસિસ, હિન્દુસ્તાન યુનિલિવર, પાવર ગ્રીડ અને બીઇએલ ઘટાડામાં અગ્રણી રહ્યા હતા, જેમાં એક ટકાથી ૨.૭૦ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. વ્યાપક બજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૨૦ ટકા ઘટ્યો હતો, જ્યારે મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૧૦ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. એચસીએલ ટેક્નોલોજીએ ૩૦ સપ્ટેમ્બરના રોજ પૂરા થયેલા ક્વાર્ટરમાં રૂ. ૪,૨૩૫ કરોડનો સ્થિર ચોખ્ખો નફો નોંધાવ્યો, જે જૂન ક્વાર્ટરના રૂ. ૩,૮૪૩ કરોડની તુલનામાં ૧૦.૨ ટકાનો વધારો દર્શાવે છે. કંપનીની સંયુક્ત આવક ૧૦.૬ ટકા વધીને રૂ. ૩૧,૯૪૨ કરોડ થયો છે, જે એક વર્ષ અગાઉ રૂ. ૨૮,૮૬૨ કરોડ હતો.

ડેટા મેનેજમેન્ટ અને પ્રોસેસ ઓટોમેશનમાં મિશનક્રિટીકલ સોલ્યુશન્સ પ્રોવાઇડર ગ્લોબલ પ્લેટફોર્મ આધારિત સર્વિસ કંપની, ઇન્ટેન્સ ટેક્નોલોજીસ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરમાં ૧૫૩.૦૨ ટકાના વધારા સાથે રૂ. ૩૧૭.૦૭ ટકાનો ચોખ્ખો નફો, ૧૨.૫૧ ટકાના વધારા સાથે રૂ. ૩,૫૪૧.૪૪ લાખની કુલ આવક નોંધાવી છે. એબિટા ૭૫.૩૪ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૫૫૧.૪૭ લાખ નોંધાયો છે. પ્રાઇમરી માર્કેટમાં રૂબીકોન રિસર્ચનો આઇપીઓ છેલ્લા દિવસે ૧૦૩.૯૦ ગણો ભરાયો હતો.

ક્ષેત્રીય ધોરણે, આઇટી ઇન્ડેક્સમાં ૦.૮૦ ટકાનો ઘટાડો થયો હતો. ગ્લોબલ માર્કેટના પરિબળ ઉપરાંત એચસીએલ ટેકનોલોજીના ત્રિમાસિક પરિણામોની જાહેરાત અગાઉ રોકાણકારોએ સાવચેતીના માનસ વચ્ચે ખાસ કરીને આઇટી શેરોમાં વેચવાલી કરી હતી. જોકે, એચસીએલનો શેર મોટાભાગે ફ્લેટ રહ્યો હતો. પ્રાથમિક બજારમાં, ટાટા કેપિટલનો શેર મજબૂત શરૂઆત સાથે, તેના ઇશ્યૂ ભાવ કરતાં ૧.૨૩ ટકા ઉપર લિસ્ટ થયો અને તેના પહેલા ટ્રેડિંગ દિવસે ૧.૪૦ ટકા વધુ ભાવે બંધ થયો હતો.

ઉત્તર ભારતના ડાયગ્નોસ્ટિક્સ અને હેલ્થકેર સર્વિસીસ ક્ષેત્રની અગ્રણી કંપની ચંદન હેલ્થકેર લિમિટેડના ડિરેક્ટર બોર્ડે વ્યૂહાત્મક વિકાસના ભાગરૂપે ફુલી કન્વર્ટીબલ વોરંટના પ્રેફેન્શિયલ ઇશ્યૂ દ્વારા રૂ. ૧૦૪.૧૩ કરોડનું ભંડોળ એકત્ર કરવાની મંજૂરી આપી છે અને કંપનીએ એ સાથે જીના શીખો લાઇફકેર લિમિટેડ સાથે વિશિષ્ટ રાષ્ટ્રવ્યાપી ડાયગ્નોસ્ટિક ભાગીદારી જાહેર કરી છે. વોરંટનો ભાવ પ્રતિ એકમ રૂ. ૨૩૪ રહેશે. કેનેરા રેબેકો એસેટ મેનેજમેન્ટ કંપનીનો આઇપીઓ ત્રીજા અંતિમ દિવસ સુધીમાં ૯.૭૪ ગણો ભરાયો હતો.

રોકાણકારો વૈશ્વિક અને સ્થાનિક ટ્રિગર્સ પર નજર રાખી રહ્યા હોવાથી શેરબજારોમાં અઠવાડિયું ઉથલપાથલનો સામનો કરવો પડે તેવી ધારણા છે. અમેરિકા અને ચીન વચ્ચે ફરી શરૂ થયેલા ટેરિફ તણાવે વૈશ્વિક સેન્ટિમેન્ટને હચમચાવી નાખ્યું છે.

ભારતની અગ્રણી ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન ઉત્પાદક કંપનીઓમાંની એક, ફ્રેઝ્ન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે પોતાના પ્રકારનું પ્રથમ અને ખાસ કરીને પાલતુ પ્રાણીઓ માટે ભારતનું પ્રથમ જૈન ફંક્શનલ ફૂડ પ્રોડક્ટ સ્નેકી જૈન, ફ્લેગશિપ ફીઓસી બ્રાન્ડ હેઠળ વિકસાવ્યું છે.

કંપની જેનેરિક્સ, કોસ્મેટિક્સ, ન્યુટ્રાસ્યુટિકલ્સ, મોબિલિટી અને એનિમલ હેલ્થકેર પ્રોડક્ટ્સનો પોર્ટફોલિયો ધરાવે છે.

વોશિંગ્ટન અને બીજિંગ વચ્ચે નવા વેપાર તણાવને કારણે અમેરિકામાં સતત ફુગાવા અને ઊંચા વ્યાજ દરોનો ભય વધ્યો છે. ટ્રેઝરી યીલ્ડના ઉછાળા ઘણીવાર ભારત જેવા ઉભરતા બજારોમાંથી મૂડી ખેંચે છે, જેના કારણે ઇક્વિટી અને ચલણો બંને પર દબાણ આવે છે.

સોમવારે ભારતીય ઇક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી નીચા સ્તરે બંધ થયા હતા, જેમાં યુએસ અને ચીન વચ્ચેના વેપાર તણાવ વધવાથી બગડેલા સેન્ટિમેન્ટ વચ્ચે ખાસ કરીને આઇટી શેરોમાં વેચવાલી જોવા મળી હતી. બીજિંગ દ્વારા રેર અર્થ નિકાસ પર કડક નિયંત્રણો જાહેર થયા પછી અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ૧૦૦ ટકા ટેરિફ ઝીંકવાની ધમકીઓને કારણે વેચવાલી શરૂ થઈ ગઇ હતી.

સેન્સેક્સ પ્રારંભિક કામકામજમાં ૪૫૧.૮૨ પોઈન્ટ ઘટીને ૮૨,૦૪૯.૦૦ પર પહોંચ્યો હતો, તે બપોરે ૨:૪૫ વાગ્યે લગભગ ૪૦૦ પોઈન્ટ સુધરીને ૮૨,૩૮૧.૧૮ પર ટ્રેડ થઈ રહ્યો હતો. નિફ્ટી પણ પાછો ફર્યો અને તે મનોવૈજ્ઞાનિક રીતે મહત્વપૂર્ણ ૨૫,૨૫૦ના સ્તરથી ઉપર ટ્રેડ થઈ રહ્યો હતો. જોકે, છેવટે છેલ્લી ઘડીની વેચવાલીમાં તમામ સુધારો ધોવાઇ ગયો હતો. ટાટા કેપિટલના નિરસ લિસ્ટિંગ બાદ હવે રોકાણકારોની નજર આજે એલજી ઇલેક્ટ્રોનિક્સના લિસ્ટીંગ પર રહેશે.

તાજેતરમાં ઘણી કંપનીના નવા શેર ડિસ્કાઉન્ટમાં લિસ્ટેડ થયા હોવાથી ચિંતા પણ સર્જાઇ છે.

ઓમ ફ્રેઇટ ફોરવર્ડર્સના શેર પાછલા બુધવારે ઇશ્યૂ ભાવ સામે લગભગ ૪૦ ટકાના જોરદાર ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા છે. આ અગાઉ ગ્લોટીસના શેર પાછલા મંગળવારે તેના ઇશ્યુ ભાવ સામે ૩૫ ટકાના જોરદાર ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટ થયા હતા અને એ જ સાથે ફેબટેક ટેકનોલોજીસના શેર ઇશ્યૂ ભાવ સામે ૨.૬૮ ટકાના ડિસ્કાઇઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. જોકે, બુધવારે એડવાન્સ એગ્રોલાઇફના શેરમાં ઇશ્યુ ભાવ સામે ૧૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

દરમિયાન, એનએસઇ અને બીએસઇ દ્વારા ૨૨ સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલા પરિપત્રો મુજબ, દિવાળી નિમિત્તે મુહૂર્ત ટ્રેડિંગ સત્ર આ વર્ષે ૨૧ ઓક્ટોબરે યોજાશે. દિવાળી મુહૂર્ત ટ્રેડિંગ સત્ર બપોરે ૧:૪૫ વાગ્યાથી ૨:૪૫ વાગ્યાની વચ્ચે યોજાશે અને ટ્રેડ મોડિફિકેશનનો અંતિમ સમય બપોરે ૨:૫૫ વાગ્યાનો રહેશે. આ ઉપરાંત ઈક્વિટી, કોમોડિટી ડેરિવેટિવ્ઝ, કરન્સી ડેરિવેટિવ્ઝ, ઈક્વિટી ફ્યુચર્સ અને ઓપ્શન્સ અને સિક્યોરિટીઝ લેન્ડિંગ અને બોરોઈંગ જેવા વિવિધ સેગમેન્ટમાં એક જ સમય સ્લોટમાં ટ્રેડિંગ થશે.

રિઝર્વ બૅન્કના સંભવિત હસ્તક્ષેપે ડૉલર સામે રૂપિયામાં ચાર પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો તથા સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા નરમાઈના અન્ડરટોન છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૫૯.૨૦ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલે આજે ડૉલર સામે રૂપિયો આગલા બંધ સામે ચાર પૈસાના સુધારા સાથે ૮૮.૬૮ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૮.૭૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૮.૭૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૭૯ અને ઉપરમાં ૮૮.૫૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ચાર પૈસાના સુધારા સાથે ૮૮.૬૮ના મથાળે બંધ રહ્યો હતો.

તાજેતરમાં ચીને મહત્ત્વના ખનીજોની નિકાસ પર નિયંત્રણોની જાહેરાત કરતાં અમેરિકાએ ગત શુક્રવારે ચીનથી થતી આયાત સામે ૧૦૦ ટકા અતિરિક્ત ટૅરિફ લાદવાની ધમકી ઉચ્ચારતાં વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉર વકરે તેવી ભીતિ સપાટી પર આવતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જોવા મળ્યું હતું.

વધુમાં અમેરિકી ગવર્મેન્ટ શટડાઉનને કારણે આર્થિક ડેટાઓની જાહેરાત અટકતાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ પણ સેવાઈ રહ્યો હોવાથી એકંદરે બજારમાં સાવચેતીનું વલણ જોવા મળ્યું હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૧૩ ટકા વધીને ૯૯.૧૦ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૯૦ ટકા વધીને બેરલદીઠ ૬૩.૯૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૭૩.૭૭ પૉઈન્ટનો અને ૫૮ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. તેમ છતાં સંભવિતપણે રિઝર્વ બૅન્કે હાજર બજારમાં હસ્તક્ષેપ કરતાં રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વર્ષ ૨૦૨૪-૨૫ની મોસમમાં ૭.૭૫ લાખ ટન ખાંડની નિકાસઃઆઈસ્ટા

નવી દિલ્હીઃ ગત સપ્ટેમ્બરનાં અંતે પૂરી થયેલી ખાંડ મોસમ ૨૦૨૪-૨૫માં દેશમાંથી ૭.૭૫ લાખ ટન ખાંડની નિકાસ થઈ હોવાનું અગ્રણી સંગઠન ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશન (આઈસ્ટા)એ એક યાદીમાં જણાવવાની સાથે વર્તમાન મોસમ ૨૦૨૫-૨૬ માટેની ખાંડની નિકાસનો ક્વૉટા વહેલાસર જાહેર કરવા માટે સરકારને અનુરોધ કર્યો છે. ખાંડની માર્કેટિંગ મોસમની શરૂઆત પહેલી ઑક્ટોબરથી શરૂ થતી હોય છે અને ૩૦મી સપ્ટેમ્બરના રોજ પૂર્ણ થતી હોય છે. ગત માર્કેટિંગ મોસમમાં સરકારે ૨૦મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સરકારે કુલ ૧૦ લાખ ટન ખાંડની નિકાસ માટે મંજૂરી આપી હતી. એસોસિયેશનનાં જણાવ્યાનુસાર સરકારે ગત મોસમ માટેનાં નિકાસનાં ક્વૉટાની જાન્યુઆરીનાં મધ્ય પછી જાહેરાત કરી હોવાથી ગત સાલના ફેબ્રુઆરીથી સપ્ટેમ્બરના અંત સુધીમાં ખાંડ મિલોએ કુલ ૭.૭૫ લાખ ટન ખાંડની નિકાસ કરી હતી, જેમાંથી ૬.૧૩ લાખ ટન સફેદ ખાંડની, ૧.૦૪ લાખ ટન રિફાઈન્ડ ખાંડની અને ૩૩,૩૩૮ ટન રૉ અથવા તો કાચી ખાંડની નિકાસ કરી છે. તેમ જ અંદાજે ૨૧,૦૦૦ ટન કાચી ખાંડ એસઈઝેડની રિફાઈનરીઓમાં ડિલિવરી કરવામાં આવી છે જેની ગણનાં નિકાસમાં કરવામાં આવી છે. વધુમાં એસોસિયેશનના જણાવ્યાનુસાર ગત મોસમમાં થયેલી કુલ નિકાસ પૈકી સૌથી વધુ ૧.૪૬ લાખ ટન ખાંડ ડિજિબુટી ખાતે કરવામાં આવી છે, ત્યાર બાદ અનુક્રમે ૧.૩૫ લાખ ટન સોમાલિયા ખાતે, ૧.૩૪ લાખ ટન શ્રીલંકા ખાતે અને ૭૫,૫૩૩ ટન ખાંડની નિકાસ અફઘાનિસ્તાન ખાતે કરવામાં આવી છે.

નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૪-૨૫ની મોસમ માટે આઈસ્ટાએ આઠ લાખ ટન ખાંડની નિકાસનો પ્રાથમિક અંદાજ મૂક્યો હતો તેની સરખામણીમાં ગત ફેબ્રુઆરીથી સપ્ટેમ્બર દરમિયાન લક્ષ્યાંકની લગોલગ ૭.૭૫ લાખ ટન ખાંડની નિકાસ થઈ છે. ગત પહેલી ઑક્ટોબરથી વર્તમાન ખાંડ મોસમ ૨૦૨૫-૨૬નો આરંભ થઈ ચૂક્યો હોવાથી સરકારને ઓછામાં ઓછા નવેમ્બર મહિના સુધીમાં નિકાસ માટેના ક્વૉટાની જાહેરાત કરવા માટે સરકારને અનુરોધ કરવાની સાથે વર્તમાન મોસમ માટે પણ આગલી વર્ષ ૨૦૨૪-૨૫ની મોસમની જેમ નિકાસ ક્વૉટાની નીતિ અને મિલો સાથે ક્વૉટાનાં એક્સચેન્જની નીતિ જાળવી રાખવાનો સરકારને અનુરોધ કરવામાં આવ્યો હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

આ સપ્તાહે વેપાર વાટાઘાટ માટે ભારતીય પ્રતિનિધિમંડળ અમેરિકા જશે

નવી દિલ્હીઃ આ સપ્તાહે અમેરિકા સાથેનાં પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર અંગેની વાટાઘાટ માટે ભારતીય વરિષ્ઠ અધિકારીઓનું પ્રતિનિધિમંડળ અમેરિકાની મુલાકાત લેશે, એમ આજે એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું.

આ વર્ષે ગત ફેબ્રુઆરી મહિનામાં બન્ને દેશોનાં અગ્રણીઓએ પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર અંગેની વાટાઘાટો માટે અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો અને વર્ષ ૨૦૨૫ના ઑક્ટોબર-નવેમ્બર મહિના સુધીમાં કરારના પહેલા તબક્કાને અંતિમ ઑપ આપવાની યોજના રાખી હતી. જોકે, અત્યાર સુધીમાં વાટાઘાટોના પાંચ તબક્કા અથવા તો રાઉન્ડ થયા છે. તેમ જ આ સપ્તાહે ભારતીય ટીમ અમેરિકાની મુલાકાત લેનાર હોવાનું અધિકારીએ ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ગયા મહિને વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાનાં પ્રધાનનાં વડપણ હેઠળ અધિકારીઓએ વાટાઘાટ માટે ન્યૂ યોર્કની મુલાકાત લીધી હતી.

તેમ જ બેઠક પશ્ચાત્ ભારત અને અમેરિકાએ બન્ને દેશોને લાભકારી થાય તેવા દ્વિપક્ષીય કરાર માટે વાટાઘાટ ચાલુ રાખવાનો નિર્ણય લેવા સહમત થયા હતા. તેમ જ બન્ને પક્ષો તરફથી વેપારનાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. વાણિજ્ય પ્રધાનની આ મુલાકાત દરમિયાન યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (યુએસટીઆર) જેમિસન ગ્રીર અને ભારત ખાતેના અમેરિકી રાજદૂત સેરિગો ગોર સાથે બેઠક થઈ હતી.

અમેરિકાએ ભારતથી થતી આયાત સામે ૨૫ ટકા રેસિપ્રોકલ ટૅરિફ લાદવા ઉપરાંત ભારતની રશિયાથી થઈ રહેલી ક્રૂડ તેલની ખરીદીના વિરોધમાં ૨૫ ટકા અતિરિક્ત ટૅરિફ લાદવામાં આવી હોવાથી હાલ ભારતથી થતી આયાત સામે અમેરિકાએ કુલ ૫૦ ટકા ટૅરિફ લાદી હોવાથી આ વાટાઘાટો અત્યંત મહત્ત્વની છે. કરાર અંતર્ગત આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત અને અમેરિકા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર જે હાલ ૧૯૧ અબજ ડૉલરના સ્તરે છે તે વધારીને ૫૦૦ અબજ ડૉલર સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં છેલ્લાં ચાર વર્ષથી અમેરિકા ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર દેશ રહ્યો છે અને વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૩૧.૮૪ અબજ ડૉલર (૮૬.૫ અબજ ડૉલરની નિકાસ)નો દ્વિપક્ષીય વેપાર થયો હતો. તેમ જ ભારતની કુલ ૧૦.૭૩ ટકા મર્કન્ડાઈઝ ગૂડ્સની કુલ નિકાસમાં અમેરિકાનો હિસ્સો ૧૮ ટકા અને આયાતમાં ૬.૨૨ ટકા હિસ્સો રહ્યો હતો.

કોપરની અમુક વેરાઈટીઓ અને નિકલમાં ઘટ્યા મથાળેથી બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત સપ્તાહના અંતે કોપર સહિતની ધાતુઓમાં કડાકા બોલાઈ ગયા બાદ આજે સપ્તાહના આરંભે ખાસ કરીને કોપરમાં વૈશ્વિક બજારમાં પુરવઠાખેંચની ભાતિ વચ્ચે આજે લંડન ખાતે ઘટ્યા મથાળેથી ભાવમાં જોવા મળેલા સુધારાતરફી વલણ તેમ જ અન્ય ધાતુઓમાં પણ ધીમો સુધારો આવ્યાના અહેવાલ સાથે સ્થાનિકમાં પણ એકમાત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. પાંચના ઘટાડાને બાદ કરતાં કોપરની અન્ય વેરાઈટીઓના ભાવમાં કિલોદીઠ રૂ. પાંચથી ૧૬નો સુધારો આવ્યો હતો.

આ સિવાય નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીએ કિલોદીઠ રૂ. ૧૮ વધી આવ્યા હતા, જ્યારે બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકથી પાંચ વધી આવ્યા હતા. જોકે, આજે ટીન અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૬ અને રૂ. પાંચ તથા નિરસ માગે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે નિકલમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી નીકળેલી લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૮ વધીને રૂ. ૧૩૬૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ વધીને રૂ. ૧૦૧૫, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ વધીને રૂ. ૯૩૧, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૯૩૯, કોપર આર્મિચર તથા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૯૦૭ અને રૂ. ૬૪૦ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૨૬૭ અને રૂ. ૨૯૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ટીન અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતા ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૬ ઘટીને રૂ. ૩૨૬૦ તથા રૂ. પાંચ ઘટીને રૂ. ૮૪૦ તથા નિરસ માગે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૨૧૬ના મથાળે રહ્યા હતા. આ સિવાય બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૯૩ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

મથકો પાછળ ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ મર્યાદિત રહેતાં તાજેતરમાં મથકો પર ટેન્ડરોમાં નરમાઈનું વલણ રહેતું હોવાના નિર્દેશો સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સપ્તાહના આરંભે હાજર ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે પણ ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની જળવાઈ રહેલી આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. વધુમાં એકંદરે માગ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૯૨થી ૪૦૫૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા અને નીચલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૩૬થી ૪૧૦૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ તેમ જ મથકો પરનાં નિરુત્સાહી નિર્દેશો સાથે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો જોવા મળ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૩૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૦થી ૩૯૭૦માં થયાના અહેવાલ હતા.

ઑગસ્ટમાં ચાનું ઉત્પાદન ઘટીને ૧૭.૦૧૨ કરોડ કિલોગ્રામઃ ટી બોર્ડ

નવી દિલ્હીઃ ગત ઑગસ્ટ મહિનામાં દેશમાં ચાનું ઉત્પાદન ઑગસ્ટ, ૨૦૨૪નાં ૧૮.૪૪૫ કરોડ કિલોગ્રામ સામે ઘટીને ૧૭.૦૧૨ કરોડ કિલોગ્રામની સપાટીએ રહ્યું હોવાનું ટી બૉર્ડે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

ટી બોર્ડની યાદીમાં જણાવ્યાનુસાર ગત ઑગસ્ટ મહિનામાં આસામનું ચાનું ઉત્પાદન ઑગસ્ટ, ૨૦૨૪નાં ૧૦.૪૪૬ કરોડ કિલોગ્રામ સામે સાધારણ ઘટાડા સાથે ૧૦.૩૫૨ કરોડ કિલોગ્રામના સ્તરે રહ્યું છે. તેમ જ પશ્ચિમ બંગાળનું ચાનું ઉત્પાદન પણ ઑગસ્ટ, ૨૦૨૪નાં ૫.૬૦૮ કરોડ કિલોગ્રામની સરખામણીમાં ઘટીને ૪.૫૯૦ કરોડ કિલોગ્રામની સપાટીએ રહેતાં આસામ અને પશ્ચિમ બંગાળ મળીને ઉત્તર ભારતનું કુલ ચાનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૧૬.૬૧૫ કરોડ કિલોગ્રામ સામે ઘટીને ૧૫.૩૯૯ કરોડ કિલોગ્રામના સ્તરે રહ્યું છે. વધુમાં ગત ઑગસ્ટ મહિનામાં દક્ષિણ ભારતમાં પણ ચાનું ઉત્પાદન ઑગસ્ટ, ૨૦૨૪નાં ૧.૮૩૦ કરોડ કિલોગ્રામ સામે ઘટીને ૧.૬૧૩ કરોડ કિલોગ્રામની સપાટીએ રહ્યું છે. તેમ જ વિવિધ કેટેગરી અથવા તો વેરાઈટી અનુસાર જોઈએ તો ઉત્તર ભારતમાં સીટીસી વેરાઈટીનું ઑગસ્ટ મહિનામાં ઉત્પાદન ઘટીને ૧૩.૫૫૯ કરોડ કિલોગ્રામ (૧૫.૦૭૬ કરોડ કિલોગ્રામ)ના સ્તરે રહ્યું છે, જ્યારે ઓર્થોડોક્સ વેરાઈટીનું ઉત્પાદન ઑગસ્ટ, ૨૦૨૪નાં ૧.૫૮૧ કરોડ કિલોગ્રામ સામે વધીને ૧.૯૨૨ કરોડ કિલોગ્રામના સ્તરે રહ્યું હોવાનું ટી બૉર્ડે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૩માં યુથ ફેસ્ટિવલનો પ્રારંભ થયો છે. ત્રિદિવસીય ફેસ્ટિવલનું આ વર્ષે સિંદૂરોત્સવ યુવક મહોત્સવ નામ આપવામાં આવ્યું છે. ૩ દિવસ સુધી ચાલનારા આ મહોત્સવ દરમિયાન પાંચ જિલ્લાની અલગ અલગ કોલેજોના ૧૮૦૦થી વધુ વિદ્યાર્થી અલગ અલગ સ્પર્ધામાં પર્ફોર્મન્સ આપશે. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

૧૭૨થી વધુ પક્ષી નિરીક્ષકોએ કચ્છમાં દુર્લભ રુફસ-ટેઈલ્ડ રોક થ્રશ સહિત ૨૫૩ પ્રજાતિના પ્રવાસી પક્ષી નોંધ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મધ્ય અને પૂર્વ એશિયાથી આફ્રિકા તરફની ત્રણ હજાર કિલોમીટરની લાંબી ઉડાન ભરતા અગાઉ બે ઘડી આરામ ફરમાવવા માટે કચ્છના મહેમાન બનતાં વિવિધ પ્રજાતિઓના રૂપકડાં પ્રવાસી પક્ષીઓની સંખ્યામાં વધારો થવાનું આ વર્ષે યોજાયેલા ચોથા પેસેજ માઈગ્રન્ટ કાઉન્ટમાં રસપ્રદ અને વૈજ્ઞાનિક પૃથક્કરણ માંગી લે તેવું તારણ બહાર આવ્યું છે. આ અંગે પક્ષી ગણતરીના સંયોજક ઉદયભાઈ વોરાએ જણાવ્યું હતું કે, ગત વર્ષ ૨૦૨૪માં ૨૩૬ સામે આ વર્ષે પક્ષી નિરીક્ષકોએ પેસેજ માઈગ્રન્ટ પક્ષીઓની ૨૫૩ જેટલી પ્રજાતિઓનું દસ્તાવેજીકરણ કર્યું છે જે તેમની વિવિધતામાં નોંધપાત્ર વધારો દર્શાવે છે. મુખ્ય આઠ પક્ષીઓની પ્રજાતિમાં કાશ્મિરી નીલકંઠ, લાલપીઠ લટોરો, લાલપૂંછ લટોરો, મોટો પતરંગો, કૂહુ કંઠ, દિવાળી મચ્છીમાર, નાચણ તીદ્દો અને મોટો શ્વેતકંઠ જે મધ્ય અને પૂર્વ એશિયાથી આફ્રિકા સુધીની તેમની સ્થળાંતર યાત્રા દરમિયાન કચ્છનો ઉપયોગ સ્ટોપઓવર એટલે કે આરામ ફરમાવવા તરીકે કરે છે. તેનું કારણ એ છે કે, કચ્છમાંથી ઉડાન ભર્યા બાદ આફ્રિકા સુધી સમુદ્ર માર્ગ આવતો હોઈ, આ પક્ષીઓને આરામ કરવા માટે એકપણ જગ્યા મળતી નથી. આ પ્રવાસી પક્ષીઓ ઓગસ્ટ અને ઓક્ટોબર વચ્ચેના સમયગાળા દરમ્યાન કચ્છમાં આરામ કરે છે. આ વર્ષના બર્ડ કન્ઝર્વેશન સોસાયટી ગુજરાત અને બર્ડ કાઉન્ટ ઇન્ડિયા દ્વારા વનવિભાગના સહયોગ સાથે હાથ ધરવામાં આવેલા પેસેજ કાઉન્ટમાં દેશના ૧૬ રાજ્યોના ૧૭૨થી વધુ પક્ષીશાસ્ત્રીઓ અને નિરીક્ષકોએ ભાગ લીધો હતો, જેમાં ૫૧ સર્વે ઝોનમાં અવલોકનો નોંધવામાં આવ્યા હતા. કચ્છમાં વર્ષાઋતુ બાદ ઘાસના મેદાનો અને ભીના મેદાનો આ આઠ પ્રજાતિઓને પુષ્કળ ખોરાક પૂરો પાડે છે. ■

રાજકોટની જીવાદોરી સમાન આજી-૧ ડેમ ઓવરફ્લો થતા બંધ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની જીવાદોરી સમાન આજી-૧ ડેમ હવે ઓવરફ્લો થતા બંધ થયો હતો. આ ડેમ થોડા સમય પહેલા જ ઓવરફ્લો થયો હતો. અત્યારે આજી-૧ ડેમ પૂર્ણ સપાટીએ ભરાયો હોવાનું પણ જાણવા મળ્યું છે. સિંચાઈ વિભાગે ડેમ હેઠવાસનાં ચાર ગામને ચેતવણી જાહેર કરી દીધી હતી. આજી-૧ ડેમ હાલ પૂર્ણ સપાટી ૧૪૭.૫૨ મીટર સુધી ભરાયેલો હોવાનું જાણવા મળ્યું હતું. જો કે, હવે વરસાદી પાણીની આવક ઘટતા ડેમનું સ્તર સામાન્ય છે. આજી-૧ ડેમ પૂર્ણ ભરાયો હોવાથી બેડી, મનહરપુર, રાજકોટ અને રોણકી થોરાળા ગામને સાવચેત રહેવા ચેતવણી આપવામાં આવી હતી. આજી-૧ ડેમમાં હાલ પાણીની આવક-જાવક શૂન્ય છે. ■

મોરબીના માળિયા તાલુકાના વિભાજનનો વિરોધઃ કલેક્ટરને આવેદનપત્ર આપી હેડક્વાર્ટર યથાવત્ રાખવા માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી જિલ્લામાં માળિયા મિયાણા તાલુકાના સંભવિત વિભાજન સામે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. માળિયા મિયાણા તાલુકા હિત રક્ષક સમિતિની આગેવાની હેઠળ કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. સમિતિએ માળિયા તાલુકો અને તેનું હેડક્વાર્ટર યથાવત્ રાખવાની માગ કરી છે.

આ આવેદનપત્ર સુપરત કરવા માટે માળિયા મિયાણા તાલુકા હિત રક્ષક સમિતિના આમીન ભટ્ટી અને ઈકબાલભાઈ, માળિયા રાજવી પરિવારના સભ્ય પૃથ્વીરાજસિંહ જાડેજા, મુસ્લિમ સમાજના ધર્મગુરુ અને વિવિધ ગામોના આગેવાનો મોટી સંખ્યામાં કલેક્ટર કચેરી ખાતે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ માળિયા મિયાણા તાલુકાના ૪૬ ગામોમાંથી આશરે ૨૮ ગામોને જેતપર અને ૧૮ ગામોને પીપળીયા ચાર રસ્તા ખાતેના નવા તાલુકાઓમાં સામેલ કરવાની કવાયતનો વિરોધ કર્યો હતો.

આગેવાનોએ જણાવ્યું હતું કે, આ નિર્ણયથી માળિયા (મિયાણા) તાલુકાનું અસ્તિત્વ સમાપ્ત થઈ જશે. તેમણે ઉમેર્યું હતું કે માળિયા (મિયાણા) બ્રિટિશ શાસન સમયનું રજવાડું હતું અને સૌરાષ્ટ્રનું ઐતિહાસિક તથા સાંસ્કૃતિક કેન્દ્ર છે. જો માળિયાનું હેડક્વાર્ટર બદલવામાં આવે તો તેની વિરાસત અને ઓળખ જોખમાશે. વિભાજનથી સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડશે તેવી દલીલ પણ કરવામાં આવી હતી.

આવેદનપત્ર આપવા આવેલા લોકોએ સ્પષ્ટ કર્યું હતું કે, સરકાર દ્વારા નવા તાલુકા બનાવવામાં આવે તેની સામે તેમને કોઈ વાંધો નથી. જોકે, માળિયા તાલુકો રજવાડાના સમયથી અસ્તિત્વમાં છે અને તેનું હેડક્વાર્ટર માળિયા જ હતું. તેથી, માળિયા તાલુકો અને તેનું હેડક્વાર્ટર યથાવત રાખીને મોરબી જિલ્લામાં અન્ય નવા તાલુકા બનાવવામાં આવે તો તેમને કોઈ વાંધો નથી.

વધુમાં, રજૂઆતકર્તાઓએ જણાવ્યું હતું કે, સરકારે માળિયામાં અંદાજે રૂ. ૩.૨૨ કરોડના ખર્ચે બનાવેલી તાલુકા કક્ષાની કચેરીઓની મિલકતો વિભાજનના કિસ્સામાં નિરર્થક બની જશે. સમિતિએ ચીમકી ઉચ્ચારી હતી કે જો માળિયાનું અસ્તિત્વ સમાપ્ત કરવાનો નિર્ણય લેવાશે, તો ગામથી લઈને ગાંધીનગર સુધી અને હાઈ કોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી કાનૂની લડત લડવા માટે માળિયાના લોકો તૈયાર છે. ■

ધ્રાંગધ્રામાં અંગત અદાવતમાં મિત્રએ મિત્રને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ધ્રાંગધ્રા શહેરમાં અંગત અદાવતમાં એક મિત્રએ બીજા મિત્રની છરીના ઘા ઝીંકી હત્યા કરતા ચકચાર મચી ગઈ હતી. શહેરના મોચીવાડ વિસ્તારમાં રહેતા ૨૭ વર્ષીય શાહરુખભાઈ મોવરની તેમના જ મિત્ર આરીફ રસુલભાઈએ ધોરીધાર વિસ્તારમાં હત્યા કરી હતી. પ્રાથમિક માહિતી અનુસાર, શાહરુખભાઈ અને આરીફ રસુલભાઈ વચ્ચે ધોરીધાર વિસ્તારમાં કોઈ બાબતે માથાકૂટ થઈ હતી.

આ માથાકૂટ ઉગ્ર બનતા આરીફ રસુલભાઈએ શાહરુખભાઈ પર છરી વડે હુમલો કર્યો હતો, જેમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં શાહરુખભાઈને તાત્કાલિક ખાનગી હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ થતા ડીવાયએસપી જે.ડી. પુરોહિત સહિતનો પોલીસ કાફલો હોસ્પિટલ પહોંચ્યો હતો. પોલીસે મૃતકના પરિવારજનોના નિવેદનના આધારે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

જૂનાગઢ મનપાના જનરલ બોર્ડમાં હોબાળો, આર્થિક ગેરરીતિઓના વિપક્ષના આક્ષેપો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ અનેક મુદ્દાઓ આર્થિક ગેરરીતિઓના આક્ષેપો અને લોકપ્રશ્નોના કારણે ભારે હંગામા સાથે યોજાયું હતું. વિપક્ષી સભ્યોએ લગભગ ત્રણ કલાક સુધી શાસક પક્ષ અને કમિશનર સામે વિવિધ પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો. બોર્ડમાં એક તરફ શાસક પક્ષ દ્વારા નાગરિકોને ૪૫ દિવસની વ્યાજ માફીની જાહેરાત કરવામાં આવી, તો બીજી તરફ વિપક્ષે રૂ. સાત કરોડના જીઆઈપીએલ કોન્ટ્રાક્ટ, પ્રમોશનમાં વિલંબ, ઝૂંપડપટ્ટીના દસ્તાવેજો અને બિસ્માર રસ્તાઓ પર ઉગ્ર રજૂઆતો કરી હતી.

વિરોધ પક્ષ દ્વારા કુલ ૧૪ પ્રશ્નો અને ૧૮ થી ૧૯ જેટલી દરખાસ્તો મૂકીને સત્તાધીશોને ઘેરવામાં આવ્યા હતા. વિપક્ષે આક્ષેપ કર્યો હતો કે, મનપા જનતાને કોઈ સુવિધા આપી શકતી નથી, તેથી વેરો લેવાનો કોઈ અધિકાર નથી. તેમણે હાલ બિસ્માર હાલતમાં રહેલા રસ્તાઓ, રખડતા ઢોર અને તેના ઘાસચારા મામલે ઉગ્ર રજૂઆત કરી હતી. તેમણે કહ્યું કે, સત્તાધીશો પોતાની સુવિધા માટે લાખો રૂપિયાની ગાડીઓ તત્કાલ મંજૂર કરે છે, જેમ કે દંડકને ગાડીની સુવિધા અપાઈ છે, જ્યારે લોકોની સુવિધાની વાત આવે ત્યારે ગોળ ગોળ જવાબ આપી દેવામાં આવે છે.

વિપક્ષે માગ કરી કે કર્મચારીઓના પ્રમોશન માટે લીગલ અભિપ્રાયના બહાને નિર્ણય પેન્ડિંગ ન રખાય અને તાત્કાલિક મંજૂરી આપવી જોઈએ. આ અંગે કમિશ્નરે વિસંગતતાઓ ટાળવા માટે કાયદેસરનો અભિપ્રાય લેવો અનિવાર્ય હોવાની સ્પષ્ટતા કરી. જોકે, વિપક્ષે ભૂતકાળમાં ટોલીયા ભાઈને આવી જ રીતે પ્રમોશન અપાયાનો આક્ષેપ કરીને વિવાદને હવા આપી હતી.વિપક્ષે સખી મંડળની સફાઈ કર્મચારીઓની માગણીઓ પૂરી કરવાની માગ કરી હતી.

મનપાના ડિજિટલાઇઝેશનના ₹સાત કરોડના જીઆઈપીએલ કોન્ટ્રાક્ટ પર સૌથી વધુ ઉગ્ર ચર્ચા થઈ હતી. જેમાં વિપક્ષે સવાલ ઉઠાવ્યો હતો કે કયા સરકારી ઠરાવને આધારે જીઆઈપીએલ જેવી સરકારી કંપનીને નોમિનેશન બેઝ પર આટલો મોટો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. વિપક્ષે આક્ષેપ કર્યો હતો કે ૨૦૧૨ના સરકારના ઠરાવ ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે. વિપક્ષે તળાવ બ્યૂટીફિકેશનના બીલ પણ માગ્યા હતા, જે આપવામાં ન આવ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો.■

રાજકોટમાં સ્પાની આડમાં દેહવ્યાપારનો પર્દાફાશ, સંચાલક સહિત બે ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરના માલવિયા ચોક સ્થિત પ્રમુખ સ્વામી આર્કેડમાં આવેલ 'હાઈ ડ્રિમ વેલનેસ' સ્પામાં પોલીસે દેહવ્યાપારનો ખુલાસો કરીને સંચાલક અને ટેલિકોલરની ધરપકડ કરી હતી. એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે ડમી ગ્રાહક મોકલી દરોડો પાડીને ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને ગુજરાતની આઠ યુવતીઓને મુક્ત કરાવી હતી.

પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, સ્પામાં ગ્રાહકો પાસેથી ૨,૫૦૦ થી ૫,૦૦૦ રૂપિયા લેવામાં આવતાં અને યુવતીઓને ૧,૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવતાં. દરોડામાં રોકડ રકમ, ત્રણ મોબાઇલ ફોન સહિત ૨૨ હજાર રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. છેલ્લા સાડા ત્રણ મહિનામાં રાજકોટ શહેરમાં આ પ્રકારની ૧૩મી ઘટના સામે આવી છે, જે દર્શાવે છે કે સંચાલકોને પોલીસની કાર્યવાહીનો ખાસ ખૌફ રહ્યો નથી.

એ ડિવિઝન પોલીસે સ્પાના સંચાલક જેન્તી વાઘેલા અને કર્મચારી પરિથીવી રામસિંહની અટકાયત કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ સ્વીકાર્યું હતું કે, તે છેલ્લા ત્રણ વરસથી સ્પા ચલાવતો હતો અને અલગ અલગ રાજ્યોની મહિલાઓ પાસેથી દેહવ્યાપાર કરાવતો હતો. પોલીસે 'ધ ઈમોરલ ટ્રાફિકિંગ પ્રિવેન્શન એક્ટ' હેઠળ ગુનો નોંધ્યો અને બન્ને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી ચાલુ શરૂ કરી હતી.■

ભાવનગરમાં મોબાઈલમાં વીડિયો જોતી પરિણીતાને અવાજ ઓછો કરવાનું કહેતા ગળેફાંસો ખાઈ આપઘાત

ભાવનગરઃ શહેરમાં રહેતી પરિણીતા પોતાના મોબાઇલ ફોનમાં કોઈ કોમેડી વીડિયો જોઈ રહી હતી ત્યારે મોબાઇલનો અવાજ ઓછો કરવાનું કહેતા તેને માંઠુ લાગી જતાં ચુંદડી વડે ફાંસો ખાઈ આપઘાત વહોરી લીધો હતો.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેરના સરિતા સોસાયટી, શેરી નંબર ૧૧માં રહેતી જયશ્રીબહેન ગોપાલભાઈ ચૌહાણ ઉં.વ.૨૫ પોતાના મોબાઈલ ફોનમાં કોઈ કોમેડી વીડિયો જોઈ રહી હતી ત્યારે તેને મોબાઈલનો અવાજ ઓછો કરવાનું કહેતા જે વાતનું જયશ્રી બેને માંઠુ લાગી જતા ચુંદડી વડે ફાંસો ખાઈ લેતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાતા તેનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં બોરતળાવ પોલીસે દોડી જઈ જયશ્રીબહેનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી ગોપાલભાઈ ભુપતભાઈ ચૌહાણે આપેલા નિવેદનના આધારે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી બનાવની વધુ વિગત હાથ ધરી હતી. સામાન્ય બાબતે પરિણિતાએ ભરેલા અંતિમ પગલાથી પરિવારજનોમાં શોક છવાયો હતો. ■

કચ્છના ભચાઉ અને આદિપુરમાં બે યુવાનનો ગળેફાંસો ખાઈને આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના આધોઈ ગામે રહેનાર પરેશ બાબુ ગાંગસ (ઉં.વ.૨૮) નામના યુવાને ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો, જ્યારે આદિપુરમાં અગાઉ ફાંસો લગાવીને આત્મહત્યાનો પ્રયાસ કરનારા રાજેશ આણદા વાળંદ (ઉં.વ. ૪૨)એ સારવાર દરમ્યાન દમ તોડી દીધો હતો.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, ભચાઉના આધોઈ સેક્ટર-બે વિસ્તારમાં રહેનાર પરેશ ગાંગસ નામના યુવકે સમાજની વાડીએ ચાલુ લગ્નપ્રસંગ વચ્ચે 'હું કામથી ઘરે જાઉં છું' તેમ કહીને પોતાના ઘરે આવ્યો હતો. બાદમાં અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો. મોડેથી ઘરે આવેલા પરિવારજનોને આ હતભાગી લટકતી હાલતમાં મળી આવ્યો હતો. બનાવનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે. વધુ એક અપમૃત્યુનો બનાવ આદિપુરના સીબીએક્સ-સાતવાળી વિસ્તારમાં બન્યો હતો. અહીં રહેનાર રાજેશ વાળંદ નામના યુવકે થોડા સમય અગાઉ પોતાના ઘરે છતના હૂકમાં સાડી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. તેને પ્રથમ સ્થાનિકે બાદમાં વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલમાં લઈ જવાયો હતો, જ્યાં સારવાર કારગત ન નીવડતાં તેણે છેલ્લા શ્વાસ લીધા હતા. ■

ધ્રોલમાં વિરોધ પ્રદર્શન, આમ આદમી પાર્ટીએ રેલી રોજી આવેદનપત્ર આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ધ્રોલમાં મગફળીના પાક સંબંધિત ખેડૂતોને થતા અન્યાય સામે આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં ધ્રોલના ત્રિકોણ બાગથી મામલતદાર કચેરી સુધી રેલી યોજી આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ રેલીમાં ધારાસભ્ય હેમંત ખવા સહિત આમ આદમી પાર્ટીના અનેક નેતાઓ અને આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય હેમંત ખવાએ ખેડૂતોના મુદ્દે સરકાર સમક્ષ રજૂઆત કરી હતી. બોટાદમાં બનેલી ઘટના બાદ ગુજરાતભરમાં આમ આદમી પાર્ટી દ્વારા 'ખેડૂત વિરોધી કાળો દિવસ' મનાવવામાં આવ્યો હતો. આ રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શનનો એક ભાગ ધ્રોલમાં પણ જોવા મળ્યો. આપ નેતાઓ અને કાર્યકરોએ કાળી પટ્ટી ધારણ કરીને શાંતિપૂર્ણ રીતે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. આ આવેદનપત્રમાં મુખ્યત્વે મગફળીની ટેકાના ભાવે ૩૦૦ મણથી વધુ ખરીદી કરવા અને વરસાદને કારણે કપાસ તથા મગફળીના પાકને થયેલા નુકસાનનું સર્વે કરીને ખેડૂતોને વળતર આપવા માટે માગ કરવામાં આવી હતી. ■

ભુજના સામત્રા ગામમાં ૬૦ વર્ષના પતિને બીજી પત્નીએ પૈસા ખાતર જીવતો સળગાવી, મોતને ઘાટ ઉતારી દીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજ તાલુકાના સામત્રા ગામમાં ત્રણ પુત્રોના પિતા એવા ૬૦ વર્ષના વિધુર સાથે લગ્ન કરનારી ૪૦ વર્ષીય કળિયુગી મહિલાએ પોતે ભુજમાં ખરીદેલા મકાનના રૂપિયા આપવાની ના પાડનારા પતિને જલદ પ્રવાહી વડે જીવતો સળગાવી મોતને ઘાટ ઉતારી દેતાં કચ્છ સહીત બૃહદ કચ્છમાં ભારે ચકચાર પ્રસરી જવા પામી હતી.

રાષ્ટ્રીય સ્તરે ચકચાર જગાવનારા આ બનાવ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, સામત્રા ગામમાં રહેનારા મૃતક ધનજીભાઈ ઉર્ફે ખીમજીભાઈ વિશ્રામભાઇ કેરાઈના ત્રણ પુત્રો પૈકી બે સિસલ્સ અને લંડનમાં સ્થાયી થયેલા છે, એક પુત્ર સામત્રા ગામમાં અલગ રહે છે. ધનજીભાઈના પત્ની લક્ષ્મીબેન કેરાઇનું આજથી ચારેક વર્ષ અગાઉ નિધન થઇ ચૂક્યું હોઈ, એકલતાથી કંટાળીને તેઓએ દોઢેક વર્ષ અગાઉ પોતાનાથી અડધી ઉંમરની મહેસાણાના હીરપુર ગામની કૈલાસ કનુસિંહ ચૌહાણ નામની ૪૦ વર્ષીય સ્વરૂપવાન મહિલા સાથે બીજા લગ્ન કર્યાં હતાં. આ મહિલાને પ્રથમ લગ્નમાં સંતાન પ્રાપ્તિ ન થતાં છૂટાછેડા લીધા હતા અને એક મેરેજ બ્યુરો મારફતે સામત્રા ગામના ધનજીભાઈ સાથે સંભવત પૈસા જોઈને બીજા લગ્ન કર્યા હતા.

ધનજીભાઈના ઘરમાં કંકુ પગલાં માંડતા જ તેણીએ સૌપ્રથમ મૃત પત્નીના અંદાજિત ૧૮ તોલા વજનના દાગીના પડાવી લીધા હતા. ધનજીભાઈ અવાર-નવાર તે દાગીના માગતા, પરંતુ તે ધરાર પરત ન આપીને માથાકૂટ કરતી રહેતી હતી. આ વચ્ચે તેણીએ અલગ રહેવા માટે પતિને પૂછ્યા વિના ભુજમાં એક મકાન ખરીદ્યુ હતું, જેના રૂપિયા ભરવા માટે પણ અવાર-નવાર મૃતક સાથે ઝઘડો કરી, પતિને જાનથી મારી નાખવાની ધમકી આપીને માનસિક ત્રાસ આપ્યા કરતી હતી. બીજી પત્નીના અમાનુષી ત્રાસ અંગે ધનજીભાઈએ પુત્રો અને સમાજના લોકોને પણ જાણકારી આપી હતી. આ દરમ્યાન ગત તા. ૧૧-૧૦ની મોડી સાંજના અરસામાં તેણીએ ભુજમાં ખરીદેલા મકાનના રૂપિયા ધનજીભાઈ પાસે માગ્યા હતા. જેની તેમણે ચોખ્ખી ના પાડી દેતાં ગિન્નાયેલી પત્નીએ ધનજીભાઈનો હાથ પકડી, ઘરના આંગણામાં આવેલા ગેરેજમાં ઢસડીને લઈ ગઈ હતી અને કહ્યું કે, 'રૂપિયા નહીં આપે તો જીવતો નહીં મૂકું' અને ગેરેજમાં રાખેલી એક કેરોસીન ભરેલી બોટલને પતિ પર છાંટી, દીવાસળી ચાંપી ધનજીભાઈને જીવતા સળગાવી દઈને પોતે ગેરેજમાંથી બહાર નીકળી ગઈ હતી અને ગેરેજના દરવાજાને તાળું મારીને બંધ કરી દીધો હતો. ભડભડ સળગતા ધનજીભાઈની મરણચીસો સાંભળીને આસપાસના લોકો અને પાડોશમાં રહેતા તેમના પુત્રએ દોડી આવીને દરવાજાને તોડ્યો હતો અને સળગતા ધનજીભાઈ પર કપડું નાખી, આગ ઓલવીને ત્વરિત સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં લઈ આવ્યા હતા.

માનકુવા પોલીસને ગંભીર રીતે દાઝેલી હાલતમાં ધનજીભાઈ કેરાઈએ આપેલા નિવેદનમાં પત્ની સામે નોંધાવેલી ફરિયાદના આધારે પ્રથમ હત્યાના પ્રયાસ સબબની કલમો તળે ગુનો નોંધાયો હતો. આ દરમ્યાન ગત રવિવારની મોડી સાંજના અરસામાં સારવાર દરમ્યાન ધનજીભાઈએ હૉસ્પિટલના બિછાને દમ તોડી દેતાં આ બનાવ હત્યામાં પલટાતાં આરોપી કૈલાસબેનની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ■

કચ્છના સામખિયાળી ટોલ પ્લાઝા પાસે રૂ. ૬.૧૪ લાખના શરાબના જથ્થા સાથે કારચાલકની અટક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ નશાખોરીનું જાણે હબ બની રહ્યું હોય તેમ લગભગ દરરોજ ડ્રગ્સ, શરાબ જેવા માદક પદાર્થો ઝડપાતા જ રહે છે તેવામાં ભચાઉ તાબેના સામખિયાળી ટોલ પ્લાઝા નજીક પસાર થતી એક કારમાંથી પોલીસે રૂ. ૬,૧૪,૪૦૦ના શરાબના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ગાંધીધામ તરફથી આવતી એક કારમાં માદક પીણું હોવાની પૂર્વ બાતમીના આધારે પોલીસે સામખિયાળી ટોલ પ્લાઝા ઉપર વોચ ગોઠવી હતી, તેવામાં બાતમી મુજબની મહિન્દ્રા એક્સયુવી કાર આવતાં તેને રોકાવી, તલાશી લેવામાં આવી હતી જેમાં ડિક્કીમાંથી રૂ. ૬,૧૪,૪૦૦ના મૂલ્યની શરાબની પેટીઓ મળી આવતાં કાર ચાલક એવા પ્રેમ પ્રકાશ ગિરધારીરામ જાટ (ભાંભુ)ની ધરપકડ કરી લેવામાં આવી હતી. રાજસ્થાનના ગણેશ ચેતનરામ મેઘવાળે આ શરાબના જથ્થાને જામનગર પહોંચાડવા માટે આપ્યો હોવાનું પૂછપરછમાં જણાવ્યું હતું.■

ગોડાઉનમાંથી રૂ.૧૦.૨૮ લાખના ચોખા અને વરિયાળીના જથ્થાની ચોરી

ભુજઃ મુંદરા તાલુકાના ઝરપરા ખાતેના એક વેરહાઉસમાંથી વીતેલા પાંચ મહિના દરમ્યાન રૂ. ૧૦,૨૮,૯૨૦ના મૂલ્યના ચોખા અને વરિયાળીના જથ્થાની ચોરી ધ્યાને આવતાં ફરિયાદ નોંધાઈ હતી.

મુંદરા પોલીસ મથકે દક્ષ શિપિંગ કંપનીના ભગીરથસિંહ જાડેજાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર ઝરપરામાં આવેલા અંબાજી વેરહાઉસ ફેઝ-૧ના પ્લોટ નંબર છમાંથી કોઇ અજાણ્યા શખ્સો દ્વારા નિકાસ કરવા માટે રાખેલા અલગ-અલગ પેઢીઓના ચોખા અને વરિયાળીના જથ્થામાંથી ૧૨,૮૨૯ કિલો ચોખા કિં. રૂ. ૯,૧૨,૩૨૦ અને ૧૧૦૦ કિલો વરિયાળી કિં. રૂ.૧,૬૬,૬૦૦ સહિત કુલ રૂ.૧૦,૨૮,૯૨૦ના માલની ૧લી મેથી આજ દિન સુધીમાં તસ્કરી થઇ હોવાનું ધ્યાને આવ્યું હતું. આ સમગ્ર મામલામાં કોઈ જાણભેદુનો હાથ હોવાની આશંકાના પગલે પોલીસે ચોરીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. ■

નખત્રાણાના વિથોણની બૅન્ક ઓફ બરોડાની શાખામાંથી અનેક ખાતેદારોના નાણાં બારોબાર ઉપડી ગયાની ફરિયાદથી ચકચાર

ભુજઃ સરહદી કચ્છના બારડોલી કહેવાતા નખત્રાણા પંથકના વિથોણ ગામ મધ્યે આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં ૨૦થી વધારે ખાતેદારોની જાણ બહાર તેમના ખાતાંમાંથી લાખો રૂપિયા બારોબાર ઉપાડી લેવાયા હોવા અંગેની રાવ ઊઠી છે. આ બેંકમાંથી બરોબર જમા પુંજી ઉપડી જવા બાબતે ચાવડકા, ભડલી, થરાવડા અને અન્ય ગામના ખાતેદારો આક્રોશ વ્યક્ત કર્યો છે અને સાયબર ક્રાઇમ સમક્ષ ફરિયાદ કરી છે. રૂપિયા ઉપડી જવા બાબતે પ્રવીણસિંહ દાનસંગજી, નરપતસિંહ વાઘજી, મહેન્દ્રસિંહ સહિતનાઓએ બૅન્કને તપાસ કરવા ખાસ ભલામણી કરી હોવાનું અને ન્યાય ન મળે તો તમામ ખાતેદારો પોતપોતાના ખાતા બંધ કરાવશે તેવી ચીમકી આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. ■